૧૯૩૨ ની મેટ્રિક્યુલેશનની પરીક્ષા માટે

મુંબાઈની વિદ્યાપીઠે મંજૂર કરેલો

પદ્યસંગ્રહ

: સંપાદક :

ચન્દ્રવદન ચૂનીલાલ શાહ

૧૯૩૨ની મેટ્રિક્યુલેશનની પરીક્ષા માટે
મુંબાઈની વિદ્યાપીઠે મંજૂર કરેલો

પદ્યસંગ્રહ

: સંપાદક :

ચન્દ્રવદન ચૂનીલાલ શાહ
એમ. એ., બી. ટી., એલએલ. બી.
ધ સાર્વજનિક એડ્યુકેશન સોસાયેટીના આજીવન સ્વયંસેવક,
ને 'સાહિત્યમુકુર'ના સંપાદક.

સોલ એજન્ટ્સ:
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, સૂરત.

ઈ. સ. ૧૯૩૧ મૂલ્ય : બાર આના.

: પ્રકાશક :

ચન્દ્રવદન શાહ

દેસાઇ પોળ

: સૂ • ર • ત :

ગ્રંથસ્વામિત્વના

સર્વહક સ્વાધીન

: મુ • દ્ર • ક :

વજેરામ

માનસિંહ

"સૂરત સિટિ"

: પ્રિ. પ્રેસ, સૂરત :

નિવેદન

આ સંગ્રહ વિદ્યાર્થીવર્ગ સમક્ષ રજૂ કરતાં એક જ વાતનું નિવેદન કરવાની જરૂર છે. લાંબા ટિપ્પણો સાથેના સંગ્રહો વિદ્યાર્થીઓની અભ્યાસવૃત્તિ શિથિલ બનાવી દેનારા અને કેટલીક વાર ખોટે રસ્તે દોરવનારા હોય છે. એનો પાક વર્ષપ્રતિવર્ષ વધતો જ જાય છે. એનાથી થતું નુકસાન અટકે અને છતાં વિદ્યાર્થીઓનો સ્વતંત્ર અભ્યાસ સરળ થાય એવા હેતુથી મેં ટૂંકું ટિપ્પણ અને કઠણ શબ્દોના અર્થો આ સંગ્રહ સાથે જોડ્યા છે. આ ટિપ્પણમાં આપેલી સમજૂતી સૌ કોઈએ સ્વીકારવી જ જોઈએ એવો આગ્રહ હું કરી શકું નહીં. છતાં એ માર્ગસૂચક નીવડશે અને ખંતીલા અભ્યાસીને બીજા ટિપ્પણોની જરૂર નહીં રહે એવી મારી ખાતરી છે.

આ સંગ્રહમાંનાં કાવ્યો ગૂજરાતી સાહિત્યના સર્વ યુગોના પ્રતિનિધિત્વવાળાં છે—તદ્દન આધુનિક કાવ્યોનો ય એમાં સમાવેશ થયો છે. આ સંગ્રહની શરૂઆતમાં છાપેલા નિબંધથી કે એમાંનાં કાવ્યોના અભ્યાસથી ગૂજરાતી સાહિત્યનો વધુ અભ્યાસ કરવાની કુતૂહલવૃત્તિ જો થોડાક વિદ્યાર્થીઓમાં ય જાગૃત થશે તો મારો પ્રયાસ સફળ થયો લેખાશે.

આ પુસ્તક તૈયાર કરવામાં મારા મિત્ર રા. જયંતિલાલ મહેતાએ અને મારા સહશિક્ષકબંધુ રા. નૃસિંહગિરિ મહેતાએ મને જે અમૂલ્ય સહાય આપી છે તે બદલ તેમનું ઋણ સ્વીકારવા આ તકનો હું લાભ લઉં છું.

સૂરત, ૪થી જૂન ૧૯૩૧ ચન્દ્રવદન શાહ

અ • નુ • ક્ર • મ

પ્રથમ આવૃત્તિ : જૂ ન, ૧૯૩૧
ફે રી છા પી : જુલાઇ, ૧૯૩૧

ગૂજરાતી કવિતા

દરેક પ્રજાના સાહિત્યની શરૂઆત પદ્યથી થઈ છે. ગદ્ય કરતાં પદ્યનો વિકાસ વધારે વહેલો થયો છે. આપણા વેદો પદ્યમાં રચાયા છે. દુનિયાનાં મહાકાવ્યોમાં ગણાતાં રામાયણ અને મહાભારત પણ પદ્યમાં લખાયાં છે. ગૂજરાતીમાં ય તેમ જ. મીરાંએ અને નરસિંહ મહેતાએ મધ્યકાલીન ગૂજરાતી સાહિત્યનો ધ્વજ ઊડતો કર્યો તે પણ કવિતા વડે. મધ્યકાળમાં તો જાણવા જેવું ગદ્યસાહિત્ય છે જ નહીં. છેક ઓગણીસમી સદીના બીજા ભાગમાં કવિ નર્મદે શિષ્ટ ગૂજરાતી ગદ્ય લખવાની શરૂઆત કરી. ત્યારથી ગદ્ય સાહિત્ય સર્જાવા માંડયું. આજે તો પદ્ય કરતાં ગદ્ય વધારે પ્રચલિત છે.

આ નિબંધમાં ગૂજરાતી કવિતા–સાહિત્યના ઇતિહાસમાંના માર્ગદર્શક સ્તંભોનું સૂચન કરીને આપણી કવિતાના વિકાસની આછી રૂપરેખા હું દોરવા માગું છું.

* * * *

ગૂજરાતી પદ્યસાહિત્યના ઈતિહાસની આ પ્રમાણે વહેંચણી થઈ શકે:

મધ્યકાલીન યુગ: (ઈ. સ. ૧૪૦૩થી ૧૮૫૨)

			પ્રેરક બળો
(૧)	મ–ભક્તિ માર્ગ	(૧૪૦૩–૧૬૩૫)	નરસિંહ મીરાં
(૨	...ાન–ભક્તિ માર્ગ	,,	અખો
	...ાખ્યાનોનો યુગ	(૧૬૩૬–૧૭૩૪)	પ્રેમાનંદ સામળ

(૪) પ્રેમ–જ્ઞાન–ભક્તિ માર્ગનું પુનરુત્થાન	(૧૭૩૫–૧૮૫૨)	ધીરો ભોજો દયારામ
અર્વાચીન યુગ :	**(૧૮૫૨થી –)**	
(૫) સંક્રાંતિ કાળ	(૧૮૫૨–૧૮૮૦)	દલપત નર્મદ
(૬) નવીન કવિતા–સાહિત્યનો ઉષ:કાલ	(૧૮૮૦–૧૯૧૫)	નરસિંહરાવ કલાપી કાન્ત ખબરદાર
(૭) રાસયુગ	(૧૯૦૯–)	નાનાલાલ બોટાદકર કેશવ હ. શેઠ.
(૮) નૂતન કવિતા	(૧૯૨૧–)	ચન્દ્રવદન મહેતા સ્નેહરશ્મિ દેશળજી પરમાર

* * * *

(૧ પ્રેમભક્તિ માર્ગ (૧૪૦૩–૧૬૩૫

કવિતાના બે પ્રકાર છે. આત્મલક્ષી કવિતા (Subjective Poetry) કે જેમાં ‘સર્વ ઠેકાણે કવિના અંતરાત્માની મૂર્તિ છપાએલી હોય’; અને પરલક્ષી કવિતા (C jective Poetry) કે જેમાં ‘કવિથી જુદું બાહ્ય વસ્તુસ્થિતિનું ત્ર હોય’ અને સૃષ્ટિક્રમની પ્રતિકૃતિ તેમાં ખુલ્લા રંગે ·તરાએલી હોય છે.

પ્રેમ–ભક્તિ માર્ગના કવિઓએ બહુધા આત્મલ વેતા રચી છે અને તે સ્વાભાવિક છે. પોતાના હૃદયમાં ભ જે

ઊર્મિઓ સ્ફુરે તેને તેમણે પોતાની કવિતામાં સ્થાન આપ્યું છે. આથી તેમનાં કાવ્યોમાંથી તે યુગના પ્રજાજીવનનો કંઈપણ ખ્યાલ આપણને આવતો નથી.

નરસિંહ મહેતા ગૂજરાતના આદ્ય કવિ મનાય છે. નહીં કે તે પહેલાં બીજા કવિઓ ન્હોતા, પરંતુ એમના સિવાય બીજા કવિઓ ભાગ્યે જ જનસમુદાય ઉપર એમના જેટલી સચોટ છાપ પાડી શકયા.

તેઓ જૂનાગઢના નાગર બ્રાહ્મણ હતા. નાનપણમાં તેઓ પોતાના ભાઈ સાથે રહેતા. નિરુદ્યમી જીવન ગાળતા હોવાને લીધે તેમને પોતાની ભાભીનાં મ્હેણાં ઘણીવાર સાંભળવાં પડતાં. એવે એક પ્રસંગે તેમને ચીઢ ચઢી કહેવાય છે અને તેઓ ગામ બહાર જઈને એક શિવમંદિરમાં પ્રભુની આરાધના કરવા લાગ્યા. ઉગ્ર તપશ્ચર્યા પછી શિવજી તેમના પર પ્રસન્ન થયા. વરદાન માગવાનું કહેતાં નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણ સાથે મેળાપ કરવાની ઇચ્છા દર્શાવી. શિવજીની સાથે તેઓ કૃષ્ણને સ્થાનકે ગયા. ત્યાં શ્રીકૃષ્ણ રાસ રમતા હતા. દંતકથા એવી છે કે ત્યાં તેઓ એટલા મુગ્ધ અને તલ્લીન બની ગયા કે તેમને પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહીં. તેમનો હાથ દાઝયો છતાં તેમને ખબર પડી નહીં. આવી અચલ ભક્તિ જોઈને શ્રીકૃષ્ણ અત્યંત ખુશ થયા અને ભીડને સમયે તેમનું સ્મરણ કરવા મહેતાજી[illegible] કહ્યું.

[illegible]કૃષ્ણની પ્રીતિ સંપાદન કરીને મહેતાજી પોતાને ગામ પાછા [illegible]ા. એક સંસારી તરીકે પોતાના કુટુંબ સાથે તેઓ રહે[illegible]ાં દુન્યવી બાબતો તરફ તેમનું બિલકુલ લક્ષ ન્હોતું. તેમ[illegible]ભુભક્તિની ધૂન લાગી હતી. પોતાના જેવા ભકતોની

સાથે તેઓ ભજનમાં જ પોતાનો કાળ વ્યતીત કરતા. તેઓ એક સાચા વૈષ્ણવ હતા. ભક્તિમાં જ્ઞાતિના કે સમાજના બંધનોને તેઓ અંતરાયરૂપ ગણતા નહીં. ઢેડ લોકોમાં કીર્તન કરવા જવાને તેમને બાધ ન્હોતો. તેમ કરતાં પોતાના જ્ઞાતિબંધુઓ ટીકા કરે તો તેની તેમને પરવા ન્હોતી. 'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' નામના પદમાં તેમણે વૈષ્ણવનો જે આદર્શ રજૂ કર્યો છે તે પ્રમાણે તેઓ જીવ્યા હતા. તેમના સમયમાં લોકો તેમને મૂર્ખ, ધૂની અને ઢોંગી ગણતા; આજે એ એક મહાન ભક્ત ગણાય છે; તે સમયે એમનો તિરસ્કાર કરનાર, એમને જ્ઞાતિબહાર મૂકનાર, નાગર કોમ, નરસિંહ મહેતા પોતાની કોમના હતા એમ કહી આજે અભિમાન લે છે.

એક સાચા ભક્તને છાજે એવી વિરક્તતા તેમણે દાખવી છે. પોતાની સંસારી જરૂરિયાતો પૂરી પાડવામાં તેમણે પ્રભુ ઉપર આધાર રાખ્યો છે. શામળશાનો વિવાહ, કુંવરબાઈનું મામેરું, પિતાજીનું શ્રાદ્ધ, હુંડી વગેરે નરસિંહ મહેતાના જીવનના જાણીતા પ્રસંગો છે. એમાંના ચમત્કારો સત્ય છે કે અતિશયોક્તિવાળા છે કે કેવળ કાલ્પનિક છે એ કહેવું મુશ્કેલ છે. શ્રીકૃષ્ણના ચમત્કારિક જીવનને સાચું માનનારા આ પ્રસંગોને પણ સત્ય ગણશે; બીજાઓને તે કલ્પના જ લાગશે.

એટલું ચોક્કસ છે કે મહેતાજી ગરીબાઈ, સામાજિક ઉપહાસ અને બહિષ્કાર, કશાની પરવા કર્યા વિના કૃષ્ણભક્તિના પોતાના ધ્યેયને જ વળગી રહ્યા છે. દુનિયાની માયામાં તેઓ કદી પલોટાયા નથી. જેઓ તેના ભોગ બન્યા છે તેમને તે તજવાનો તેમણે સતત ઉપદેશ કર્યો છે.

એમની કવિતા સરળ અને સામાન્ય લોકોને ય સહેલાઈથી સમજાય એવી છે. કેટલાંક પદો શૃંગાર–ભક્તિનાં છે; કેટલાંક કૃષ્ણજીવનનાં છે; કેટલાંક જ્ઞાનનાં છે. મહેતાજીની અને મીરાંબાઈની ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ હતી. પ્રભુ પ્રત્યે અમર્યાદિત પ્રીતિ દાખવીને આ ભવસાગર તરવાના સિદ્ધાંતમાં તેઓ માનતા હતા. પ્રભુમાં તેમને અનહદ શ્રદ્ધા હતી અને દરેક વ્યક્તિને એવી શ્રદ્ધા રાખવા તેમણે બોધ આપ્યો છે.

નરસિંહ મહેતાનાં પદોમાંથી પ્રભાતિયાં આજપર્યંત ગૂજરાતને પ્રેરણા આપે છે. એમના હૃદયની ઊર્મિઓ આ પદોમાં એટલી સચોટતાથી અને સરળતાથી ઉતારવામાં આવી છે કે એના વાંચકો ઉપર એની ઊંડી અસર થયા વિના રહે નહીં. આટલી સરળતાથી, છતાં આટલી અસરકારક રીતે, બીજા કોઇ કવિએ ભાગ્યે જ આટલો ચિરંજીવ બોધ પોતાની કવિતાદ્વારા આપ્યો હશે. એ ખરું છે કે એમની કવિતા બહુ લોકપ્રિય હોવાથી ઘરઘર ગવાતી હતી અને તેથી સમયના વહેવા સાથે મૂળ ભાષામાં ધીમે ધીમે ફેરફાર થયો હશે; છતાં એમની કવિતા સહૃદયી, સરળ, જોમવાળી, અને અસરકારક છે એ તદ્દન નિર્વિવાદ છે.

* * *

મી [illegible]બાઈ ગૂજરાતણ ન્હોતી છતાં તેમની કવિતા ગૂજરાતમાં બહુ પ્રચલિત થઈ છે. ગૂજરાતના પહેલા સ્ત્રીકવિ તરીકે અને કૃષ[illegible]ભક્તિમાં તરબોળ થઇને સંસારથી વિરક્ત થનાર એક ર[illegible]ા તરીકે તેમનું નામ ચિરઃસ્મરણીય રહેશે. મીરાંબાઇને સમય[illegible]ના જીવનના વિવિધ પ્રસંગો, તેમનું સગપણ ઇત્યાદિ વિશે [illegible] જુદી માન્યતાઓ ધરાવવામાં આવે છે.

એક મત એવો છે કે મેવાડના રાણા સાથે લગ્ન થયા પછી મીરાંબાઇએ શ્વશુર પક્ષના ઇષ્ટદેવને પગે લાગવાની ના પાડી. આથી એના સાસુ, પતિ વગેરે ખૂબ નાખુશ થયા. તેમની પરવા કર્યા વિના મીરાંબાઇએ કૃષ્ણભક્તિમાં ચિત્ત પોરવ્યું. બીજો મત એવો છે કે લગ્ન પછી તરત જ એમના પતિનું અવસાન થવાથી મીરાંબાઇ સંસારના મોહથી વિરક્ત થયા અને એમની પજવણી બહુ થવાથી એમણે પોતાનું સાસરું છોડયું. ગમે તેમ હોય તોપણ એક બાબતનો સહેજ પણ સંદેહ નથી, અને તે એ કે મીરાંબાઇએ પોતાના જીવનનો મોટો ભાગ કૃષ્ણ-ભક્તિમાં વ્યતીત કર્યો હતો, અને તે દરમિયાન એમણે અનેક પદો લખ્યાં હતાં. પોતાની જિંદગીનો અંતિમ ભાગ એમણે દ્વારકામાં ગાળ્યો હોવાથી એમનાં પદો ગૂજરાતમાં લોકપ્રિય થઇ શકયાં. એ પદોમાં અત્યારે જે ભાષા નજરે પડે છે તે મીરાંબાઈના સમયની નહીં પરંતુ ચાલુ વપરાશને લીધે પરિવર્તન પામેલી ભાષા છે. છતાં તેમાં તે કાળની ભાષાની અને હિન્દુસ્થાની તત્ત્વોની નિશાનીઓ કેટલેક સ્થળે નજરે પડે છે.

નરસિંહ અને મીરાંના યુગમાં બીજા ઊતરતી ખ્યાતિવાળા કવિઓ પણ થઇ ગયા છે. ભાલણનું નળાખ્યાન અને પદ્મનાભનો કાન્હડ દે પ્રબંધ કવિતાના સારા ગ્રંથો હોવા ઉપરાંત મધ્યકાલીન ગૂજરાતીના ઉત્તમ નમૂનાઓ પૂરા પાડે છે. એની સ[illegible]ખામણીમાં નરસિંહ મહેતાનાં કાવ્યોની ભાષા વધારે નવીન લાગે છે. આ યુગના કવિઓએ મોટે ભાગે કૃષ્ણભક્તિનો મહિમા [illegible]ાયો છે, તેનો જે આનંદ જાતે માણ્યો છે તે પોતાની પ્રાસાદિ[illegible]ણીમાં અન્યને તેનો સ્વાદ ચખાડયો છે. આથી જ નરસિંહ અ[illegible]રાંની

કવિતા ધાર્મિક ભાવનાવાળા લોકોને હજી ય બહુ પ્રિય લાગે છે, હજી ય તે તેમને ભક્તિરસમાં તરબોળ કરી મૂકે છે.

(૨) જ્ઞાનભક્તિ માર્ગ :

નરસિંહ અને મીરાં પછી ગૂજરાતમાં જુદા જ પ્રકારની કવિતા રચવા માટે અને નવીન સંપ્રદાય સ્થાપવા માટે અખા ભગત જાણીતા થયા છે. અખાની કવિતામાં મીરાં–નરસિંહની કવિતા કરતાં થોડોક ફેર છે. પહેલાં કવિતાનો પાયો જેમ કૃષ્ણભક્તિ પર રચાયો હતો તેમ અહીં થયું નથી. દયારામ સુધી ગોકુળનો ગોવાળ, મુરલીધર, કૃષ્ણકનૈયો અને ગોપીઓનો કહાન આપણી સાહિત્યવાટિકામાંથી સામાન્ય રીતે જોતાં અદૃશ્ય થયો.

અખો અમદાવાદનો સોની હતો. એનો સમય ઇ. સ. ૧૬૧૫–૧૬૭૫ સુધીનો ગણાય છે. ગૂજરાતમાં ખરીખોટી એવી માન્યતા પ્રચલિત છે કે પોતાના ગ્રાહકના સોનામાંથી સોનીઓ થોડાક સોનાની પણ રવાદારી કાઢ્યા વિના રહે નહીં. અખો સોની હતો છતાં પ્રમાણિક હતો. પરંતુ કોઇને તેનો વિશ્વાસ પડતો નહીં. જેને તે પોતાની બહેન જેવી ગણતો તે સ્ત્રીને પણ સંદેહ પડયો તેથી અખાને લાગ્યું કે આ દુનિયામાં સારા, પ્રમાણિક માણસોને સ્થાન નથી. વળી પોતાની પ્રિય બ્હેનના અવસાનથી તેને વૈરાગ્ય ઊપજ્યો હતો જ એટલામાં જ સરકારી ટંકશાળમાં ચાંદી સાથે બીજી હલકી ધાતુઓ ભેળવવાનો તેના પર આરોપ મૂકવામાં આવ્યો. અમદાવાદન [illegible]નવાબે તેને પકડયો પરંતુ આખરે તેને નિર્દોષ ઠરાવી છોડી મૂક [illegible]મા બધા બનાવોને લીધે તેણે સંસાર છોડવાનો નિશ્ચય કર્યો [illegible]ને યોગ્ય માર્ગે દોરે એવા કોઈ ગુરુની શોધમાં ભટકવ

લાગ્યો. જયપુરના વલ્લભાચાર્યપંથના મંદિરના આચાર્યે ધનિક અખાનો સત્કાર કર્યો, પરંતુ તેને પાછળથી માલમ પડયું કે તે તેના દ્રવ્યને આભારી હતું. અહીં એની આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની તરસ છીપાઇ નહીં. ગોકુળમથુરામાં પણ એની એ જ દશા. કાશીના કહેવાતા સાધુસન્તો પણ તેને સંતોષી શક્યા નહીં. પૈસા અને સ્ત્રી માટેનો તેમનો મોહ પ્રમાણિક અખો સાંખી શક્યો નહીં. આખરે મણિકર્ણિકાના ઘાટ પર એક નાનકડી ઝૂંપડીમાં તેને અકસ્માત તેનો તારણહાર મળી ગયો. તેમાં વસતો સંન્યાસી માત્ર એક જ શિષ્યને વેદાન્તના સિદ્ધાંતો સમજાવતો હતો. ઝૂંપડીની દીવાલો પાછળ છુપાઇને અખાએ બાર માસ સુધી તેનો ઉપદેશ સાંભળ્યો. તેની ખાતરી થઈ કે તે સાચો ગુરુ છે; આખરે ત્રણ વર્ષ સુધી તેના ચરણ પાસે બેસીને અખાએ વિવિધ ગ્રંથોનો અભ્યાસ કર્યો.

ત્યારબાદ તેણે પોતાના જ્ઞાનનો લાભ દુનિયાને આપવાનો વિચાર કર્યો. અપ્રમાણિક માણસોથી ભરેલી દુનિયાથી હતાશ થઇને જ્ઞાનની શોધમાં ભટકતો અખો પોતાની કવિતામાં ભારોભાર તત્ત્વજ્ઞાન ભરી દે છે. આથી એની ભાષા ભારેખમ થઈ જાય છે. તત્ત્વજ્ઞાનના ખાસ શબ્દોનો છૂટથી ઉપયોગ થવાથી એની કવિતા વિદ્વદ્ભોગ્ય બને છે. સામાન્ય લોકો સમજી શકતા નથી. ખરું જોતાં, અખો પોતાને કવિ કહેવ તો પણ નથી; છતાં દુનિયાની દાંભિકતા, ગુરુ થઈ બેઠેલા ઠારાજોની દુન્યવી આસક્તિ, ને ધાર્મિક જ્ઞાન આપવાની અશા વગેરે બદીઓ તેણે સચોટ ભાષામાં રજૂ છે. મર્મવેધી ટીકા તેની લૂખી શૈલીને અસરકારક નાવે

છે. બાહ્યિક ઉપચારોને તે ધિક્કારે છે. એની નિરર્થકતા બતાવવાને તે કહે છે કે

‘ તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં;
તીરથ ફરી ફરી થાકયા ચર્ણ, તોયે ન પહોંચ્યા હરિને શર્ણ;
કથા સુણીસુણી ફૂટ્યા કાન તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન.’

અખાના અને તેના પુરાગામીઓના સંપ્રદાયમાં ફેર માત્ર એટલો જ છે કે જ્યારે નરસિંહ, મીરાં વગેરે પ્રભુના દાસ થઇને કૃતકૃત્ય થતા હતા અને એ પ્રકારની ભક્તિથી ભવસાગર તરવાની શ્રદ્ધા ધરાવતા હતા ત્યારે અખો બ્રહ્મજ્ઞાનદ્વારા સ્રષ્ટા અને સૃષ્ટિનો સંબંધ બરોબર સમજીને આત્મસાક્ષાત્કારથી પ્રભુના ધામમાં બિરાજવાની હોંસ રાખે છે. નરસિંહ અને મીરાંના સમય પછી પ્રેમ-ભક્તિ સંપ્રદાયમાં ધીમે ધીમે સડો પેસવા લાગ્યો. એના ગુરુઓ દાંભિક નીવડ્યા, અંધશ્રદ્ધાવાળા વૈષ્ણવોને છેતરવા લાગ્યા—લૂટવા લાગ્યા. આ સડો અખાએ જોયો અને તેણે તેને બનતી જાહેરાત આપી; કટાક્ષ અને ઉપહાસથી જનતાનું લક્ષ તે તરફ દોર્યું અને તેણે જ્ઞાન-ભક્તિનો બોધ આપ્યો.

* * * *

(૩) આખ્યાનોનો યુગ (૧૬૩૬-૧૭૩૪

સત્તરમા સૈકાના ગૂજરાતી સાહિત્યના ત્રણ પ્રેરક બળો તે અ ો, પ્રેમાનંદ અને સામળ. અખાના કાર્યની સમીક્ષા આપ ઉપર કરી. એનાથી તદ્દન જુદા પ્રકારના સાહિત્ય માટે સત્તર શતકમાં જન્મેલા પ્રેમાનંદ તથા સામળ સુપ્રસિદ્ધ છે.

આ શતકનો મોટો ભાગ રાજકીય શાંતિમાં પસાર થયો. ૧ માં અકબર મરણ પામ્યો. ૧૬૫૭ સુધી જહાંગીર અને ૨ એ તેમના અમલ દરમિયાન અકબરે દોરેલે ચીલે

ચાલ્યા કર્યું. મુગલ સામ્રાજ્યની આ શાંતિ ગૂજરાતમાં પણ હતી. ઔરંગઝેબની સુબેદારી દરમિયાન ગૂજરાતને સમૃદ્ધ તથા શાંત બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા. તેના અમલમાં હિન્દુસ્થાનમાં અંધાધૂંધી ચાલી ખરી, પરંતુ ૧૬૮૪ સુધી તે ઉત્તર હિન્દમાં રજપૂતો સાથે લડયો, '૮૫–'૮૬ માં તે દક્ષિણમાં ગયો, એટલે આ ખળભળાટની જેટલી અસર થાય તે ઉપરાંત—ને બાદશાહના જુલમી ફરમાનોથી ઉદ્‌ભવેલા ભય ઉપરાંત—બીજી કાંઈ અસર ગૂજરાત પર થઇ નહીં. અલબત્ત આવતા સૈકામાં થનારી લૂંટફાટનું સૂચન કરતા હોય તેમ શિવાજી મહારાજે '૬૪ ને '૬૬ માં સૂરત લૂંટયું; પરંતુ તે ભય નાશ પામ્યો કેમકે સૌ પોતપોતાની સર્વોપરિતા જાળવવા લઢવા લાગ્યા ને આ કલહમાંથી ગૂજરાત બચ્યું.

આ શાંત જીવનની આપણા સાહિત્ય પર એક મોટી અસર થઇ તે એ કે સંખ્યાબંધ સાહિત્યસેવકો આ સમયમાં બહાર પડ્યા. ૧૭ મા શતકમાં ઇંગ્લંડમાં એડીસન, પોપ વગેરે 'કોફી હાઉઝીઝ' માં સાહિત્યની ચર્ચા કરતા. ૧૮ મા સૈકામાં ડૉ. જોનસન વગેરે 'લિટરરી કલબો' ચલાવતા. તેવાજ પ્રકારની એક સંસ્થા તે સમયે ગૂજરાતમાં પ્રેમાનંદના ઉપરીપણા હેઠળ ચાલતી. આ કાર્યમાં સહાનુભૂતિ દર્શાવનારાં સ્ત્રીપુરુષો આ સંસ્થામાં પ્રેમાનંદની દેખરેખ હેઠળ શિષ્ય તરીકે કામ કરતા. અઠ્ઠાણું વર્ષનું આયુષ્ય ગુર્જર સાહિત્યની સેવામાં અર્પીને વલ્લભ, વીરજી, રત્નેશ્વર જેવા કવિઓ ગૂજરાતને વારસામાં આપવા એ પ્રેમાનંદના જેવી અદ્‌ભુત સાક્ષરી બુદ્ધિ (literary genius) નું જ કામ.

ગૂજરાતના આદ્યવિવેચક શ્રી૦ નવલરામ લખે છે કે:

'ગૂજરાતી ભાષાનો સર્વોત્તમ કવિ **પ્રેમાનંદ** છે. જે સમયમાં એ થઇ ગયો તે ગૂજરાતના વિદ્યા—પ્રકરણમાં સર્વોત્કૃષ્ટ સમય

હતો. આપણા ત્રણ મોટા કવિઓ એ જ સૈકડામાં થઈ ગયા છે. આણી તરફ સામળભટ વાર્તારૂપે પોતાના સમયનાં સંસારચિત્રો પહેલવહેલાં જ પ્રાકૃત ભાષામાં દાખલ કરતો હતો, તો પેલી તરફ અખો ભગત લોકોનાં મનને સોના સરખા વહાલા જે પરાપૂર્વના વહેમ, તેને હથોડો લઇને તોડવા મંડી ગયો હતો.

પ્રેમાનંદની કવિત્વશક્તિ અસાધારણ છે. એ જે વિષય ઉપર લખે છે તેનું આબેહૂબ ચિત્ર વાંચનારની નજર આગળ ઊભું કરવામાં એ કદી ચૂકતા નથી. રસની બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો પણ નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે અને ધારે છે ત્યારે શાન્ત રસના ઘરમાં આપણને લઈ જઈ બેસાડે છે. એની વધારે મોટી ખૂબી એ છે કે એને એક રસમાંથી બીજા રસમાં છટકી જતાં વાર લાગતી નથી અને તે એવી સ્વાભાવિક રીતે કરે છે કે લેશમાત્ર પણ રસભંગ થતો નથી. આવી રીતે એ કાવ્યસિદ્ધિ કરે છે તેનું મુખ્ય કારણ એ છે કે એને જનસ્વભાવનું બહુ જ ઊંડું જ્ઞાન છે. ગ્રંથસંકલનામાં પણ એ સર્વોપરિ છે. ક્યાં કેવો રસ મૂકવો એ પ્રેમાનંદ બરાબર સમજે છે. એની ભાષા શુદ્ધ અને પ્રૌઢ, શૈલી સીધી અને સંક્ષિપ્ત, અને પદબંધ સરળ તથા કોમળ છે.'

આવી ઉમદા અને અદ્ભુત કવિત્વશક્તિ પ્રેમાનંદે ચમત્કારથી પ્રાપ્ત કરી હતી તે વિશેની અનેક દંતકથાઓ પ્રચલિત છે. પ્રેમાનંદનો જન્મ ઇ. સ. ૧૬૩૬ માં વડોદરામાં થયો હ . લગભગ સો વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવી તેઓ ૧૭૩૪માં અવસાન પામ્યા. એમના માતપિતા એમના બાળપણમાં જ વિદેહી યાં હોવાથી તેઓએ શરૂઆતમાં નિરંકુશ જીવન ગાળ્યું હતું. ૧૫ વર્ષની ઉંમર સુધીની તેમની વર્તણુક એવી હતી કે

કોઈ સ્વપ્ને ય કલ્પી ન શકે કે એ છોકરો ગૂજરાતનો મહાકવિ થશે. તેઓ બાળપણુમાં અભણુ અને જડ હતા. એટલામાં એક સિદ્ધપુરુષ વડોદરામાં આવ્યા તેમને ત્યાં પ્રેમાનંદ નોકર તરીકે રહ્યા જે દિવસે એ સિદ્ધપુરુષ વડોદરા છોડવાના હતા તે દિવસે પ્રાતઃકાળે તેમણે પ્રેમાનંદને બોલાવ્યા હતા, પરંતુ લહેરી અને બેદરકાર પ્રેમાનંદને આવતાં ઢીલ થઈ ને સિદ્ધપુરુષ પોતાનો મુકામ છોડીને રસ્તે પડ્યા. પાછળથી પ્રેમાનંદ તેમને પકડી શક્યા. એમની સેવાથી ખુશ થઈને સિદ્ધપુરુષે આશીર્વાદ આપ્યા અને કહ્યું "ઘેર જા, તું પ્રાકૃતમાં કવિતા બનાવી શકશે. જો તું વહેલો આવ્યો હોત તો હું તને સંસ્કૃતમાં કવિતા રચવાની શક્તિ આપત."

બીજી માન્યતા એવી છે કે બાળપણથી જ પ્રેમાનંદને રામચરણ હરિહર નામના વિદ્વાન સંન્યાસી સાથે ઓળખાણ થયું હતું; તેમની તહેનાતમાં પ્રેમાનંદ હિન્દુસ્થાનના જુદા જુદા ભાગોમાં ફર્યા; આ પર્યટન દરમિયાન ખંતથી પ્રેમાનંદે બહુ જ્ઞાન પ્રાપ્ત કર્યું—હિન્દી અને સંસ્કૃત ભાષાઓમાં નિપુણતા મેળવી. પ્રેમાનંદે તે સમયની માનીતી રૂઢિ પ્રમાણે હિન્દીમાં કાવ્યો રચ્યાં અને પોતાના ગુરુને બતાવ્યાં. રામચરણ ગૂજરાતી હતા. ગૂજરાતી માટે તેમને અભિમાન હતું; તેમણે પ્રેમાનંદને કહ્યું: 'તને તારી માતૃભાષા માટે અભિમાન નથી? તારે શા માટે હિન્દીમાં કવિતા બનાવવી જોઈએ?' આ સાંભળીને પ્રેમાનંદની આંખ ઉઘડી, અને આ સમયે પ્રેમાનંદે પોતે ગૂજરાતી ભાષા સમૃદ્ધ ન કરે ત્યાં સુધી પાઘડી ન પહેરવાનું વ્રત લીધું. આ માન્યતાને પ્રેમાનંદનો શિષ્ય અને પુત્ર વલ્લભ પુષ્ટિ આપે એટલે તે વધારે આધારભૂત બને છે.

ત્રીજી માન્યતા એવી પણ છે કે

'પ્રેમાનંદનો બાપીકો ધંધો પુરાણીનો હતો. પ્રેમાનંદે પણ પુરાણોની કથા કરવાની શરૂઆત કરી; પણ મંદિરમાં કથા કરવા બેસવાની જગ્યા સારુ બીજા કેટલાક પુરાણીઓ સાથે તેને ઝગડો થયો. પુરાણીઓનો ગર્વ ઉતારવાના ઉદ્દેશથી તથા શ્રોતાઓને પોતા પ્રત્યે આકર્ષવાના ખ્યાલથી તેણે પૌરાણિક કથાઓ ગુજરાતી કવિતામાં ઉતારી ગુજરાતીમાં જ કથા કરવા માંડી. પોતાની નૈસર્ગિક કવિત્વશક્તિના પ્રભાવે તેણે એવાં સુંદર આખ્યાનો રચ્યાં કે લોકોનાં ટોળાં તેની જ કથા સાંભળવાને ઊલટયાં.'

(નરહરિ પરીખ)

પ્રેમાનંદની કવિત્વશક્તિની ઉત્પત્તિ વિશે કે ગૂજરાતીમાં કાવ્યો રચવાના કારણ વિશે ભિન્નભિન્ન માન્યતાઓ ભલે પ્રચલિત હોય તો પણ એની સાહિત્યસેવા વિશે કે એનાં કાવ્યોની લોકપ્રિયતા વિશે બેમત છે જ નહીં. જનતાને પોતાનાં રચેલાં આખ્યાનો સંભળાવીને પ્રેમાનંદે પોતે જ તેમને લોકપ્રિય બનાવ્યાં છે. એઓ જાતે એક માણભટ હતા, એના ઉપર એમની આજીવિકાનો આધાર હતો. સૂરત, વડોદરા ને નંદરબારમાં ફરીને તેમણે પોતાનાં આખ્યાનો ગાયાં છે અને જનતાને તેના વિવિધ રસોનો સ્વાદ ચખાડયો છે.

ગાગરીઆભટ કે માણભટની સંસ્થા તપાસવા જેવી છે. તે વખતે નાટકશાળા ન્હોતી. જનસમૂહને સામાન્ય ભાગમાંથી મુક્ત થયાને—અરાજકતામાંથી છૂટયાને—થોડાંજ વર્ષો થયાં હતાં એટલે તેમનો ખોઈ ગએલો જીવનનો ઉલ્લાસ પુનર્જીવન પામ્યો ન હતો. આવા સમયમાં કોઈ માણભટ એક તાંબાની ગાગર લઈને સૂરત ભરૂચ, વડોદરા કે નંદરબારની એકાદ શેરીમાં રાત્રે નવેક વાગે

પેટપૂજા કરી પરવારેલાં નરનારીઓની મોટી મેદની સમક્ષ હાથમાંની વીંટી વડે ગાગર પર તાલ આપતાં આપતાં, પુરાણોની લોકપ્રિય કથાઓ સંપૂર્ણ રસથી કહે, આખ્યાયિકાઓના વિવિધ રસની શ્રોતાજનોને લહાણ આપતાં તે રસોમાં જાતે તન્મય બની જઈ કથાના નાયકનાયિકાનાં પાત્રોનું કામ માણભટ જાતે જ ઘડીકમાં અડધા ઊભા થઈ જઈને, ઘડીકમાં નીચા નમી, ક્વચિત્ કરુણરસનું તો ક્વચિત્ આનંદોર્મિનું બોલવામાં તેમજ ભાવ પ્રદર્શિત કરવામાં સચોટ અનુકરણ કરીને–ભાવભરી રીતે કરે અને મુગ્ધ શ્રોતામંડળને કથારસમાં તરબોળ કરી મૂકે તો એ લોકપ્રિય થઈ પડે એમાં શી નવાઈ? આ ચિત્ર તે વખતની સ્થિતિનો, લોકોની રસેષણાનો સારો ખ્યાલ આપે છે. પ્રેમાનંદ આવો જ એક માણભટ હતો. એમની પાસેથી ગૂજરાતને કેટલાંક સુંદર આખ્યાનો મળ્યાં છે એ આ સંસ્થાની સાર્થકતા સૂચવે છે.

પ્રેમાનંદના સમકાલીન કવિ સામળભટે કહ્યું છે કે:

'કથ્યું કથે તે શાનો કવિ
શીખી વાત તે શાની નવી?

આ ટકોર પ્રેમાનંદનાં આખ્યાનો પર કરવામાં આવી છે એમ ઘણાનું માનવું છે. નરસિંહ મહેતાના જીવનના પ્રસંગો પ્રેમાનંદે પોતાની પ્રાસાદિક વાણીમાં વર્ણવ્યા એને ય ઘણા આ ટીકાનું પરિણામ લેખે છે. આ કૃતિઓમાં ય પ્રેમાનંદના પુરોગામીઓનાં કાવ્યોમાંથી ઉતારા લેવામાં આવ્યા છે એમ કહેવાય છે.

આ પ્રમાણે પોતાના લગભગ બધાં કાવ્યોનું વસ્તુ મોટે ભાગે મહાભારત, રામાયણ, ભાગવત, પુરાણો અને ઇતર [illegible]થોમાંથી લીધેલું હોવા છતાં પ્રસંગોનું વર્ણન કરવાની [illegible]વેધતા તેમજ છટા, ભિન્નભિન્ન પાત્રોનું કથાને અનુકૂળ [illegible]ખન,

વિવિધ રસોની પ્રમાણસરની જમાવટ અને આખા આખ્યાનની વાસ્તવિક સંકલના પ્રેમાનંદના આખ્યાનોને સ્વતંત્ર કૃતિઓની હારમાં મૂકી દે છે.

પ્રેમાનંદના નાનામોટા ત્રીસ ગ્રંથોમાં દશમસ્કંધ, નળાખ્યાન, ઓખાહરણ, રણયજ્ઞ અને સુદામાચરિત્ર વધારે આકર્ષક અને લોકપ્રિય છે. રસશાસ્ત્ર અને અલંકારશાસ્ત્રના ઊંડા અભ્યાસથી પોતાના જુદા જુદા ગ્રંથોમાં વિવિધ રસોની જમાવટ તેમણે યોગ્યતાથી કરી છે. ઓખાહરણમાં શૃંગારરસ, રણયજ્ઞમાં વીરરસ, મામેરામાં હાસ્યરસ, સુદામાચરિત્રમાં શાંતરસ, નળાખ્યાનમાં કરુણરસ મુખ્યત્વે નજરે પડે છે. છતાં દરેક કાવ્યમાં નવેરસનો પ્રસાદ ઓછેવત્તે અંશે વાંચકોને પ્રાપ્ત થાય છે. અને તેથી જ પ્રેમાનંદને મહાકવિ ગણવામાં આવે છે.

ગૂર્જરગિરાની એકધારી અને અવિરત સેવા કરીને તેમજ અન્યને તેમ કરવાની પ્રેરણા આપીને, ગૂજરાતીને પોતાની કૃતિઓ વડે સમૃદ્ધ બનાવીને તેમજ અન્ય પ્રાકૃત ભાષાઓની સરખામણીમાં ગૌરવવન્તી બનાવીને પ્રેમાનંદે મધ્યકાલીન સાહિત્યકારોમાં માનવંતું પ્રથમ પદ સહેલાઈથી પ્રાપ્ત કર્યું છે.

સામળભટનું નામ પ્રેમાનંદ સાથે અચૂક રીતે સંકળાએલું છે. સત્તર-અઢારમા શતકના તેઓ એક યુગસ્વામી છે. હાલના સંશોધનને આધારે કેટલાક સાક્ષરોનો એવો મત છે કે સામળ ભટ પ્રેમાનંદના સમકાલીન ન્હોતા પરંતુ એમના જીવનના અંતિમ ભાગમાં કવિ તરીકે પ્રખ્યાત થયા હતા. સામળના કેટલાક ગ્રંથોમાં વર્ષો ૧૭૪૮–'૫૨ પણ છે. આ ઉપરથી એમ અનુમાન બાંધવામાં આવે છે કે સામળભટ ૧૮મા સૈકાના કવિ

હતા. જુના મત પ્રમાણે એમનો સમય ૧૬૪૦ થી ૧૭૩૦ સુધીનો છે. આ મતભેદ છતાં એક વાત નિર્વિવાદ છે કે પ્રેમાનંદ અને સામળની કાવ્યપ્રવૃત્તિનો કેટલોક સમય સામાન્ય હતો.

સામળના જીવન વિશે પણ ભરોસાદાર માહિતી મળી શકતી નથી, છતાં તે એક માણભટ હતો અને પુરાણીઓ સાથે તેને હરિફાઈમાં ઊતરવું પડતું હતું એ ચોકકસ છે. પ્રેમાનંદની માફક સામળે પણ ગૂજરાતીમાં આખ્યાનો લખવા માંડેલા. ફેર માત્ર એટલો જ કે જ્યારે પ્રેમાનંદ પૌરાણિક કથા ગૂજરાતીમાં લખતા ત્યારે સામળ મોટે ભાગે સ્વતંત્ર સામાજિક વાર્તાઓ રચતા. એમ કહેવાય છે કે સામળે પ્રતિજ્ઞા લીધી હતી કે કોઈ નિમંત્રણ આપે નહીં ત્યાં સુધી પોતાનાં કાવ્યો લઇને કોઈ સમક્ષ આશ્રયાર્થે હાજર થવું નહીં. આ ટેકને લીધે પોતાના જીવનનાં ૩૪ વર્ષ બહુ મુશ્કેલીમાં વ્યતીત કરવાં પડ્યાં. પછી રખીદાસ નામના એક પાટીદારનો આશ્રય તેમને મળ્યો. પ્રેમાનંદની માફક સામળ શિષ્યવૃન્દથી વીંટલાએલા ન્હોતા. અન્ય સાહિત્યરસિક જનોને સાહિત્યપ્રવૃત્તિ આદરવાની પ્રેમાનંદની જેમ તેમણે પ્રેરણા આપી ન્હોતી.

છતાં સામળની સાહિત્યસેવાની અવગણના કરી શકાય એમ નથી. એમના સમય સુધી લગભગ બધા કવિઓએ સીધી અથવા આડકતરી રીતે ધાર્મિક ભાવનાઓ અને આખ્યાનો ઉપરથી પોતાનાં કાવ્યો રચ્યાં હતાં. સામળભટ એ ગૂજરાતના પહેલા જ કવિ છે કે જેમણે ગૂજરાતી ભાષામાં સ્વતંત્ર, સામાજિક વસ્તુવાળાં, લાંબાં, વર્ણનાત્મક કાવ્યો રચ્યાં છે. આવી સ્વયંરચિત વાર્તાઓ માટે કવિ દલપતરામનું એમ માનવું છે કે

તે જમાનામાં લોકોને પૌરાણિક કથાઓ તરફ એટલો બધો પક્ષપાત હતો કે જો કોઈ કવિ પોતાની બુદ્ધિ અને કલ્પનાના બળે સ્વતંત્ર કૃતિ રચવાની ધૃષ્ટતા કરે તો તેને ધૂતકારી કાઢવામાં આવતો અને આ કારણુને લીધે સામળને પોતાની વાર્તાઓમાં ધાર્મિક તત્ત્વ દાખલ કરવું પડેલું.

સ્વ૦ ગોવર્ધનરામના મત પ્રમાણે સામળે પોતાની સ્વતંત્ર કૃતિઓમાં એક નવીન દુનિયા રચી છે. તેમની વાર્તાના સ્ત્રીપુરૂષો તે વખતનાં સ્ત્રી–પુરૂષો કરતાં વધારે ઊંચી કક્ષાનાં ચીતરવામાં આવ્યાં છે. હજુ પણ આપણો સમાજ જે નિયમોનું પાલન કરી શકયો નથી તેવા નિયમોની તેમણે હિમાયત કરી છે. દાખલા તરીકે જુદી જુદી કોમનો ભેદ ગણ્યા વિના લગ્ન કરવાની પ્રથા, માબાપની મરજી વિરુદ્ધ અમુક પુરુષની પતિ તરીકે કન્યાની પસંદગી, સ્ત્રીપુરુષનું સમાજમાં એક સરખું સ્થાન, ઇત્યાદિ. પ્રણાલિકાબદ્ધ જમાનાના કવિના મનની અને વિચારની વિશાળતા તથા તેમની ઉચ્ચ ભાવનાઓ હજી ય માન ઉપજાવે એવાં છે.

સામળના છવ્વીસ ગ્રંથો પ્રસિદ્ધ છે. એમનો ‘લખાણ–પ્રવાહ પ્રેમાનંદના જેવી જ અખંડ ધારાએ વહ્યા કરતો હતો. તેમની વાર્તાઓમાં પ્રાસ્તાવિક બોધ, સંસારના અનુભવનાં આબેહૂબ કથનો, શ્રોતાઓને સન્માર્ગ બતાવે એવી નાનીનાની આખ્યાયિકાઓ અને સાધારણ [illegible]ુષ્યને પામર જીવનમાંથી કાંઈક ઉચ્ચાભિલાષી બનાવી જગતના ર[illegible]ેકરંગી જીવન માટે તેનામાં લોલુપતા જાગૃત કરે તેવો ઉપદેશ ઠેકાણે દાખલ થએલો છે; તેમનો જગતનો અભ્યાસ અને જે બધું [illegible]મળેલું તેને સ્મૃતિમાં રાખી તેનો સદુપયોગ કરવાની તેમની [illegible] ખરેખર પ્રશંસનીય છે; તેમનો ભાષા પર કાબુ, એક ને એક વા[illegible] સમર્થ કરવા માટે જોઈતાં અનેક દૃષ્ટાંતોનો તેમનો ભંડાર,

પ્રસંગે પ્રસંગે અનુકૂળ સમસ્યાઓને દાખલ કરી દેવાની તેમની ચાતુર્યકળા, અને લોકોને હરહંમેશના વ્યવહારમાં માર્ગદર્શક બને તેવી ઉક્તિઓનો સંગ્રહ કરવાની અને ઘડી કાઢવાની તેમની કુદરતી શક્તિ: આ બધા ગુણો બીજા કોઈ પણ એક લેખકમાં હજી સુધી દૃષ્ટિગોચર થયા નથી.' (રા. અંજારિયા)

ટૂંકમાં, ગૂજરાતી સાહિત્યના ઇતિહાસમાં સામળનું સ્થાન અનેરું છે. એનું લખાણ બધું ઉચ્ચ કોટિનું કે શિષ્ટ નથી, છતાં સત્તર–અઢારમા શતકનું સામળ એક પ્રેરકબળ હતું એ વિષે બે મત નથી. એમનાં વર્ણનાત્મક કાવ્યોમાં ય એટલો વ્યવહારુ ઉપદેશ આપ્યો છે કે જેની અસર શ્રોતાવર્ગ ઉપર થયા વિના રહી નહીં હોય.

* * *

અખો, પ્રેમાનંદ ને સામળ સિવાય સત્તરમી સદીમાં બહાર પડી આવતું કોઈ સાક્ષરી બળ રહ્યું નહીં. પ્રેમાનંદના અનુયાયીઓએ સાહિત્યપ્રવૃત્તિ ચાલુ રાખી છતાં પ્રેમાનંદ–સામળની અદ્‌ભુત સાક્ષરી બુદ્ધિની સરખામણીમાં બીજા સાહિત્યકારો નિર્માલ્ય લાગવા માંડ્યા. અઢારમા સૈકાની મંદતાનું બીજું એક કારણ મુગલ સામ્રાજ્યની અધોગતિ પછી શરૂ થએલી રાજકીય અવ્યવસ્થા હતું.

* * *

(૪) પ્રેમ-જ્ઞાન-ભક્તિમાર્ગનું પુનરુત્થાન (૧૭૩૫-૧૮૫૨)

દેશમાં પ્રવર્તેલી અરાજકતા છતાં કવિઓનો અભાવ ન્હોતો. અલબત્ત અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં સર્જાએલું સાહિત્ય બહુ ઊતરતી કોટિનું હતું. સ્વ૦ ગોવર્ધનરામ એને તદ્દન નિઃસત્વ ગણે છે. પ્રેમાનંદ અને સામળની સાહિત્યકૃતિઓની વિશાળતા અને વિવિધતા તેમાં નજરે પડતી નથી. જુદા જુદા સંપ્રદાયોના ભક્ત અનુયાયીઓએ પોતાના ઇષ્ટદેવની પ્રશંસાનાં કે આરાધનાનાં કાવ્યો રચ્યાં છે. આ રીતે ભક્તિમાર્ગનો પુનરુદ્ધાર થયો. આથી ૧૯ મી સદીની શરૂઆતમાં વૈષ્ણવ, શૈવ, ઇત્યાદિ સંપ્રદાયોના કવિઓએ ગયા સૈકામાં દાખલ કરેલો ભક્તિનો પ્રધાન સૂર પ્રવર્તી રહ્યો હતો.

ભક્તિના પુનરુત્થાન સાથે જ અખાના સમયમાં ઘર કરી બેઠેલી ધાર્મિક બદીઓ ધીમે ધીમે પ્રવેશ પામવા લાગી. ધર્મ-ગુરુઓ પાછા પહેલાની જેમ લોભી, વિષયી અને દાંભિક બનતા ગયા; આને લીધે અખા જેવા સ્પષ્ટવક્તાની જરૂર પડી. **ધીરા** અને **ભોજા** નામના ભક્તોએ તે જરૂર પૂરી પાડી. અખો, ધીરો અને ભોજો એક જ જાતના કવિઓ તથા ઉપદેશકો હતા. ભક્તજીવન ગાળતા હોવાથી તેમ જ બીજાને તેમ કરવાનો બોધ આપતા હોવાથી તેઓ ભક્ત કહેવાયા. તેમણે બધાએ ભિન્ન ભિન્ન સંપ્રદાયોની હોંસાતોંસી છોડી દ[illegible]ને પરમાત્માનું શ્રદ્ધાથી અને સમજપૂર્વક ધ્યાન ધરવાનો ઉપદેશ આપ્યો છે. ધીરા અને ભોજાની કવિતામાં અખાનો જ્ઞાનભક્તિમાર્ગ પુન[illegible] પામ્યો. એની એ જ વાત ધીરો અને ભોજો અખા કરતાં વધ[illegible]રળતાથી અને અસરકારક રીતે કહી શકે છે. ભોજો પોતાના

'ચાબખા' માટે પ્રખ્યાત છે. તેના સમયમાં નજરે પડતા જુદા જુદા પ્રસંગોને લઈ કડક શબ્દોમાં તેના ઉપર ટીકા કરેલી હોવાથી તેની અસર ચાબખા જેવી કાતીલ છે.

તે વખતના પ્રચલિત સંપ્રદાયોથી નિરાશ થઈને લગભગ આ જ અરસામાં સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણ પંથની સ્થાપના કરી. આ પંથના સ્થાપકો અને અનુયાયીઓ ભક્તિમાં અને વૈરાગ્યમાં શ્રદ્ધા રાખનાર હતા. ભક્તિના અન્ય સંપ્રદાયોમાં પેઠેલો સડો દૂર કરીને શુદ્ધ સાધુચરિત જીવન ગુજારવાના નિયમોનું કડકાઈથી પાલન કરવાનો આ પંથ ખાસ આગ્રહ રાખતો. આ સંપ્રદાયના બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ વગેરે કવિઓ પાસેથી ગૂજરાતને અનેક જ્ઞાન–ભક્તિ–વૈરાગનાં પદો મળ્યાં છે.

૧૯ મા શતકના પૂર્વાર્ધના સાહિત્યનું મુખ્ય પ્રેરક બળ તે પ્રાચીન જમાનાનો છેલ્લો અને તેજસ્વી પ્રતિનિધિ **દયારામ.** એના પુરોગામી કવિઓના જીવન વિશે જેટલી માહિતી મળી શકે એમ છે તે કરતાં દયારામના જીવન વિશે વધારે માહિતી મળી શકે છે. ચાણોદમાં ઇ. સ. ૧૮૬૭માં દયારામનો જન્મ થયો હતો પરંતુ તેમણે પોતાના જીવનનો મોટો ભાગ ડભોઈમાં વ્યતીત કર્યો હતો. તેઓ મૂળ શિવમાર્ગી હતા, છતાં પાછળથી વલ્લભાચાર્યનો પંથ તેમણે સ્વીકાર્યો હતો. પ્રાથમિક અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને દયારામ વડોદરામાં સંસ્કૃતનો અભ્યાસ કરવાનો વિચાર કરતા હતા, તેવામાં એમના પિતાનું અવસાન થયું. એમનું નાનપણનું જીવન સ્વચ્છંદી અને ઢંગધડા વિનાનું હતું. એમને ગાયનનો શોખ હતો. કંઠ પણ મધુર હતો એટલે કવિતાનો એમને શોખ [illegible]ગ્યો. લગ્ન નહીં થવાને લીધે દયારામનું જીવન વધારે નિરંકુશ [illegible]નું. એમનું મોજીલાપણું, બાહ્યવર્તનમાં ટાપટીપ રાખવાની [illegible]ી

ટેવ, તથા ખાસ કરીને સ્ત્રીઓ સાથેના સંબંધમાં ટીખળ કરવાની એમની સ્વાભાવિક વૃત્તિ: આ સર્વ દયારામની યુવાવસ્થાની વિશિષ્ટતાઓ છે; પરંતુ એમના ઉત્તરજીવનમાં દયારામ વધારે ધાર્મિક અને સંયમી બન્યા; પુષ્ટિમાર્ગનું સાચું રહસ્ય સમજ્યા પછી તેમને પ્રેમભક્તિનો ખરો રંગ લાગ્યો. આ વાતની એમનાં કાવ્યોમાંથી સાબીતી મળે છે.

*　　　*　　　*

એમની કવિતા આત્મલક્ષી છે. એમાં કૃષ્ણભક્તિને ઊંચું સ્થાન મળ્યું છે. નરસિંહ મહેતા પછી એમણે કૃષ્ણભક્તિને ગૂજરાતી સાહિત્યમાં ફરીથી મહત્ત્વનું સ્થાન આપ્યું તેઓ પ્રેમ-ભક્તિના મોટા પ્રશંસક હતા અને તેમણે પોતાના જીવનને પ્રેમભક્તિમય બનાવી દીધું હતું. પુષ્ટિમાર્ગની ફિલસૂફીનો અભ્યાસ કરી તેમણે તે સમજાવવા એક ગ્રંથમાં પ્રયત્ન કર્યો છે.

દયારામે હિંદુસ્થાનમાં ખૂબ મુસાફરી કરી હતી. આથી અને સતત અભ્યાસથી તેમણે હિન્દી ભાષા પર સારો કાબુ મેળવ્યો હતો. એમનાં ઘણાં પદો હિન્દીમાં ય લખાએલાં છે. આ પર્યટન દરમિયાન પોતાના જ સંપ્રદાયના મહારાજોની ત્રુટીઓ તેમના જોવામાં આવી. આને જાહેરમાં ખુલ્લી પાડવાની હિંમત બતાવીને તેમણે પોતાના નિષ્પક્ષપાતી અને સ્વતંત્ર સ્વભાવનો પુરાવો આપ્યો છે; છતાં પુષ્ટિમાર્ગમાંની તેમની શ્રદ્ધા અચલ રહી શકી હતી.

[illegible]રામની લાવણીઓ અને ગરબીઓ ગૂજરાતમાં બહુ લોક[illegible] થઈ છે. એમની સરળ અને શિષ્ટ ભાષા, મધુર શબ્દોની વર[illegible]ા સંગીતમયતા એમનાં કાવ્યોને ચિરંજીવ બનાવે છે.

મીરાં, નરસિંહ અને દયારામ એક જ સંપ્રદાયના હતા, છતાં એમનાં જીવનમાં જેટલો ફેર હતો એટલો ફેર એમની કવિતામાં નજરે પડે છે. મીરાંનું અને નરસિંહનું જીવનમાં એક જ ધ્યેય હતું: કૃષ્ણભક્તિ, કૃષ્ણગુણગાન. સંસારની હરેક બાબતથી તેઓ નિર્લેપ હતા. દયારામ કૃષ્ણભક્તિના રંગે રંગાએલા છતાં સંસારથી અજાણ ન્હોતા. તેમની યુવાવસ્થા, રસિકતા અને સ્વચ્છંદમાં પસાર થઈ હતી એટલે જો કે દયારામની કવિતા આત્મલક્ષી છે અને પોતાની હૃદયોર્મિઓને સંતોષવાને લખાએલી છે છતાં 'માનવ હૃદયના સૂક્ષ્મ ભાવોનાં જુદાં જુદાં ઝીણાં-ઝીણાં સ્વરૂપનાં વિવિધ ચિત્રો' તેમાં ખડાં કરવામાં આવ્યાં છે. આ પ્રમાણે કૃષ્ણગુણગાનમાં ય દયારામે સંસારના પાશથી બંધાએલા મનુષ્યની હર્ષ-શોક, આશા-નિરાશા, પ્રેમ-વૈરાગ્ય, ઇત્યાદિ લાગણીઓને સ્થાન આપ્યું છે. એમની કવિતાના ત્રણ વિભાગ પાડી શકાય: (૧) ધાર્મિક-તત્વચિંતન વિશેની; (૨) નીતિ સંબંધી; (૩) શૃંગારરસની. છેલ્લા પ્રકારની કવિતા જેમાં ઊર્મિપ્રધાન અને સંગીતમય ગરબીઓનો સમાવેશ થાય છે. તેણે દયારામને ગૂજરાતમાં અત્યંત લોકપ્રિય બનાવ્યા છે. પહેલા બે પ્રકારની કવિતામાં કંઈ નવીનતા નથી. ત્રીજા પ્રકારની કવિતા દયારામની વિશિષ્ટતા છે. તેથી જ ગૂજરાતી સાહિત્યમાં દયારામનું નામ અમર રહેશે.

* * *

(૫ સંક્રાંતિ કાળ (૧૮૫૨–૧૮૮૦)

કવિ દયારામના અવસાન સાથે ૧૯મા સૈકાનો ઉત્તરાર્ધ શરૂ થાય છે. એ અરસામાં અંગ્રેજી અમલની અસર થવા માંડી હતી. સામાજિક અને રાજકીય પરિવર્તનો થઈ રહ્યાં હતાં. પ્રજા સંક્રાંતિકાળમાંથી પસાર થતી હતી. ‘બે યુગ વચ્ચેના પડદામાં પડતા ચીરા’ માંથી જોઈ રહેલા નર્મદ–દલપતે પોતાની કારકિર્દીનો આરંભ કર્યો હતો. અનેક પરિવર્તનોમાંથી પસાર થએલા પણ સંસ્કાર ને શિક્ષણમાં સ્થિર રહેલા મધ્યકાલીન યુગના છેલ્લા પ્રતિનિધિ, નરસિંહે ને મીરાંએ જેનાં બી વાવ્યાં હતાં, અખાએ જેનું જળસિંચન કર્યું હતું, પ્રેમાનંદે ને સામળે જેને ઉછેરીને મોટું કર્યું હતું તે યુગરૂપી વૃક્ષનો છેલ્લો ફાલ આપનાર દયારામના અવસાનથી તે જૂના યુગનું પ્રેરકબળ નાશ પામ્યું. તેમણે સમૃદ્ધ કરેલા વૃક્ષની પાસે જ નવીન શિક્ષણ–પદ્ધતિએ તથા તેનાથી પ્રેરાએલા સમાજસુધારકોએ નવા વૃક્ષનાં બી રોપ્યાં. અને ગૂજરાતી સાહિત્યનો હવે પછીનો ઇતિહાસ આ નવીન વૃક્ષની વૃદ્ધિનો ઇતિહાસ છે.

હિન્દુસ્થાનમાં અંગ્રેજી રાજ્યની સ્થાપનાથી લાભ–ગેરલાભ થયા છે. એક મોટો લાભ એ થયો કે અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરવાથી પશ્ચિમની સંસ્કૃતિ અને સાહિત્યનો ખજાનો આપણે માટે ખુલ્લો મુકાયો. જેઓએ પૂર્વની સંસ્કૃતિ ને સાહિત્યનો અભ્યાસ કરવાની તસ્દી લીધી હોય તેમને તેને મુકાબલે આ અભ્યાસ બહુ જ લાભદાયી થઈ પડવાનો સંભવ હતો; પરં[illegible] આપણા કેળવણીકારો સંસ્કૃત સાહિત્ય પ્રત્યે ઉદાસીનતા બ[illegible] ગયા અને પશ્ચિમના દેશોની બહારની ભભકથી એટલા

અંજાઈ ગયા કે જેથી પશ્ચિમની દરેક ચીજનું અંધ અનુકરણ કરવાની વૃત્તિ તેઓ કેળવવા લાગ્યા. આ બે અપવાદો સિવાય પશ્ચિમના સંસર્ગથી આપણું સાહિત્ય તો સમૃદ્ધ જ થયું છે.

દેશમાં ધીમે ધીમે શાંતિ પ્રસરવા લાગી. અંગ્રેજી સાહિત્ય-દ્વારા આંગ્લ સમાજનો ચિતાર આપણી સમક્ષ ખડો થતાં આપણને આપણી અવદશા સાલવા લાગી, આપણી સામાજિક બદીઓ ડંખવા લાગી, આપણે ઘણો સુધારો કરવાનો છે એવો ખ્યાલ આવવા લાગ્યો. શિક્ષિત જનસમૂહમાં આ અસંતોષ પેદા થયો હોવાથી તેઓએ સમાજને સુધારવાને, અશિક્ષિત જનસમુદાયને તેમનું ભાન કરાવવાને લેખો લખ્યા, ભાષણો આપ્યાં અને કેળવણી ને સાહિત્યનું પ્રચારકાર્ય વ્યવસ્થિત રીતે શરૂ કર્યું.

આ જ ઉદ્દેશથી અમદાવાદમાં 'ગૂજરાત વર્નાક્યુલર સોસાયેટી' સ્થપાઈ; સૂરતમાં 'માનવધર્મ સભા' અને મુંબઈમાં 'Students' Society,' 'જ્ઞાન પ્રસારક મંડળ' ને 'બુદ્ધિવર્ધક સભા'ની સ્થાપના થઈ. નર્મદ જેવાએ 'ડાંડિયો' નામે પત્ર કાઢીને સમાજસેવાની શરૂઆત કરી. આટઆટલી સભાઓની સ્થાપના ઇત્યાદિથી તે વખતના શિક્ષિતવર્ગના અદમ્ય ઉત્સાહનો આપણને ખ્યાલ આવે છે. સમાજની પુનર્રચના કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે તો આપણે અંગ્રેજોના ઋણી છીએ.

* * *

દયારામનું અવસાન ઇ. સ. ૧૮૫૨માં થયું. દલપતરામનો જન્મ ૧૮૨૦ માં અને નર્મદાશંકરનો ૧૮૩૩ માં થયો. એટલે દયારામ અને તેમની વચ્ચે બહુ ફેર નથી, છતાં દલપત...માં

આધુનિક યુગના સંસ્કારો પડ્યા હોવાથી તેમની પ્રવૃત્તિ આધુનિક બની. એમનું ઘડતર દયારામથી જુદા પ્રકારનું હતું; પરિણામે એમની પ્રવૃત્તિ પણ જુદા પ્રકારની બની.

જૂની પદ્ધતિએ કેળવાએલા હોવા છતાં નવી પદ્ધતિના પ્રચાલકોના સંસર્ગમાં આવી નવી કેળવણી પામેલા સુધારકોની હરોળમાં બેસવાને લાયક બનેલા જૂના સંસ્કાર અને જૂના વાતાવરણમાં ઊછરેલા હોવા છતાં પોતાના પૂર્વગ્રહમુક્ત મન (unprejudiced mind) ને લઈને સમાજને સુધારવાની અગત્ય સમજનાર, અને તે સમજીને અસલી સમાજના સ્તંભરૂપ સજ્જનોનો કોપ વહોર્યા વિના તે સડો દૂર કરવાને ડહાપણભર્યા સુધારા નરમાશથી સૂચવનાર, ડાહ્યા અને ઠરેલ દલપતરામ;—તેનાથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિના, એલફીન્સ્ટન કોલેજમાંથી સાહિત્યની રસેષણા પ્રાપ્ત કરનાર—સંસારસુધારાની પ્રેરણા મેળવનાર, નાની ઉમરથી મુંબાઈમાં રહેવાનું થયું તેથી કે બબ્બે વર્ષ સુધી કોલેજની સ્વતંત્ર હવામાં મહાલેલા તેથી કે કોણ જાણે કેમ પણ સ્વભાવે સ્વચ્છંદી ને કામ કરવામાં સ્હેજ ઉછાંછળા, 'પ્રેમ અને શૌર્ય'નો મંત્ર જીવનમાં ઉતારનાર, સુધારકોની છડેચોક બાંહેધરી કરનાર વીર નર્મદાશંકર—અધીરા નર્મદાશંકર;—આ બે આપણા અર્વાચીન જીવનના મન્થનકાળના બે ઝળહળતા તારાઓ, આપણા સાહિત્યનાં બે અમૂલ્ય રત્નો. તેમણે આપણામાં વિદ્યા માટે ઉત્સાહ આણ્યો, સમાજની દુષ્ટ બદીઓ તરફ આપણું લક્ષ દોરીને, રૂઢિબદ્ધ, અભંગ ગણાતા દુષ્ટ રિવાજોનો નાશ કરવા આપણામાં ચેતન મૂક્યું, આપણા જીવનને કવિતામાં સ્થાન આપ્યું—કવિતાને જીવનમાં સ્થાન આપ્યું; લગભગ વીસમી સદીની શરૂઆત સુધી તે બે આપણાં અણમૂલાં પ્રેરક રહ્યાં.

*　　　*　　　*

દલપતરામે અને નર્મદાશંકરે પુષ્કળ લખ્યું છે. ગદ્ય લખાણની તો તેમણે શરૂઆત કરી એમ કહીએ તો ચાલે. તેમણે કવિતા પણ સારા પ્રમાણમાં લખી છે. છતાં મોટે ભાગે સારી કવિતાનાં લક્ષણોનો તેમાં અભાવ છે. આ માટે તે વખતનું વાતાવરણ જવાબદાર છે. રાજકીય શાંતિ મળેલી હોવાથી કેળવાએલા વર્ગના જીવનનું ધ્યેય સમાજસુધારો હતો. તે સમયે એ વિશે એટલો બધો ઉહાપોહ થતો કે એની અવગણના કરવી એ દલપતરામ જેવા માટે ય અશક્ય હતું. પ્રજાના મનોમંથને પહેલી જ વાર ગૂજરાતી સાહિત્યમાં આટલી સચોટ છાપ પાડી, પહેલી જ વાર આપણા પ્રજાજીવનનું નિર્મળ પ્રતિબિંબ તે સમયના સાહિત્યમાં પડ્યું. પરિણામે, દલપત–નર્મદની કવિતા પર-લક્ષી બની.

એટલે સમાજસુધારા સિવાય પોતાની સાહિત્યપ્રવૃત્તિ માટે બીજા વિષયો શોધવાનું કામ તેમને માટે મુશ્કેલ હતું. જે કવિતા બોધપ્રધાન હોય તેમાં કલ્પના ભાગ્યે જ સ્થાન પામે છે. દલપત-નર્મદના કાવ્યસંગ્રહોમાંથી મોટો ભાગ કાઢી નાખવાથી તેમની કીર્તિને સહેજ પણ ઝાંખ લાગે એમ નથી. બાળકોને માટે લખાએલી અને પ્રકૃતિવર્ણનની કવિતા દલપતરામની કવિ તરીકેની કારકિર્દી ઉજ્જવલ બનાવે છે; નર્મદાશંકરની વીરરસવાળી, ઉપદેશાત્મક કવિતા યુવકોને હજી ય પ્રોત્સાહન આપે છે. આ પ્રમાણે દલપત–નર્મદની કવિતાનો મોટો ભાગ જો કે કવિતા કહેવાવાને લાયક નથી છતાં તેનો અમુક ભાગ જરૂર કવિ તરીકે તેમનું નામ અમર બનાવે છે.

* * *

દલપતરામે માત્ર સંસ્કૃત અને વ્રજ ભાષાનો અભ્યાસ કરેલો. નવી કેળવણીની શરૂઆત તે વખતે ન્હોતી થઈ એમ કહીએ તોપણ ચાલે. સરકારી નોકરીમાં રહ્યા છતાં કવિતા માટેનો તેમનો શોખ તેમને બીજી દિશા તરફ દોરતો હતો. ૧૮૫૫માં સરકારી નોકરી છોડી દઈને તેમણે ગૂજરાત વર્નાક્યુલર સોસાયેટીના મદદનીશ મંત્રીનો ઓદ્દો સ્વીકાર્યો. ગૂજરાતનું અક્ષરજીવન ઘડવામાં અતિ ઉપયોગી નીવડેલી આ સંસ્થાને પગભર કરવામાં દલપતરામે જે સુંદર ફાળો આપ્યો તે તેમનું પ્રથમ મહાન કાર્ય છે. રાજદરબારમાં કે ધનિક આશ્રયદાતા કને જઈને તેમની પ્રશંસાના જોડકણાં બનાવીને કે બીજી રીતે તેમને રીઝવીને તેમણે સોસાયેટી સારુ, ઠીક ભંડોળ એકઠું કર્યું. ૧૮૫૫ થી ૧૮૭૮ સુધી તેમણે 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે કાર્ય કર્યું એ તેમની બીજી મહાન સેવા. આ માસિકે નવગૂજરાતનું માનસ ઘડવામાં ઓછી સહાય આપી નથી. ત્યારપછી નબળી તબીઅતને લીધે તેમને નિવૃત્ત થવાની ફરજ પડી, છતાં ૧૮૯૮ માં તેમનું અવસાન થયું ત્યાંસુધી એમની કાવ્યપ્રવૃત્તિ ચાલુ હતી.

એમની કવિતામાં સુધારા—સામાજિક ને ઔદ્યોગિક—વિશે ખાસ આગ્રહ રાખવામાં આવ્યો છે. સામાજિક સુધારા પરત્વે ઘણા કાવ્યગ્રંથો એમણે રચ્યા છે. એમાં 'વેનચરિત' નામનું કાવ્ય સૌથી શ્રેષ્ઠ છે. બાળલગ્ન અને વિધવાવિવાહપ્રતિબંધ સામે આ કાવ્યમાં નરમાશથી વિરોધ કરવામાં આવ્યો છે. કવિની મનોવૃત્તિ એક જ લીટી પરથી સમજી શકાય છે:

સજ્જન સંભળાવજો રે
ધીરે ધીરે સુધારાનો સાર.

"હુમરખાનની ચડાઈ"નું કાવ્ય પણ એક સુંદર રૂપક કાવ્ય છે. અને તે કવિની દીર્ઘદૃષ્ટિનો ખ્યાલ આપે છે. સ્વદેશપ્રેમ અને સ્વાતંત્ર્યપ્રિયતા પણ કવિનાં કેટલાંક કાવ્યોમાં નજરે પડે છે.

*   *   *

સુરતની નાગરબ્રાહ્મણ કોમમાં **નર્મદાશંકરનો** જન્મ ઇ. સ. ૧૮૩૩ માં થયો હતો. નાનપણથી મુંબઈમાં રહેવાનું થયાથી નર્મદાશંકરને દલપતરામ કરતાં સારું શિક્ષણ મળ્યું એટલું જ નહીં પરંતુ તેઓ નવીન વાતાવરણના ગાઢ સમાગમમાં આવવાથી તેનો જુસ્સો તેઓ સંપાદન કરી શક્યા. તેઓ એલ્ફીન્સ્ટન કોલેજમાં હતા ત્યારે અંગ્રેજી સાહિત્ય માટે શોખ કેળવ્યો, સંસ્કૃત સાહિત્યનું વાંચન વધાર્યું, કવિતા-નિબંધો લખવાની શરૂઆત કરી, વિવાદમંડળો સ્થાપી નિબંધવાચન કે ચર્ચાદ્વારા અગત્યના પ્રશ્નો ઉપર લોકમત કેળવવા માંડયો. આ રીતે સાહિત્યકાર તરીકે તેમ જ પ્રચારક તરીકે જાહેરજીવન ગાળવાની લાયકાત તેમણે કેળવવા માંડી; છતાં તે વખતની બાળલગ્નની રૂઢિએ આમાં વિક્ષેપ નાંખ્યો, ને તેમને પોતાની બધી પ્રવૃત્તિઓ બંધ કરીને સુરત જઈ ઘર માંડવું પડયું. શિક્ષક તરીકે કામ કરતા હતા ત્યારે ય નર્મદાશંકરની મુખ્ય પ્રવૃત્તિ સમાજસુધારાની હતી; કાવ્યશાસ્ત્ર, પિંગળ ઇત્યાદિનો અભ્યાસ પણ ચાલુ હતો. કવિનું મન એ દિશામાં જ હતું એનો અચૂક પુરાવો મુંબાઈમાં ઇ. સ. ૧૮૫૮માં નોકરીનો ત્યાગ કરી પોતાની આજીવિકા માટે સરસ્વતીદેવી ઉપર આધાર રાખવાની તેમની પ્રતિજ્ઞા ઉપરથી મળી આવે છે. આ પ્રતિજ્ઞાનું પાલન કરવામાં કવિને બેશુમાર આર્થિક વિટંબણાઓમાંથી પસાર થવું પડયું. તેની દરકાર કર્યા વિના ટેકીલા, વીર નર્મ[illegible]ાની

ઉપયોગી પ્રવૃત્તિ ચાલુ રાખી. પરિણામે, ગૂજરાતને અનહદ લાભ જ થયો છે. એમના નર્મકોશ ને નર્મકથાકોશ ગુજરાતી ભાષા–સાહિત્યના નવીન ક્ષેત્રનાં પ્રથમ અને સફળ સાહસ છે. એમનું નર્મગદ્ય શિષ્ટ ગૂજરાતી ગદ્યના પ્રથમ પુસ્તક તરીકે, તેમજ સામાજિક સુધારાની ધગશ ઉત્પન્ન કરનાર નિબંધોના સંગ્રહ તરીકે ચિરઃસ્મરણીય રહેશે. એમની 'નર્મકવિતા' પદ્યસાહિત્યમાં નવીન માર્ગ ખોલનારી હોઇને તે કાળની પ્રજાના માનસનો આબેહૂબ ચિતાર રજૂ કરે છે. નર્મદાશંકરની કાવ્યપ્રવૃત્તિને આપણે ઊંચા પ્રકારની ન ગણીએ તોપણ એમની સર્વદેશીય સાહિત્યપ્રવૃત્તિના મુક્તકંઠે વખાણ કર્યા વિના ચાલે એમ નથી.

ગૂજરાત આજે એમની ગુર્જરભાષા–સાહિત્યની અમૂલ્ય સેવા માટે એમનું સ્મરણ કરે છે, પરંતુ એમના સમયનું ગૂજરાત નર્મદાશંકરને વીર નર્મદ, સુધારક નર્મદ તરીકે ઓળખાતું હતું. સુધારાની એમની રણહાક, એમના 'ડાંડિયા'નો જાગૃતિનાદ, ગૂજરાતમાં ઘરઘર સંભળાયો; તેથી કેળવાએલા યુવકોના લોહી ઊછળી આવ્યા અને તેઓ પણ દુષ્ટ સામાજિક રૂઢિઓનો નાશ કરવાને નર્મદશંકરની પાછળ બહાર પડ્યા. નર્મદની રણહાક :

> સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે,
> યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે.

હજી ય જુવાનીઆઓનું ઊછળતું લોહી ઉકાળે છે તો તેની હયાતીમાં તેમ કરે તેની શી નવાઈ? એમણે માત્ર સમાજ-સુધારાનો ઉપદેશ જ ન્હોતો કર્યો; પોતાની બીજી પત્નીની હયાતીમાં એક વિધવા સાથે લગ્નસંબંધ યોજીને પોતાની જ્ઞાતિ[illegible]પ વહોર્યો હતો. તેમના આ પગલાની યોગ્યતા આજે કોઇ [illegible] જ સ્વીકારશે. તથાપિ એ કવિના જુસ્સાની અને

સ્વમતાભિમાનની સાબિતી આપે છે. તેમની જિંદગીના ઉત્તરાર્ધમાં તેમનામાં 'ડહાપણ' આવ્યું ને સુધારાની ધગશ ઊડી ગઈ તેથી નિરાશ થવા છતાં, તેમના નેતૃત્વ વિના, તેમના યુવાન મિત્રો અને અનુયાયીઓ 'રણ ઘૂમો ઘૂમો' નો મંત્ર અમલમાં મૂકયા જ ગયા અને જાય છે એ નર્મદની કવિતાની અને વ્યક્તિત્વની અસર બતાવે છે; અને આજે પણ આપણે નર્મદાશંકરની કવિતામાંની પ્રેરણા મળે છે તે અર્થસૂચક છે. છૂટીછવાઇ બદીઓના નાશ સિવાય આપણો સમાજ પ્રાચીનકાળના જેવો જ છે, ને તેથી અડધા સૈકા જેટલી જૂની દલપત–નર્મદની કવિતા હમણાં જ લખાઇ હોય એમ લાગ્યા વિના રહેતું નથી. ટૂંકમાં દલપત–નર્મદ કવિ ખરા, શારદાસેવકો ય ખરા; પરંતુ તેમની ગણના પ્રથમ નવીન યુગના ઘડનાર તરીકે થવી જોઈએ.

(૬) નવીન કવિતાસાહિત્યનો ઉષઃકાળ (૧૮૮૦–૧૯૧૧)

દલપત–નર્મદ પછી ગૂજરાતી સાહિત્યે અકલ્પ્ય પ્રગતિ સાધી છે. આપણા સાહિત્યસેવકોએ એટએટલી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી છે કે ૧૮૮૦ પછીના સાહિત્યના ઇતિહાસનું વર્ગીકરણ કરવું બહુ મુશ્કેલ છે. એક યુગનાં લક્ષણો નજરે પડતાં બંધ થાય તે પહેલાં તો નવીન યુગનાં લક્ષણો નજરે પડે છે. ટૂંકમાં, સાલવાર વિભાગો પાડવા એ કપરું કામ છે. છતાં આપણો પ્રયત્ન સાલોના અભ્યાસનો નહીં, પરંતુ આ સમયનાં ભિન્નભિન્ન લક્ષણોનો અભ્યાસ કરવાનો હોવો જોઇએ.

સંક્રાંતિયુગમાં નવીન સમાજના ઘડતરની શરૂ થઈ ત્યારપછી સાહિત્યકારોની દષ્ટિ સામાજિક સુધારા તરફ એલી રહેવાને બદલે વિશાળ બનવા લાગી; અંગ્રેજી કૃત્યના

અભ્યાસની વધારે ગાઢ અસર થવા લાગી; આંગ્લ કવિતા-સાહિત્યનું પાન કરીને આપણા કવિઓ કવિતાનાં ઉત્તમ તત્ત્વો તરફ લક્ષ દોરવાની પ્રેરણા મેળવવા લાગ્યા. પ્રકૃતિવર્ણનની શરૂઆત નર્મદ–દલપતે કરી હતી. શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દીવટિયાએ એ તત્ત્વને પોતાનાં કાવ્યોમાં ખાસ સ્થાન આપ્યું.

શ્રી. **નરસિંહરાવ**નો જન્મ ૧૮૫૯માં અમદાવાદમાં થયો હતો. એમના પિતાશ્રી રા. બ. ભોળાનાથ સારાભાઈ અમદાવાદના જાણીતા સંસારસુધારક હતા. ઈશ્વરપ્રાર્થનામાળામાંના ભજનો કવિ તરીકેની તેમની શક્તિ ઉપર પ્રકાશ પાડે છે. આવા સંસ્કારોમાં ઊછરેલા, અને મુંબાઈની એલફીન્સ્ટન કોલેજમાં ઉચ્ચ શિક્ષણ પામેલા શ્રી. નરસિંહરાવે ૧૮૮૩માં સરકારી નોકરી સ્વીકારી; ૧૯૧૨ સુધી આસીસ્ટન્ટ કલેક્ટર તરીકે ગૂજરાત, સિન્ધ, કર્ણાટક વગેરે પ્રાંતોમાં નોકરી કરીને તેઓ નિવૃત્ત થયા. આ સમય દરમિયાન તેમનો સાહિત્યનો શોખ વૃદ્ધિ પામ્યો. કવિ તરીકે, ગદ્યલેખક તરીકે, વિવેચક તરીકે અને ભાષાશાસ્ત્રી તરીકે તેમણે સારી ખ્યાતિ સંપાદન કરી. ગૂજરાતી સાહિત્ય માટે તેમને એટલો બધો પ્રેમ છે કે નિવૃત્ત થયા પછી આજપર્યંત એટલે સીત્તેર વર્ષની ઉમર થઈ છતાં, તેઓ એલફીન્સ્ટન કોલેજમાં ગૂજરાતીના અધ્યાપક તરીકે કામ કરી રહ્યા છે. તેમની વિવિધ સાહિત્યપ્રવૃત્તિમાંથી અહીં માત્ર કવિ તરીકેની તેમની કારકિર્દીનો ઉલ્લેખ કરવામાં આવશે.

એમની કવિતાના ચાર સંગ્રહો બહાર પડ્યા છે. ૧૮૮૭માં 'કુસુમમાળા' નામનો સંગ્રહ પ્રગટ થયો. વિદ્યાર્થી તરીકે તેમજ ત્યાર પછી તેમણે જે કાવ્યો લખેલાં તેનો આ સંગ્રહ છે. એને વિશે જ એમના ત્યારપછીના 'હૃદયવીણા' અને 'નૂપુરઝંકાર'

નામના સંગ્રહો વિશે બે મતો પ્રચલિત છે. વિવેચકોનો એક વર્ગ એવો છે કે જે નરસિંહરાવનાં કાવ્યો Palgraveની Golden Treasuryમાંનાં કાવ્યોનાં નર્યાં ભાષાંતર ગણે છે. શ્રી. રમણભાઈના પંથના વિવેચકો એમનાં કાવ્યોની મુક્તકંઠે પ્રશંસા કરે છે.

શ્રીયુત નરસિંહરાવની કવિતા આત્મલક્ષી તેમજ પરલક્ષી છે. નર્મદાશંકરની સંસારસુધારાની ધગશ કુસુમમાળા અને હૃદયવીણામાં નજરે પડે છે. ખાસ કરીને બાળલગ્ન અને વિધવાઓની અવદશા કવિના પ્રિય વિષયો છે. ઐતિહાસિક વિષયો ઉપરની તેમની કવિતા પણ આકર્ષક છે. પરંતુ તેમની વિશિષ્ટતા પ્રકૃતિ વિશેનાં તેમનાં કાવ્યો છે. કુદરતના વિવિધ અને મનોહર દૃશ્યો કવિના ઊર્મિપ્રધાન હૃદય ઉપર એટલી સચોટ અસર કરતાં કે તે ઊર્મિ[illegible]ને કવિ પોતાની પ્રાસાદિક વાણીમાં ઉતારી શકતા. આ પ્રકારન[illegible] કાવ્યો આત્મલક્ષી બને છે.

પિંગળશાસ્ત્રના નિયમોનું સખ્તાઈથી પાલન કરવાની, તેમજ કાવ્યનાં માધુ[illegible] અને સરળતાને ભોગે પણ ધારેલો અર્થ જળવાઈ રહે એવા શ[illegible]દોની પસંદગી કરવાની તેમની ચોકસાઈ ધ્યાન ખેંચે એવી છે. કવિ સમર્થ વિચારક છે, ભાષાશાસ્ત્રી પણ છે; તેથી અર્થક્ષતિ [illegible] ભાષાદોષ નિભાવી લઈને ય કાવ્યનું સંગીત જાળવવા તેઓ ઉત્સુક નથી. આથી કેટલીક વાર એમની કવિતા સમજવી મુશ્કેલ પડે છે. કવિનું બીજું ખાસ લક્ષણ એમનાં કાવ્યોમાં જણાતી વિચારોની ગહનતા છે. બીજાં કાવ્યો કરતાં 'સ્મરણસંહિતા'માં આ લક્ષણ વિશેષે કરીને નજરે પડે છે છતાં એ કરુણપ્રશસ્તિ કાવ્યમાંની પ્રભુ પરની અચલ શ્રદ્ધા, તે[illegible] [illegible]દ-માધુર્ય તથા સ્વજનના અકાલ અવસાનથી ઘવાએલા અને [illegible]ઃખે

પીડાતા કોમળ હૃદયના આર્દ્ર ભાવો કાવ્યરસમાં આપણને તરબોળ કરી મૂકે છે.

શ્રી૦ 'કાન્ત' ઉર્ફે મણિશંકર રત્નજી ભટ રા. નરસિંહરાવના સમોવડીઆ અને મિત્ર હતા. કાન્તને ૧૪–૧૫ વર્ષની નાની વયથી જ કવિતા લખવાનો શોખ હતો; તેઓ એલફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યાંસુધીમાં એ વિકાસ પામ્યો. એમનાં જીવન અને કાવ્યો સમજવાને એટલું યાદ રાખવાની જરૂર છે કે 'તેમનું હૃદય વેગીલું, આવેશમય, કોમળ, વિશાળ, સમસ્ત જનતા સાથે સમભાવ રાખનારું, ગંભીર, દુનિયાના ઉપર ઉપર દેખાતા ચળકાટથી મોહ ન પામતાં ઊંડા ઊતરી તલસ્પર્શ કરનારું અને તેથી સત્યાન્વેષણમાં મચી રહેલું હતું' આવા હૃદયને લીધે જ તેમણે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો અને થોડા જ સમયમાં શુદ્ધ થઈ પાછા હિન્દુ બન્યા. એને જ લી એમનાં કાવ્યો જુસ્સાવાળાં, ભાવનામય, અને વિવિધ લાગણીઓ સ્વા ાવિકતાથી આલેખનારા હોઈ અત્યંત હૃદયસ્પર્શી બન્યાં છે. એમ ી કવિતા બહુધા આત્મલક્ષી હોવાથી એનો કેટલોક ભાગ પૂર્ણ રીતે સમજવાને લેખકનાં જીવન તેમજ મનોદશા સંબંધી માહિતી મેળવવાની આવશ્યકતા અનિવાર્ય છે.

૧૮૮૯ માં 'વસન્તવિજય' નામનું એમનું ર્વોત્તમ કાવ્ય પ્રસિદ્ધ થયું. એમાં મહાભારતના એક સુપ્ર ીત પ્રસંગનું આલેખન છે. તે એટલી નૈસર્ગિક કવિત્વ–પ્રેરણા વડે લખાએલું છે કે ુગનાં કાવ્યોમાં તે સહેલાઈથી પ્રથમ પદ પ્રાપ્ત કરી શકે. ખણ્ડકાવ્યમાં તેમણે સંસ્કૃત વૃત્તોની વિવિધતા દાખલ કરી. ા કાવ્યોમાં એક જ વૃત્તને લીધે ઊપજતો કંટાળો આથી

દૂર થયો એટલું જ નહીં પરંતુ વારંવાર બદલાતા ભાવોનું અસરકારક છતાં વાસ્તવિક આલેખન કરવામાં આ રીતિ બહુ ઉપયોગી થઈ પડી. એમણે પોતે આ રીતનો બીજાં કાવ્યો રચવામાં ઉપયોગ કર્યો તે ઉપરાંત નરસિંહરાવ અને કલાપીએ પણ એનું અનુકરણ કર્યું. આજે એ રીત બહુ સામાન્ય થઈ પડી છે.

નરસિંહરાવ અને કાન્ત કરતાં કલાપીની કવિતા વધારે લોકપ્રિય નીવડી છે. કાઠિયાવાડના લાઠી સંસ્થાનના ઠાકોરશ્રી સુરસિંહજીએ કલાપીના ઉપનામથી કવિતા લખવી શરૂ કરી હતી. પચ્ચીસ વર્ષની યુવાન વયમાં તેમણે સારી સંખ્યામાં કાવ્યો લખ્યાં છે. તેમનું હૃદય પ્રેમાળ હતું; દુઃખ અને મુશ્કેલીઓની પરવા કર્યા વિના તેમણે સાચો સ્નેહ જાહેર રીતે પાળ્યો–પોષ્યો હતો. પોતાની સ્ત્રી રમા સાથે આવેલી શોભનાને તેઓ ચાહ ા હતા. રમા પ્રત્યેની પોતાની ફરજ તેઓ બજાવી શકતા ન્હો ા તેથી તેઓ દિલગીર થતા અને અનેકવાર પોતાના હૃદયમાંથી ઝરતા કુદરતી પ્રેમપ્રવાહને રોકતા; આખરે તે અશક્ય થ પડ્યું ત્યારે તેમણે એ પ્રયાસ છોડી દીધો. પોતાની પરણેતરની લાગણીની દરકાર કર્યા સિવાય, રાજ્યકર્તા તરીકેની પ્રતિષ્ઠાના ૯ રેને ન ગણકારતાં, શોભનાના પતિ તથા અન્ય સંબંધીઓના વ વિરોધ છતાં, તેમણે ૧૮૯૮માં શોભના સાથે લગ્ન કર્યું. ઇ. ૧૯૦૦માં પચ્ચીસ વર્ષની અકાળ વયે તેમનું અવસાન થવાર પા સંબંધ લાંબો સમય ટકી શક્યો નહીં. છતાં બીજાં લગ્નનો ા પ્રસંગ તેમના પ્રેમના આવેશવાળા હૃદયનો આપણને ખ્યાલ આપે છે.

એ જ કોમલ હૃદયના વિવિધ ભાવોની બીન અને સહૃદયતા એમની કવિતાને ગુજરાતમાં લોકપ્રિય બનાવવાના ારણ-

ભુત છે. 'હૃદયત્રિપુટી'માં એમના ટૂંક જીવનનો મુખ્ય પ્રસંગ ચીતરાયો છે; એમાં એમણે પોતાનું આખું હૃદય ઠાલવ્યું છે. એમનાં બીજાં કાવ્યોમાં કવિના હૃદયના એવા ભાવો વ્યક્ત થયા છે કે જે વાચકોનાં હૃદય ઉપર એકદમ વિજય મેળવી શકે–કે જેથી વાચકોને એમ જ લાગે કે પોતે જે કાવ્ય છે તેમાં એમના પોતાના જ વિચારોને તથા ભાવોને સ્થાન મળ્યું છે. આથી તેઓ ફરી ફરી કલાપીની કવિતા ચાહીને વાંચે છે અને બીજા કોઈ કવિની કૃતિમાંથી મેળવ્યો હોય તેથી વધારે આનંદ મેળવે છે. વિચારો તેમ જ ભાવોની પારદર્શક નિર્મળતાથી ઉત્પન્ન થતી અસરમાં છંદની વિવિધતા, પાત્રો અને પ્રસંગોનું વાસ્તવિક વર્ણન તથા સરળ ભાષા ખાસ વધારો કરે છે. માત્ર એક દાયકાની કાવ્યપ્રવૃત્તિનું આટલું સુંદર અને સફળ પરિણામ આવે એ કલાપીની કુદરતી વિત્વશક્તિનો પુરાવો છે.

શ્રી૦ અરદેશર ફરામજી ખબરદાર ગૂજરાતના મ ીતા પારસી કવિ છે. તેઓ દમણના મૂળ રહીશ છે છતાં ધં ૫ લાંબા સમયથી મદ્રાસમાં જ રહે છે. ગૂજરાત અને ગૂજરાતી ભાષાસાહિત્ય માટેના તેમના અગાધ પ્રેમનું આ કદાચ એક કારણ હશે આવા દૂરના રહેવાસને લીધે જ કદાચ તેમને 'જ્યાં જ્યાં વસે એક ગૂજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત'ની કવિતા લખવાની ેણા મળી હશે. ગૂજરાતની કીર્તિના, તેના ગૌરવના અને તેના ૩ પ્રેમના વિચારો તેમના જેટલી સચોટપણે–સતતપણે નર્મદ સિ ભાગ્યે જ કોઈ કવિએ પોતાની કવિતામાં દાખલ કર્યા હશે. સ્વદેશ ની ભાવના તરફ પણ ાનું સારું લક્ષ હતું–'ભારતનો ટંકાર' દેવીનું ખપ્પર' ઇત્યાદિ કાવ્ . પુરવાર કરે છે.

રા૦ ખબરદાર પારસી છે છતાં એમની ભાષા શુદ્ધ અને શિષ્ટ છે. વળી તેની સરળતા એમનાં કાવ્યોને મોહક બનાવે છે. શાંત તરંગો કે કલ્પનાઓની ગુંથણી, સરળ ભાષામાં મધુર શબ્દપ્રવાહ, તેમનાં કાવ્યોને અત્યંત લોકપ્રિય બનાવે છે. અંગ્રેજી સાહિત્યની અસર તેમની કવિતા ઉપર પડી છે. તેમણે અંગ્રેજી કાવ્યો પણ લખ્યાં છે.

શ્રી૦ **લલિત** ઉર્ફે રા૦ જન્મશંકર મહાશંકર બુચનો જન્મ જુનાગઢમાં ઇ. સ. ૧૮૭૭ માં થયો હતો. ૧૯૧૩ સુધી કાઠિયાવાડમાં રહ્યા બાદ વડોદરા રાજ્યના પુસ્તકાલયખાતામાં ૧૯૨૦ સુધી લોકોપદેશક તરીકે તેમને રોકવામાં આવ્યા હતા. અસહકારની હિલચાલ વખતે મુંબાઈની રા ટ્રીય વિદ્યાલયમાં ગૂજરાતીના અધ્યાપક તરીકે ચાર વર્ષ સુધી તેમણે કામ કર્યું હતું.

૧૮૯ માં એમની કાવ્યપ્રવૃત્તિ શરૂ થઈ. એમનાં કાવ્યોના બે સંગ્રહો 'લ તના કાવ્યો' અને 'વડોદરાને વડલે' બહાર પડ્યા છે. સ્વદેશભક્તિ, લગ્ન-સ્નેહ, પ્રેમયુક્ત પ્રભુભક્તિ, બાલભાવ, જીવન-સૌંદર્ય ઇત્યાદિ વિવિધ વિષયોપર એમનાં કાવ્યો રચાયાં છે અને રચાય છે. 'મીઠા ગૃહજીવ ' મધુરા પ્રસંગોને ખરી દિવ્યતા અર્પનાર પ્રેમ છે, જે પ્રેમ દમ્પતી સહોદર-પ્રેમ, વત્સલપ્રેમ, દેશપ્રેમ, વિશ્વપ્રેમનાં જુદાં જુદાં સ્વરૂ ામે છે. તે પ્રેમનાં જુદાં જુદાં સ્વરૂપનાં ગીતો રા. લલિતે જેવા ા ભાવથી અને હૃદયના ઊમળકાથી લખ્યાં છે તેવાં ગૂજરાતી પ ાં મળવા મુશ્કેલ થઈ પડે તેવી હજી સુધી તો સ્થિતિ છે.' (અં રેયા).

'મઢૂલી' વિનું અને ગૂજરાતનું માનીતું કાવ્ય ં કવિ એને જીવનગીત ખે છે-જીવનગીત એટલે જીવનની ઝૂંપડી,

જીવનનો આદર્શ આલેખતું કાવ્ય. એકબીજા સાથે સહકાર કરીને: એકબીજાનાં સુખદુઃખમાં ભાગીદાર બનીને, પ્રભુભક્તિમાં જીવન વ્યતીત કરવાનો આદર્શ કવિ રજૂ કરે છે.

રા. લલિતનાં કાવ્યોમાંના વિચારોનું પૃથક્કરણ કરીને તેમનું મૂલ્ય આંકવાથી તેમને અન્યાય થવા સંભવ છે. કેટલાંક કાવ્યોમાં વિચારો અસ્પષ્ટ અને અસંબદ્ધ જણાય છે, છતાં કવિની પ્રેમની ભાવના, તે વ્યક્ત કરવા સારુ યોજાએલી સંગીતમાધુર્યથી અને મૃદુતાથી છલકાતી શબ્દરચના, અને હૃદયનો ઉલ્લાસ, તેમની કવિતાને આપણા સાહિત્યમાં ઉચ્ચ સ્થાન આપે છે.

આ યુગના બીજા કવિઓથી અંગ્રેજી કેળવણી અભાવે જુદા પડતા સ્વ. દામોદર બોટાદકરે કાઠિયાવાડમાં શા[ન્]ત ગ્રામ-જીવન ગાળ્યું હતું. અંગ્રેજી કેળવણીનો સીધો લાભ [તે]મણે લીધો ન્હોતો છતાં પોતાના મિત્રોની મદદથી અંગ્રેજી કવિતા[નો] પરિચય તેમને થયો હતો અને તેની છાયા તેમનાં થોડાંક કાવ્યો[મ]ાં નજરે પડે છે; પરંતુ આવો અંશ તદ્દન નજીવો છે. શ્રી. બોટાદકરનું જીવન ગામડામાં વ્યતીત થએલું હોવાથી સ્વભાવિક [ર]ીતે પ્રકૃતિ સાથેનો એમનો ગાઢ પરિચય એમનાં કાવ્યોમાં પ્રતિબિં[બ]િત થએલો માલમ પડે છે. પ્રકૃતિ સાથેના નિકટના સંસર્ગથી [ઉ]પજ થએલી આબેહૂબ વર્ણનશક્તિમાં ગ્રામજીવન તથા ગૃ[હજીવ]નના વિવિધ પ્રસંગોના અને ભાવોના વાસ્તવિક આલેખનનું [મિ]શ્રણ થવાથી એમની કવિતા અત્યંત મધુર, ભાવવાહી, અને [હૃદય]સ્પર્શી બને છે. એમના રાસોમાં આજ લક્ષણો વિશેષે કરીને [નજર]માં આવે છે.

[આ]જ યુગમાં રા. હરિલાલ ધ્રુવ, [ર]ા. ગોવર્ધનરામ ત્રિપાઠી, રા. મલબારી, રા. બાલાશંકર ઉલ્લાસરા[મ], રા. મણિલાલ દ્વિવેદી, સર રમણભાઈ નીલકંઠ [વગ]ેરે ગૃહસ્થોએ

સાહિત્યસેવા કરી હતી. તેમણે કવિતા પણ લખી છે, છતાં કવિ તરીકેની તેમની કારકિર્દી એટલી બધી ધ્યાન ખેંચે એવી નથી. સાહિત્યનાં ઈતર ક્ષેત્રોમાં તેમણે બહુ સુંદર ફાળો આપ્યો છે. તે જ યુગના પ્રોફેસર બળવંતરાય કલ્યાણરાય ઠાકોર હજી ગૂજરાતી સાહિત્યની પૂર ઉત્સાહથી સેવા કરી રહ્યા છે. એક વિવેચક તરીકે, એક કવિ તરીકે અને નાટક—નવલકથા—પ્રકીર્ણ નિબંધના એક લેખક તરીકે ગૂજરાતમાં તેમની ખ્યાતિ પ્રસરી છે.

(૭) રાસયુગ: ૧૯૦૯—

૧૯૧૫માં શ્રી. નરસિંહરાવનું છેલ્લું કાવ્ય–સ્મરણસંહિતા– પ્રગટ થયું ત્યાંસુધીના સમયને નવીન કવિતાસાહિત્યનો ઉપ:કાલ ગણ્યો છે. છતાં એ સમય પૂરો થાય તે અગાઉ કવિતાનાં બીજાં લક્ષણો અ· ૧ કવિઓની કવિતામાં દેખા દેતાં હતાં. શ્રી. **નાનાલાલ** દલપતરામ કવિએ પોતાની કાવ્યપ્રવૃત્તિનો આરંભ ૧૯૦૩થી કરી દીધે હતો. એમની પહેલાં રાસ લખવાની શરૂઆત થઈ હોય છતાં શ્રી. નાનાલાલને જ આ યુગના પ્રણેતા ગણવામાં ર વે છે, કારણ કે કલ્પનાનાં ઉડ્ડયનો, શબ્દોની કોમળતા અને આખ્યાં ·યોની ગેયતાએ આવા પ્રકારનાં એમનાં કાવ્યોને સારા ગૂજરાત: ોકપ્રિય બનાવી મૂક્યાં છે. આવાં સુંદર લક્ષણોવાળાં તેમનાં નાનાં ો કે રાસો ગૂજરાતીઓને—ને ખાસ કરીને ગૂજરાતણોને—એ સમાએલો કાવ્યાનંદ ઉલ્લાસભેર મા'ણવાને પ્રેરણા આપે . ચંદ્રના શીળા તેજમાં જ્યારે પંદર–વીસ ગૂજરાતણો રા. નાનાલાલના કાવ્યમાધુર્યમાં પોતાનું ^માધુર્ય ઉમેરીને એમના ાસો ગાય છે ત્યારે શ્રોતાવર્ગને જીવન લમય

લાગ્યા વિના રહેતું નથી—તે વખતે દુઃખી પોતાનું દુઃખ વિસરી જાય છે, વેરી પોતાનું વેર વિસરી જાય છે, ને સૌ સંગીતના તાલ સાથે હૃદયના તાલ દેતું, કાવ્યના તથા સંગીતના એકધારા રસનું પાન કરીને કૃતકૃત્ય બને છે. કવિમાં શ્રોતાઓના હૃદયને ડોલાવવાની આટલી અદ્‌ભુત શક્તિ છતાં તેમની કવિતામાં વિચારોનું છીછરાપણું જરા ય સ્થાન પામ્યું નથી. એમની કલ્પના જેટલી આકાશગામી છે, શબ્દપ્રવાહ જેટલો સતત, મધુર અને વાસ્તવિક છે, તેટલાજ એમના વિચારો ગહન છે. વિચારોની ગહનતા અને સંગીતમાધુર્ય એમનાં કાવ્યોને નમૂનેદાર બનાવે છે.

પોતાની અદ્‌ભુત કવિત્વશક્તિનો ઉપયોગ કવિએ માત્ર નાનાં કાવ્યો લખવામાં જ નથી કર્યો. એમનાં 'ઉષા' જેવા ગદ્ય ગ્રંથમાં કે એમનાં નાટકોમાં કે પ્રકીર્ણ નિબંધોમાં કવિ તરીકેનાં એમનાં લક્ષણો છુપાવી શકાયાં નથી. એમનું સાહિત્ય બહુધા ભાવનામય છે. પ્રજાજીવનનું પ્રતિબિંબ પાડવા કરતાં પ્રજાજીવન ઘડવાનું કામ તે સારી રીતે કરી શકે છે. એમનું 'જયા-જયન્ત,' એમનું 'ઇન્દુકુમાર', એમની 'ઉષા' જીવનના ઉચ્ચ આદર્શો રજૂ કરે છે; એમાંથી ગૂજરાતના અનેક યુવક–યુવતિઓએ પોતાના જીવનના આદર્શો ઘડ્યા છે અને ઘડશે. જીવનને ઉન્નત બનાવવાની પ્રેરણા આપીને તેમણે નવગૂજરાતની રચનામાં જે ફાળો આપ્યો છે તે ભુલાય એવો નથી. આ પ્રમાણે શ્રી. નાનાલાલની કવિતાએ જ્યારે નવયુવાનોનાં હૃદયમાં નવીન ભાવનાઓનો સંભાર ભર્યો છે ત્યારે તેમની શૈલી અને તેમના વિચારોનું અનુકરણ યુવાન લેખકો પોતાની સાહિત્યકૃતિઓમાં કરે એમાં નવાઈ પામ જેવું કંઈ નથી. એમની પચાસમી જન્મતિથિ ઉપર ગૂજરાતનાં મોટાંમોટાં શહેરોમાં સુવર્ણમહોત્સવ ઊજવીને

કવિને અસાધારણ માન આપવામાં આવ્યું–એમની સેવાનું ઋણ જાહેર રીતે સ્વીકારવામાં આવ્યું–એ પરથી કવિની લોકપ્રિયતાનો સારો ખ્યાલ આવશે.

*   *   *   *

શ્રી. નાનાલાલ પછી ઘણા ઊગતા કવિઓએ રાસ લખવા માંડ્યા છે. કેટલીક બહેનોએ પણ સંગીતમાધુર્ય પીછાનવાની પોતાની કુદરતી બક્ષીસનો લાભ રાસો લખીને ગૂજરાતને આપ્યો છે. આવા કવિઓમાં રા. કેશવ હ. શેઠ અને રા. પ્રભાસ્કરનું સ્થાન આ ળ પડતું છે. એમનાં અને બીજા કવિઓનાં કાવ્યોમાં રા. નાના લની શૈલીનું અનુકરણ, માત્ર શબ્દોનો ફેરફાર કરીને કાવ્યનું ો એજ ખોખું કાયમ રાખવાની વૃત્તિ કોઈ કોઈ વાર નજરે પડે છે, આમ છતાં આવાં લખાણોમાં ય કેટલીકવાર સ્વતંત્ર કાવ્યો મ । આવે છે. એમાં જ શ્રી. નાનાલાલના લખાણની અસરની : ર્થકતા છે.

*   *   *

(૮) નૂ ! કવિતા (૧૯૨૧–   )

રાષ્ટ્રીય 'તંત્રતા મેળવવાની મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળે હિ જીવનની એકેએક પ્રવૃત્તિ ઉપર અસર કરી છે તો ગી સાહિત્યપ્રવૃત્તિ તેમાંથી કેમ કરીને મુક્ત રહી શકે ! ર કેળવણીની શરૂઆતથી તે સમયના લખાણ ઉપર જેવી અસ થઈ તેવી જ પ્રબળ અસર અસહકારે આપણા જીવન અને સ ત્ય ઉપર કરી. જીવનનો આદર્શ એકદમ બદલાઈ ગયો; ઉદાસીનત મે અદમ્ય ઉત્સાહને સ્થાન આપ્યું; સ્વદે વાનો જુસ્સો યુવકોના હ યમાં પ્રવેશ પામ્યો; સ્વાતંત્ર્યની ભાવન. દરેક

યુવકના એકેએક વિચારમાં અને એકેએક આચારમાં, તનમનાટ ફેલાવી મૂક્યો. આટલું મહાન વિચાર–ભાવના–પરિવર્તન સાહિત્યમાં પ્રતિબિંબિત થયા વિના કેમ રહે? ગાંધીજીએ રાજકીય ક્ષેત્રમાં ઘૂમનારા સૈનિકો તૈયાર કર્યા છે તો તેઓએ સાચા ભાષા–સાહિત્યભક્તો પણ ઉત્પન્ન કર્યા છે. ગૂજરાતના આધુનિક ગદ્ય ઉપર ગાંધીજીના વ્યક્તિત્વની તેમજ એમની લેખનશૈલીની જેટલી સચોટ છાપ પડી છે તેટલી જ સચોટ છાપ તેમના અનુયાયીઓએ નૂતનકવિતા ઉપર પણ પડવા માંડી છે. આ ઊગતા લેખકો સાહિત્યક્ષેત્રમાં ઘૂમીને પોતાનો માર્ગ હજી તો કરી રહ્યા છે; એમની પ્રવૃત્તિનો વિકાસ થવાનો હજી સંભવ છે; કોણ કયી દિશામાં સારું કામ કરી ખ્યાતિ સંપાદન કરશે એ અત્યારે કહેવું મુશ્કેલ છે; એવો નિર્ણય આપવાનો સમય હજી આવ્યો નથી. છતાં કવિઓમાં રા. ચન્દ્રવદન મહેતા, રા. સ્નેહરશ્મિ અને રા. દેશળજી પરમારે આગળ [illegible]તું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ત્રણે યુવકોએ પોતાનાં નાનાંનાનાં કાવ્ય ગૂજરાતના સામયિકોમાં પ્રગટ કર્યાં છે; રા. મહેતાનો 'યમલ' નામનો ચં[illegible] સૉનેટોનો સંગ્રહ અને રા. પરમારનો 'ગૌરીન ગીત', 'ટહૌકા' ના[illegible]ના બાલકાવ્ય-સંગ્રહ બાદ કરતાં કોઈએ લાંબાં કાવ્યો કે ટૂંકાં [illegible]યોનો સંગ્રહ હજી સુધી બહાર પડયો નથી; છતાં એ ત્ર[illegible] સ્વદેશપ્રેમની જે ધગશ જીવનમાં સ્થાન પામી છે તે તે [illegible] કાવ્યકૃતિઓમાં દેખા દે છે. રા. ચન્દ્રવદન મહેતાનાં કા[illegible] ભાઇબ્હેનનાં સંબંધનું આલેખન વિવિધતાથી તેમજ સ[illegible]ાથી કરવામાં આવ્યું છે; રા. પરમારનાં કાવ્યોમાં યુવકો [illegible]ર્ષ વધાવી લે અને [illegible]ગા પામે એવા વિચારોને અને ભાવ[illegible]ઓ ઉતારવામાં

આવ્યાં છે. રા. સ્નેહરશ્મિનાં કાવ્યોમાંની વિચારોની ગહનતા, તત્ત્વચિંતનની આછીઆછી છાંટ, અને સંગીતમાધુર્ય વાચકવર્ગને કાવ્યાનંદ આપવામાં સાધનભૂત બને છે.

આ ઉપરાંત રા. હરિહર પ્રા. ભટની તથા રા. સુંદરજી બેટાઈની કવિતા પ્રકાશમાં આવવા લાગી છે. રા. હરિહર ભટનાં બે કાવ્યો—ચિનગારી અને નિરભિમાન—એ ગૂજરાતના કાવ્ય—રસિક લોકોનું ખાસ ધ્યાન ખેંચ્યું છે. પ્રાર્થનાગીતો હોવા છતાં આ બેઉ કાવ્યો ઊર્મિકાવ્યો તરીકે સફળ નીવડ્યાં છે.

બીજા એવા ઘણા ય ઊગતા લેખકો હશે કે જેમની કવિતા હજી પ્રસિદ્ધ પામી નથી. ૧૮૮૦ પછી આપણું કવિતા—સાહિત્ય એટલું સમૃદ્ધ અને વૈવિધ્યવાળું બન્યું છે કે તેમાંથી ગમે તે પ્રકારની કવિતા રચનારને પ્રેરણા મળી શકે. આ પ્રેરણા વડે તેઓ ગૂજરાતનું સાહિત્ય ઉચ્ચ કોટીનું બનાવીને ગૂજરાતની સેવા કરે એવી આશા રાખવી એ કંઈ વધારે પડતું કહેવાય નહીં. પ્રજાના માનસનું ઘડતર સાહિત્યકારો ! અને ખાસ કરીને કવિઓના હાથમાં છે એ વાતથી જ સાહિત્યની યથાશક્ત સેવા કરવાને તેમને પ્રોત્સાહન મળવું જોઈએ.

ન ળા ખ્યા ન

[નોંધ : દમયંતીએ સ્વયંવરની ગોઠવણ કરીને તેમાં હાજર રહેવા દેશદેશાવરના રાજવીઓને નિમંત્રણ આપ્યું હતું. દમયંતીનો હાથ મેળવવા કોણ નહીં તલસે? જેને જેને આ સ્વયંવરની ખબર પડી તે બધા વખતસર હાજર થઈ ગયા. નારદજી પાસેથી મળેલી માહિતી પરથી ચાર દેવતાઓ—ઈન્દ્ર, વરુણ, અગ્નિ અને યમ—પણ કુંદનપુર આવી પહોંચ્યા. દમયંતીએ નળ રાજાને પરણવાનો નિશ્ચય કર્યો હતો તેની જાણ થતાં તેમણે નળને પોતાનો દૂત બનાવી તેની મારફતે દમયંતીના હાથની માંગણી કરવાની યુક્તિ રચી. નળે દૂત થવાનું કબૂલ્યું, અમરને વરવા માટે તેણે દમયંતીને યાચના કરી, પરંતુ તે બધું નિરર્થક ગયું, દમયંતી એકની બે ન થઈ. આખરે સ્વયંવરનો દિવસ પાસે આવ્યો ને ભીમકે પડો વગડાવ્યો કે

"આવજો સભામાં રાજકુમાર, કાલ કન્યા આરો[illegible] હાર.
પ્રાણી માત્ર આવજો સજ થઈ,. . .

સુંદરમાં સુંદર પોષાકમાં સજ્જ થઈને, ચતુ[illegible]ને આકર્ષક દેખાવામાં ઉપયોગી થઈ શકે એવી દરેક રીતભા[illegible]ને ઢબસબનો મહાવરો પાડીને સ્વયંવર માટે સર્વાંગે તૈયાર થવા આખી રાતનું અખંડ જાગરણ આશાવંત રાજકુમારોએ કર્યું. જેને માટે બહુબહુ સ્વપ્નાંઓ સેવ્યાં હતાં તે પ્રાતઃકાળ થયો. હવે સ્વયંવરનું વર્ણન શરૂ થાય [illegible]

: ૨૪ :

વૈશંપાયન કહે રાજન, સાંભળ સ્વયંવરનું વર્ણન;
પડો વાજ્યો સૂણ્યો સર્વ રાતે, ઊઠ્યા ઉજમ થાતે પ્રભાતે.
શીઘ્રે જઈએ વર્યાની તકે, તેડાં મોકલ્યાં ભાઈઓ ભીમકે;
નોહે અતિકાળ કીધાનું કામ, માંડવે નવ મળશે બેસવાનું ઠામ.
ભીડ ભરાઈ ગામ ભાગળથી, રંક જાયે રાય આગળથી;
મળે શુકન સામાં તેડે, શુકન વદે ને રથ ખેડે.
કરે તિરસ્કાર સેવક પર રીસ, પડે મુગટ ઉઘાડાં શીશ;
જાયે અસ્વાર બહુ અલબેલા, હય હીંડે જાણે જળના રેલા.
ભરાયે રથ માંહોમાંહે અટકે, ત્રાડે હસ્તી ઘોડા ભડકે;
અસ્વાર પડે છે નીસરી, તે મળે કહીંએ નવ ફરી.
વાહન પડઘાનો ચાલ્યો છબ, ચરણરેણુએ છાયો નભ;
બોલે દુભીના બહુ ડંક, અકળામણનો વાગ્યો અંક.
સર્વને દમયંતીનું ધ્યાન, પ્રાણી માત્ર વર, નહીં કો જાન.

સ્વયંવર જોવા કારણે, પ્રજા મળી મંડપ બારણે;
દ્વારે ઊભા જ્યેષ્ટિકાદાર, તેડે જેને જેવો અધિકાર.
ડાહ્યા થઈ મંડપમાં પેસે, નામ વાંચે ને આસને બેસે;
એક મંત્રી સેવક ખવાસ, ત્રણ ત્રણ સેવક રાયને પાસ.
કોણ રૂપ મંડપની રચના, વર્ણવી શકે શું એક રસના;
કદલીસ્તંભ રોપ્યાં દ્વારે, માંડ્યાં આસન હારોહારે.

યશગીત બંદીજન બોલે, મહા ઉન્મત્ત મેગલ ડોલે;
નાનાવિધ ચિત્ર ચીતરિયાં, જાણે દેવવૃંદ ઊતરિયાં.
ઊડે અબીલ ગુલાલના છંટા, વાજે ઢોલ ને ઘુઘરા ઘંટા;
સભામાંહે બેઠા મહા મુનિ, લાગી વેદ શાસ્ત્રની ધૂની.
જતિ જોગી બેઠા પાવંન, રાયનાં ભાટ ભણે ભાવંન;
રાયને છત્ર ચામર ઢળે, મુગટે મણિ ઝળહળે.
અગર ધૂપ ત્યાં ઉવેખે, વાજીંત્ર નાદ આવે અલેખે;
નટુઆ કરે છે નર્ત, ફરે ફૂદડી કહારે સર્ત.
બોલે ઘુઘરી કેરા રણુકા, ગર્વઘેલી નાચે ગુણિકા;
પગ પાનીએ શોભે ઘરા, વાજે કંકણુ ને ઘુઘરા.
ગીત ગાએ કોકિલસ્વરા, અનંગ વધારે અપ્સરા;
જાણે મંડપ નગરી અમરા, નાચે નારી નર ચિત્તહરા.
ભીમક ભૂપને દે છે માન, આવી રહ્યા સર્વ રાજન;
ગાનારી ગાએ ગીત ગાથા, બાંધ્યા તોરણુ દે ય હાથા.

વસ્ત્ર કેસર માંહે ઝકઝોળ, બેસે આસને ર ગે તંબોળ;
વર થઇ બેઠા પ્રાણીમાત્ર, સમાં કર્યાં દે રવાં ગાત્ર.
શરીર ક્ષુદ્ર કાષ્ટનાં ખોડ, તેને દમયંતી યાનાં કોડ;
બાળ યૌવન ને વળી વૃદ્ધા, તેને દમયંતી પ ાની શ્રદ્ધા.
કો તો મોટા ઘરના કુંવર, કો કહે આદ્ય અમારું ઘર;
આશા—ઃ ભિમાનભર્યા નર, વાંકા મુગટ ધ ા શિર પર.

ઘરડા થયા નાના વર, વતાં કરાવતાં વાગ્યા છર;
તન મન કન્યાને અર્પણ, આગળથી નહીં ટાળે દર્પણ.
કેટલાક કરે તિલકની રેષ, કેટલાક કરે માંહોમાંહે દ્વેષ;
કેટલાક કરે પૂછાપૂછ, હું કેવો કહી મરડે મૂછ.
જેનાં મુખ માંહે નહીં દંત, તેને પરણવાનું ચંત;
કેવળ વૃદ્ધ ડાચાં ગયાં મળી, તે બેઠાં ટૂંપાવી પળી.
જોશીની પ્રણિપત કરી, દેખાડે હાથ ને જન્મોતરી;
જો દમર તી મુને પરણે, તો જોશી હું લાગું ચરણે.
જેનાં બે ી ગયાં ગળસ્થળ, મુખમાં રાખ્યાં બબ્બે ફોફળ;
એમ ઉ યા કરી ગળોઠાં, ઘેલા જુએ કાચમાં કોઠાં;
પૂરણ ‌ ાાશાએ સર્વ કોય, પણ કન્યા નળની વાટ જોય.

[વલણ]

વાટ ‌એ નળતણી, દાસીને કહે છે સતીરે;
હું મંડ માં પછે આવું, પ્રથમ આવે નૈષધપતિ રે.

: ૨૫ :

માંહે ભૂપતિ મળીઆજી,
ર ામાને ભર્યા રૂપ બુદ્ધિ બળીઆજી;
તે ા કન્યાને ભીમક ઓચરેજી,
વૈ ર્ભી શણગાર ધરેજી.

[ઢાળ]

શણુગાર સજતી સુંદરી તે શોભતી શ્રીકાર;
નળ નથી આવ્યો મંડપે, માટે લગાડે વાર.
કૃષ્ણાગર મર્દન વાસવર્ધન, મહિલા કરે મંજન,
બહુ નાર આવે વધાવે, વરસે મુક્તાપરજંન.
શુભ વચન બોલે શકુન વદે, ઉદયો હર્ષ અનંત;
ભેરીનાદ થાયે ને ગીત ગાયે, બહુ કિંકરી નાચંત.
માનપૂરણ માનુની, મહીપત મોહવા કાજ;
સ્વયંવરના સુભટ જીતવા, ધરે શ્યામા સાજ.
પ્રેમપાશ લીધો પ્રેમદા, નાખવા મંડપ ક્ષેત્ર;
ભ્રુકુટીધનુષ આકર્ષિયું ને, બાણ બંન્યો નેત્ર.
તારુણીને તેડાં મોકલે, રાય ભીમક વારેવાર;
કુંવરી બાહેર નીસરે, કરમાં ગ્રહીને હાર.
વાજીંત્ર વાગે ઘોષ ગાજે, થાય કુસુમની વૃષ્ટ;
રાજા માત્ર જુએ બારણે, કેમ મળે દૃષ્ટેદૃષ્ટ.
ઓ કન્યા આવી, ઓ કન્યા આવી, ઘો[illegible]વો થાય;
શર શબ્દ વાજે ગાન થાએ, વાંકા વ[illegible] જુએ રાય.

[વલણ]

જુએ રાજા ફરી ફરી, કહેવું હશે [illegible]ાનું રૂપરે;
એવે સમે દેવ ચાર સાથે, આવ્યો નળ ભૂપરે.

[નોંધ: આ કડવું પ્રેમાનંદ કવિની વર્ણન કરવાની તેમજ રસની જમાવટ કરવાની શક્તિનો આપણને ખ્યાલ આપે છે. નળનું વર્ણન આગળ કેટલીક વાર આવી ગયું છે છતાં આ કડવાના ટૂંકા છતાં અસરકારક વાક્યોમાં કવિત્વશક્તિના જે ચમકારા આપણને આંજી નાંખે છે તે અન્યત્ર ભાગ્યે જ નજરે પડશે.

વળી નળરાયનું વર્ણન કરતાં કરતાં જ કવિએ બીજા રાજ-કુમારોની અકળામણ સ્પષ્ટપણે વ્યક્ત કરી છે. જે કુમારોએ આશાના હવાઈ કિલ્લાઓ બાંધતાં બાંધતાં આખી રાત્રી સ્વયંવર માટે સજ્જ થવામાં વ્યતીત કરી હતી, અને જેઓ મંડપમાં દાખલ થતાં સુધી દમયંતી પ્રાપ્ત કરવાની ખાતરી ધરાવતા હતા તેમને નળરાયના આગમનથી જે ગભરામણ થઈ તે વર્ણવવાને 'એ નળ આવ્યો' બસ છે.]

: ૨૬ :

વાગી સ્વયંવરમાં હાક, તે નળ આવ્યો રે;
ભાંગાં ભૂપ સર્વનાં નાક, એ નળ આવ્યો રે.
જાણે [illegible]દયો નૈષધભાણ, તે નળ આવ્યો રે;
અસ્ત થય[illegible] [illegible]ડુ તારા સમાન, એ નળ આવ્યો રે.
તેજ અનં[illegible] [illegible]નંગનું અંગ, તે નળ આવ્યો રે;
જાણે કાર[illegible] [illegible]નકનો રંગ, એ નળ આવ્યો રે.
ઝળકે ઝ[illegible] [illegible]ળ જ્યોત, તે નળ આવ્યો રે;
મુગટ પર ચળકે ઉદ્યોત, એ નળ આવ્યો રે.

જ્યોત રવિની પેર કુંડળ લહેકે, તે નળ આવ્યો રે;
અરગજા અંગે બહેકે, એ નળ આવ્યો રે.
શોભે વદન પૂનમનો ચંદ, તે નળ આવ્યો રે;
કમળનયન પ્રેમનાં ફંદ, એ નળ આવ્યો રે.
જાણે નાસા કીરની ચંચ, તે નળ આવ્યો રે;
કોયે ને દેખે સરખા પંચ, એ નળ આવ્યો રે.
કંઠે ગજમુક્તાનો હાર, તે નળ આવ્યો રે;
કર કુંજર શુંડાકાર, એ નળ આવ્યો રે.
હૃદે નાભિકમળ શોભાળ, તે નળ આવ્યો રે;
કટીએ જીત્યો કુંજરકાળ, એ નળ આવ્યો રે.
ચાલતો શાર્દૂલની ગત્ય, તે નળ આવ્યો રે;
નિરાશ થયા નરપત્ય, એ નળ આવ્યો રે.
એ તો દમયંતીનો પ્રાણ, તે નળ આવ્યો રે;
હવે એ પરણે નિર્વાણ, એ નળ આવ્યો રે.

કન્યાને થયું તવ જાણ, એ નળ આવ્યો રે;
જેનું હંસે કીધું વિખાણ, તે નળ આવ્યો રે.
તેજે તો તપે જાણે ભાણ, એ નળ આવ્યો રે;
શીતળતાએ સોમ સમાન, તે નળ આવ્યો રે.
ગતે કરીને જેવો વાય, એ નળ આવ્યો રે;
મહિમાએ શંકર રાય, તે નળ આવ્યો રે.

મનસ્થિરતાયે જેમ મેર, એ નળ આવ્યો રે;
જાણે ધને બીજો કુબેર, તે નળ આવ્યો રે.
સત્યવાદી શિબિ સમાન, એ નળ આવ્યો રે;
ઐશ્વર્યે નિઘોષ રાજન, તે નળ આવ્યો રે.
એ તો જુદ્ધે જાણે ઈન્દ્ર, એ નળ આવ્યો રે;
ત્યાગી જેવો હરિશ્ચન્દ્ર, તે નળ આવ્યો રે.
વિદ્યાએ ગુરુ શુક્ર જેમ, એ નળ આવ્યો રે;
દુઃખહર્તા ધન્વંતરિ તેમ, એ નળ આવ્યો રે.

દમયંતી ઘણું હરખે, એ નળ આવ્યો રે,
રખે વા લાગે મન ફરકે, એ નળ આવ્યો રે.
એક નાસને બેઠી નાર, એ નળ આવ્યો રે;
દાસી ચલી ચાલે ચાર, એ નળ આવ્યો રે.
શોભે દર અતિ સુકુમાર, એ નળ આવ્યો રે;
જઈ હોંચતાં મંડપદ્વાર, એ નળ આવ્યો રે.

[વલણ]

બાહેર ધાર્યાં પ્રેમદા, ચતુરા ઊચલે ચાર રે;
નળ બેઠે સિંહાસન, ચતુરા ચિંતતી તેણી વાર રે.

: ૨૭ :

મંડપ મ માનુની, આસન બેઠી જાય;
સ્વયંવર સુભ ને સુંદરી, વર્ણવું તે શોભાય.

ભીમકતનયા, રૂપ બનયા, રસીલી રંગ પૂરણા;
નરાંગના, દેવાંગના, માનિની મનમદ ચૂરણા.
દુ:ખમોચની, મૃગલોચની, છે લલિત લક્ષણવંતિ એ;
નિજ મન ઉલાસી, વેણુવાસિક, અલક લટ વિલસંતિ એ.
રાખડી અમૂલ્યે, શીશફૂલે, સેંથે સિંદુર શોભિયાં;
ઝાલ ઝલકિત, રત્ન ચલકિત, ભૂપતિ મને લોભિયાં.
સુધા સિંધુ, વદન ઈંદુ, ભ્રુકુટી ભ્રમર બે ગુંજ છે;
નેત્ર અમલ, જુગ્મ કમલ, બહુ રંગ ફૂલી કુંજ છે.
આંજેલ અંજન, ચપળ ખંજન, મીન મૃગ દ્વે હારિયાં;
પડયા રાય શૂરા, ઘાયે પૂરા કટાક્ષ બાણે મારિયાં.
જુએ વિવિધ પેરે, નયન ઘેરે, તિલક ભાલે કીધલાં;
દીપક પ્રકાશ્યા, હેમ નાશ્યા, કીરનાં મન લીધલાં.

દાડેમ બીજદંત, રસનાએ રસ અનંદ
શોભે ચિબુક મધુકર બાલ:
ગલુબંધ જુગતા, હાર માણેક માંહે શોભાળ

જુગ્મ ભુજ અવળ, અંબુજ બાજુબંધ ફ તાં ઝૂલે;
હોયે નાદ રંકણુ, છે ચુડી કંકણુ, મુદ્રિકા બહુ મૂલે.
દશ આંગળી, મગની ફળી, નખ જોત્ય ન પુખરાજ છે;
ફુલના મનોહર, હાર ઉપર, આભૂષણુ ા સાજ રે.
પડો વેણી કટી પર, જાણે વિષધર, આવી પયપાન રે;
ગુચ્છ કુસુમ ઉદે, કુચ રુદે, કુંજરકુંભસ્થ માન રે.

અલક લલિતા, વહે સલિતા, ઉદર પોયણપાનરે;
વિચિત્ર વંક, કરી લંક, મેખલા ઘુઘર ગાનરે.
બે ઝંગ રંભા, કદળીસ્તંભા, હંસ ગજગતી હીંડતી;
સુખપાલ મૂકી, રાય ઢૂંકી, જાય પગલાં માંડતી.
નેપુર ઝણુકત, બોલે અણુવટ, ઘુઘરી ઘન ઘોર છે;
ઘાઘર ઘુઘર, અમૂલ અંબર, ફૂલેલ છૂટે દોર છે.
અગરબત્તી બળે, ચમર શિર ઢળે, રસિક રામા રાજતી;
ગાય ગી‌તક લોલક, અંગ ઢોળક, મૃદંગ વેણા વાજતી.
કીરત ઘ ણી, બોલે બંદણી, ચાલે સહસ્ર જ્યેષ્ટિકાદાર ત્યાં;
પંચ કામ બાણુ, કરી સંધાણુ, રાજપુત્ર હૃદે માર ત્યાં.
ભરમાયા ભૂપ, પડ્યા મોહકૂપ, પ્રેમપાશે બાંધિયાં;
ઠામથી ગિયા, રીસાળ રગિયા, કો મીટ સામી ન સાંધિયાં.
આડા ઉ તરે, ખુંખારા કરે, તોયે ભામિની ન ભાળે રે;
આસનથી પડ્યા, કો લડથડયા, શકે આવી લીધો કાળ રે.
બોલી ન ડ્યા, ચિત્ર લખિયા, કો નમે વારેવારે રે;
કો સમીપ સિયા, મુગટ ખસિયા, પુંઠેથી સેવક ધારે રે.
લાંબી ડોક ા, નથી નરતા, કહે હાર આરોપ રે;
ફરી મુગટ , પ્રેમ ફંદે પડ્યા નવગ્રહે કોપ રે.
કો કનક પે, લાંચ આપે, સાહેલીને સાધે રે;
જે જોઈએ લીજે, વિખાણુ કીજે, વેહેવા મારો બાંધ રે.

રાજનાં ગૌર ગાત્ર, તે તૃણ માત્ર તારુણી મન લેખતી;
મુખ મરડે, આંખ તરડે, અનેકને ઉવેખતી.

[વલણ]

અનેકને ઉવેખતી, આધી ચાલી નાર રે;
ગઈ એક નળ જાણી કરી, દીઠી પંચ નળની હાર રે.

: ૨૮ :

મન ઇચ્છા નૈષધરાયતણી, કન્યા ગઈ નળરાજા ભણી;
જુએ તો ઊભા છે નળ પંચ, કન્યા કહે આ ખેટો સંચ.
હંસનું કહ્યું અવરથા ગયું, નળ નાથનું વ[illegible]ું રહ્યું;
એક નળ સાંભળીઓ ધરા, આ કપટી કો આવ[illegible]ા ખરા.
પાંચે નળ ચેષ્ટાને કરે, લાવ માળ કંઠ આગ[illegible] ધરે;
તવ દમયંતી થઈ ગાભરી, દીઠું વિપરીત ને પા[illegible] ફરી.
આવી જાંહાં પિતા ભીમક, અરે તાતજી જુએ [illegible] કૌતક;
હું એક નળને આરોપું હાર, દીસે પંચ ને પર[illegible] વિચાર.
ભીમક કહે આશ્ચર્ય જ હોય, તું વિણ પંચ [illegible] દેખે કોય;
શકે દેવતા તાંહાં નિરધાર, થઈ આવ્યા [illegible]ને આકાર.
એ પરીક્ષા નિમેષ નહીં ચક્ષ, વીરજવસ્ત્ર [illegible]ા અંતરીક્ષ;
વાત સાંભળી ભીમકતણી, કન્યા આવી [illegible] નળ ભણી.
પિતાએ મારગ દેખાડયો, નારીએ નળ [illegible]ી કહાડયો;
દમયંતી જેમ વરવાને જાયે, ધસી ઈન્દ્ર ન[illegible] આગળ થાયે.

એક એકને અળગા કરે, લેવા હાર કંઠ આગળ ધરે;
સંચ ન આવે રે ફરી ફરી, તવ દમયંતી થઈ ગાભરી.
ઇન્દ્રે મનમાં શાપ્યો હુતાશન, વાંદરના જેવું થયું વદન;
અગ્નિએ જાણ્યું એ ઇન્દ્રનું કાજ, રીંછ મુખ થાજો મહારાજ.
વરુણે શાપ મનમાંહે દીધો, જમને માંજારમુખો કીધો;
ધર્મે અંતર ઇચ્છયું એવું, વરુણનું મુખ થાજો શ્વાનના જેવું.
રીંછ વાનર શ્વાન માંજાર, કન્યા કહે વર રૂડા ચાર;
ઇંદ્રિરાય વાણી એમ ભણે, વાધાવેધ માંડયો આપણે.
જમ કહે કાં હસાવો લોક, શાપ કીધાં માંહોમાંહે ફોક;
દમયંતી વિચારે વળી, સમાન શોભે પંચ નળી.
કોને વરૂં એ કોને ઉવેખીએ, વરમાળ આ કોને આરોપીએ;
જોવાને ્યા રાજકુમાર, તે એક નળ દેખે નિરધાર.
બુદ્ધિમા નારી છે ઘણું, માન મુકાવે દેવતાતણું;
ચારોને છે કરી પ્રણામ, તમારા તાતનાં શાં શાં નામ.
લોભ વિષે નહીં ગણ્યું પાપ, વીરસેન પાંચેનો બાપ;
કન્યા વળત રને ઘસે, સખી સામું જોઈ જોઈ હસે.

સખી કહે : ાં થયાં, શું કપટ રૂપને વળગી રહ્યાં;
બીજા પુરુષ ૂપનાં ધામ, સાંભળો દેશ દેશનાં નામ.
દેશ સકળ ન ાનાં નામ, દાસી કહે વર્ણવી ગુણગ્રામ;
તોયે કન્યાને ગમ્યા કોય, ફરી ફરી પાંચે નળને જોય.

હું હું નળ, પાંચે ઓચરે, પણ કન્યા કોને નવ વરે;
નારદજી અંતરીક્ષ આવિયા, ઇંદ્રાણિ આદે તેડી લાવિયા.
ચારે દેવની ચારે નાર, ગગને તે દીઠી ભરતાર;
લજ્જા પામ્યા લોભી ઘણું, એ કારજ તે નારદતણું.
કન્યાએ દીઠી દેવાંગના, અમર જાણીને માંડી વંદના;
અમો અલ્પજીવ કુરૂપ, તમો ભારેખમ છો ભૂપ.
અમ જમ જરાથી ત્રાસિયે, પૂજનિક તમને ઉપાસિયે;
તમો અમને ભીમક રાજાન, હું તમ પુત્રી સમાન.
એમ કહીને ભરિયાં ચક્ષ, લાજ્યા દેવ થયા પ્રત્યક્ષ;
ઇંદ્ર વરુણ વહ્નિ જમરાય, શોભે મંડપે જયજ થાય.
નળને થયા તુષ્ટમાન, દેવ કહે માગો વરદાન;
બબ્બે વર આપે સુરરાજ, નળનું સહજે સરિ કાજ.
કમળમાળ આપી ઇંદ્રરાય, લક્ષ વરસે નહીં સુકાય;
અશ્વમંત્ર આપ્યો રાજન, દિન એકે હીંડે શ ભોજન.
કહે અગ્નિ નવ દાઝે તુંય, જ્યાં સમરે ત્યાં પ્રગટું હુંય
ધર્મ કહે ભોગવે રાજભોગ, ત્યાં લગે પુર નહીં રોગ.
જે કરશે તારી કથા વાંચના, તેને નવ જમજાચના;
વરુણ ભણે સાંભળ રાય, સૂકું વૃક્ષ પલ્લવ થાય.
સમર્યું જળ ઊપજે તતકાળ, આઠે વર દ્યો ભૂપાળ;
પછી દમયંતીને આપ્યો વર, અમૃતસ્ત્રવિયા થજો તુજ કર.

સર્વે સ્તુતિ કરી દેવ તણી, વિમાને બેસી સ્વર્ગ ભણી;
દમયંતી હરખી તતકાળ, નળને કંઠે આરોપી માળ.
સાધુ રાજા સર્વે બેસી રહ્યા, અદેખીઆ ઊઠીને ગયા;
વરકન્યા પરણ્યા રીતે કરી, ભીમકે પહેરામણી ભલી કરી.
લાડ કોડ પોહોતાં કુંવરીતણાં, નળને વાનાં કીધાં ઘણાં;
નળ દમયંતી બન્યો જાય, વોળાવી વળ્યા ભીમકરાય.

વાજતે ગાજતે નળ વળ્યો, એને કળિજુગ સામો મળ્યો;
વરવા વૈદર્ભી નારદે મોકલ્યો, આવે ઉતાવળો શ્વાસે હળફળ્યો.
બેઠા મહિષ ઉપર કળિકાળ, કંઠે મનીષના શીશની માળ;
કરમાં હતું લોહ શૃંગાર, શિર સગડી ધીકે અંગાર.
જઈ વરું દમયંતી રૂપનિધાન, જુએ તો મળી સામી જાન;
કન્યાએ નળ જાણ્યો વર્યો, કળિ ક્રોધે પાછો ફર્યો.
જો નળે પરણવા દીધો નહીં, આજથી લાગું પૂંઠે થઈ;
નળરાજા આવ્યા પુર વિખે, કરે રાજ નારીસું સુખે.
ભોગવે ભોગ નાનાવિધ પેર, સ્વર્ગતણું સુખ પામે ઘેર;
પ્રભુ પત્ની વાધ્યો પ્રેમ, સાચવે બેઉ સત્ય ને નેમ.
ચોહોવર્ણ કુળધર્મ, ચાલે યજ્ઞાદિકનાં કર્મ;
તેણે કળિનું ચાલે નહીં, હીંડે છિદ્ર જોતો જહીંતહીં.
નગર પૂંઠે ફે બહુ ખાય, સંત આગળ પ્રવેશ ન થાય;
સહસ્ર વર્ષ વહીને ગયાં, દમયંતીને બે બાળક થયાં.

જુગ્મ બાળ સાથે પ્રસવ્યાં, પુત્ર પુત્રી રૂપે અભિનવાં;
નળ દમયંતી હરખે ઘણું, બાળક વડે શોભે આંગણું.
એક દિવસે નળ ભૂપાળ, મગાવ્યું જળ થયો સંધ્યાકાળ;
રહી પાંહાંની કોરડી ધોતાં પાગ, કળિ પામ્યો પેઠાનો લાગ.
સંધ્યાવંદન કીધું રાજન, પ્રવેશ કળિનો થયો તે સ્થાન;
જ્યાં શય્યા સૂતો ભૂપાળ, સર્વાંગે વ્યાપ્યો કળિકાળ.

[વલણ]

કળિકાળ વાપ્યો રાયને, ભ્રષ્ટ થયો નૈષધધણી રે;
હવે વહરાડું પીત્રાઈને, કહી ચાલ્યો પુષ્કર ભણી રે.

: ૨૯ :

કળિજુગ દ્વાપર મળીને આવ્યા, પુષ્કરકેરે ાસ રે;
હસ્ત ઘસે ને મસ્તક ધૂણે, મુખે મૂકે શ્વાસ રે.
વેશ વિપ્રનો ધર્યો અધર્મી, ને બંન્યો મસ્ ડોલે રે;
નૈષધપતિ બેઠો તપ કરવા, થઈ તર તોલે રે.
એક કુળમાં ઉદય બંન્યોના, તું જોગી ળ રાણો રે;
તે ભોગ ભોગવે નાનાવિધના, તારે ન ળ દાણો રે.
કળિ કહે છે જો જો ભાઈઓ, કર્મે વાળ્યે ાડો આંકો રે;
એક જ બોરડીના બે કાંટા, એક પાધર એક વાંકો રે.
તારા પિતાસું અમારે મૈત્રિ, તે માટે હેત કીજે રે;
એમ કહી કર ગ્રહી ઉઠાડયો, આવ આ ગન દીજે રે.

ભેટતામાં પિંડ પુષ્કરના મધ્યે, કીધો કળિએ પ્રવેશ રે;
તેડી ચાલ્યો નૈષધપુર ભણી, કરવા નળશું ક્લેશ રે,
વાટ જાતાં વારતા પરઠી, ન મળવું નાખો જાંશા રે;
કળિ કહે તું ઘત રમજે, હું થાઉં બે પાસા રે.
પ્રથમ પોણ કરજે વૃષભનું, દ્વાપર થાશે પોઠી રે;
સરવસ હરાવી લેજે નળનું, એ વાત ગમતી ગોઠી રે.
જદ્યપિ પુષ્કર પવિત્ર હતો, ન્હોતી રાજની અભિલાષા રે;
ઊપજી ઈરિષ્યા નળરાય ઉપર, મળ્યા જુગ બે અદેખા રે.
વૃષભ વાહન પાસા કરમાં, આવ્યો રાજ સભાય રે;
બાંધવ જાણી દયા આણી, નળ ઊઠી બેઠો થાય રે.
ભલે પધાર્યા પુષ્કર ભાઈ, જોગી વેશને છાંડો રે;
આ ઘર રાજ તમારું વીરા, રાજની રીતિ માંડો રે.
આસન આપી કરે પૂજન, પૂછે કુશળી ક્ષેમ રે;
નળને કહે બીજી વાતે ન રાચું, દ્યૂત રમવાનો પ્રેમ રે.
નળ કહે બંધવ દ્યૂત ન રમીએ, એ અનર્થનું મૂળ રે;
તું જોગેશ્વર [illegible] ઉપજાવે, ઉદર ચોળીને શૂળ રે.
પુષ્કર કહે મ [illegible] પાંચ મુદ્રાનો, પોઠી જીતું કે હારું રે;
એકી પાસે [illegible] મારો, એકી પાસે રાજ તારું રે.
કળિને સંગે પુણ્યશ્લોકને, પાપતણી મતિ આવી રે;
દ્યૂત રમવું અપ્રમાણ છે પણ, વાત આગળ ભાવી રે.

[વલણ]

ભાવી પદાર્થ ભૂપને, વેઠવું છે બહુ કષ્ટ રે;
દ્યૂત રમવા બેઠા રાજા, કીધો કળિએ ભ્રષ્ટ રે.

: ૩૦ :

નળરાજાએ દ્યૂત આરંભિયું, સત્ય થયું સર્વ ફોકજી;
નગ્રમધ્યે વારતા જાણી, ત્રાહે ત્રાહે કરે લોકજી.
દમયંતીએ નળને કહાવ્યું, બળદ ભણી મા ેશોજી;
એ વૃષભમાં વેરી છે કારમો, રાજ રમતાં ાશોજી.
ડાહ્યા લોક નગરના વારે, ઘણું વારે પર ાનજી;
કળિજુગે બુદ્ધ ભ્રષ્ટ જ કીધી, કહ્યું કોનું ન ધરે ાનજી.
બેઠા બાંધવ પોણુ પરઠીને, બોલે પુષ્ક રાયજી;
જે હારે તે રાજ મેલી, ત્રણ વરસ વન જાયજી.
ત્રણ વરસ ગુપ્ત જ રહેવું, વેશ અન્ય કે ધરીજી;
કદાચિત પ્રીછયું પડે તો, વન ભોગવે ફરીજી.
મહિમા મોટો કળિજુગ કેરો, નળને ગર્મ ી વાતજી.
નળ કહે રે નાંખ પાસા, ત્યારે વરસ્યો શો વરસાદજી.
હાહાકાર હવો પુરમધ્યે, વાયુ સ વાયજી;
નાંખ્યા પાસા પુષ્કર જીત્યો, સરવસ ાં રાયજી.
હાર્યો નળ ને પુષ્કર જીત્યો, જઈ બેઠે સિંહાસનજી;
આણ પોતાની વરતાવી પુરમાં, કહે નળને ાઓ વનજી.

વનફુલ પહેરી વન વસો ને, કરો વનફળ આહારજી;
એક વસ્ત્ર રાખો શરીરે, બાકી ઉતારો શણગારજી.
સર્વ તજી એક વસ્ત્ર રાખી, ઊઠયો નળ ભૂપાળજી;
દમયંતીને કહાવ્યું તું પિયર જાજે આ કાળજી.

રુદન કરતી રાણી આવી, બાળક ઝાલ્યાં હાથજી;
શીશ નામી સ્વામીને કહે, મુને તેડો સાથજી.
સુખદુઃખની કહીએ વારતા, એકલાં નવ સોહાયજી;
હું સેવાને આવું સહી રે, થાકો તો ચાંપું પાયજી.

કંથ કહે એ કામિની, તું આવે મુજને જંજાળજી;
એ દુઃખ સઘળાં વેઠીએ પણ, ટળવળી મરે બંને બાળજી.
રોતી કહે છે કામની રે, જેમ છાયા દેહને વળગીજી;
તેમ તમારી તારુણી રે, કેમે ન થાઉં અળગીજી.

[વલણ]

જો અળગી કરશો નાથજી તો, પ્રાણ તજુ તત્કાળ રે;
નળ કહે આવો વનવિષે તો, પિયર વળાવો બાળ રે.

: ૩૧ :

[નોંધ : નળરાજા પોતાના ભાઈ પુષ્કર સાથે દ્યૂત રમે છે અને કળિના વશે કરીને પોતાનું રાજપાટ ગુમાવે છે ત્યારથી નળાખ્યાનમાં કરુણરસની જમાવટ કરવાની કવિ શરૂઆત કરે છે.

દમયંતીનો અધરાતે ત્યાગ, એનો તથા નળનો વિલાપ, પારધીની કુદૃષ્ટિને પ્રસંગે દમયંતીએ અનુભવેલી નિરાધારતા, હાર ચોરવાનો તેને માથે આવેલો આક્ષેપ—વગેરે નળાખ્યાનમાંના મુખ્ય કરુણ પ્રસંગોની શરૂઆત માતા પોતાના પ્રિય બાળકોને મોસાળ વિદાય કરતી વેળા જે રુદન કરે છે તેથી થાય છે. અરણ્યવાસના કષ્ટોની કલ્પના જ કરતી દમયંતી પોતાના બાળકોને પાછા મળવા સંબંધી સંદેહ ધરાવે છે. તે કહે છે:

'હવે મળવાં દોહ્યલાં રે, મળીએ તો પ્રભુનો પાડ'

હૃદયસરસા ચાંપીને તથા વારંવાર ચુંબન કરીને માતા પોતાના પ્રાણસમા પ્રિય બાળકોને 'છેલ્લુંવહેલું લાડ' કરે છે.

આ કડવું ખરેખર હૃદયદ્રાવક છે.]

મોસાળ પધારો રે, મોસાળ પધારો—
મોસાળ પધારો બાળુઆં રે, મારાં લાડવાયાં બે બાળ;
નમાયાં થઈ વરતજો રે, સહેજો મામીની ગાળ— મોસાળ.

હૃદયા ચાંપે રે, રાણી હૃદયા ચાંપે —
હૃદયા ચાંપે પેટને રે, એ છેલ્લુંવહેલું ;
હવે મળવાં દોહ્યલાં રે, મળીએ તો પ્રભુનો —મોસાળ.

થયાં માતવોહોણાં રે, થયાં માતવોહો —
માતવોહોણાં થયાં દામણાં રે, નહીં કો રૂડો થ;
રુએ રાણી હૃદયા ફાટે રે, કોણ માથે ફેરવશે હા —મોસાળ.

મંદિરના ગુરુજી રે, મંદિરના ગુરુજી—
મંદિરના ગુરુજી સુદેવજી રે તમારે ખોળે સોંપું બે તન.
જઈ કહેજો મારી માતને રે, જીવની પેરે કરજો જતન—મોસાળ.

પુત્રી જમાઈ રે, તમતણાં પુત્રી જમાઈ—
પુત્રી જમાઈ તમતણાં રે, કહેજો વનમાં પૂર્યો વાસ;
જઈ કહેજો મારા તાતને રે, અમ જોગીનો લે તપાસ—

ચુંબન કરતી રે માવડી ચુંબન કરતી—
ચુંબન કરતી માવડી રે, ફરી ફરી મુખ જોય;
હૈયેથકાં નવ ઊતરે રે, એમ કહી દમયંતી રોય—મોસાળ.

[વલણ]

રો . રાણી અતિઘણું, વત્સ સોંપ્યાં ગુરુકરમાંહે રે;
ઋ ા ે સાથે બે બાળકાં, વોળાવ્યાં નળરાયે રે.

: ૩૨ :

બાળક ળાવ્યાં ઋષિ સંગાથે, દમયંતી કરે આક્રંદ;
હાહાક હવો પુરમધ્યે, મળ્યાં સહિયરનાં વૃંદ.
પડો ૯ પુષ્કર પાપીનો, નળને કો નવ રાખે;
એક ચ .ળે જળ ન પામ્યા, જો ભમ્યા પુર આખે.
દ્વાર ચ કાવે નળને દેખી, જે પોતાના લોક;
તરશી દ યંતી પાણી ન પામી કંઠે પડીઓ શોષ.

એક રાત રહ્યાં નગરમાં, ચાલ્યાં વહાણું વાતે;
પુણ્યશ્લોકની પૂંઠ જ લીધી, કળિ થયો સંગાથે.
જ્યાં વાવ સરોવર કૂવા આવે, પાકા ફળની વાડી;
રિપુ કળિજુગ આગળ જઈને, સર્વ મેલે ઉડાડી.
ફળ જળ ને પત્ર ન પામ્યાં, રાણી કરે આંસુપાત;
વનમાં ફરતાં રુદન કરતાં, વહી ગયા દિન સાત

એકેકું પટકૂળ પહેર્યું, પ્રેમદા કોમળ કાયા દાઝે;
પાય પંકજપત્ર જેવા, તીવ્ર કાંટા ભાંજે.
એક માન સરોવર આગળ આવ્યું, તેમાં દીઠું પાણી;
ઘણા દિવસની તૃષા સમાવવા, પીધું રાય ને રાણી.
વારંવાર પાણી પીએ ને, બેસે વળી ઢીંડે;
નરનારી વારિયે તૃપ્ત થયાં, પણ ક્ષુધા પાપણી પીડે.
સ્વામી કહે સાંસતા થઈયે, શ્યામા બેસ થઈને સ્વસ્થ;
જઈ સરોવરમાં શોધી લાવું, જો જડે એક બે મચ્છ.

થોડા જળમાં પેઠો નળરાજા, ઢીમરનું આચરણ;
સાધુરાયને શ્રમ કરતાં, મચ્છ જડી ત્રણ.
આણીને અબળાને આપ્યાં, વામા કહે વારુ;
નળ કહે આપણ બે પ્રાણીને, શું હોશે આ સારુ.
ભાર્યાના ભુજ મધ્યે સોંપી, ભૂપ ગયો જી વરાં;
કળિયુગ સર્પ થઈને બિહાવે, મચ્છ નાં અરાંપરાં.

નળે શ્રમ કીધો ઘડી બે, મચ્છ ન ચઢીઆં હાથ;
પેલાં ત્રણે મચ્છ વહેંચીને લીજે, વિચાર્યું મન સાથ.
નળ આવ્યો નિરાશ થઈને, ત્રણ મીનમાં ચિત્ત;
એટલામાં દમયંતીજીને, થઈ આવ્યું વિપરીત.

અમૃતસ્રવિયા કર અબળાના, સજીવ થયાં મચ્છ પળમાં;
હાલ્યાં મહિલા મૂકી દીધાં, ઊડી પડ્યાં જઈ જળમાં.
ઘેલી સરખી મીનને કાજે, પાણીમાં વેવલાં વીણે;
હવે સ્વામીને શો ઉત્તર આપીશ, રુદન કરે સ્વર ઝીણે.

વીલે મુખ દીઠી વૈદરભી, નાથ આવતો નીરખે;
ચોંહોદશ ભાળે આંસુ ઢાળે, સ્વાતિબિંદુશું વરસે.
રોતી પત્ની પતિએ દીઠી, ધોળું મુખ થઈ દીન;
કહે રે પાપણી શકે મુજ પાખે, ભક્ષ કર્યાં તેં મીન.

હું ૄ ધાતુર ફરીને આવ્યો, રઝળ્યો પાણી માંહે;
દોઢ ેાઢ મચ્છ ભોજન કીજે, લાવ પાપણી કાંહે.
હદે ફ તે બોલી રાણી, આંસુ પડે મોતી દાણા;
ક્ષુધાતુર પણીએ મચ્છ ભક્ષ્યાં મેં ન રહેવાયું રાણા.

નળ કહે ે શિખામણ દીધી, વિદાય થયો આકાશ;
એક દ્યૂત રમીએ, બીજું ન કીજે નારીનો વિશ્વાસ.
બે વાનાં ર્યાં તે કીધાં, હાથે દુઃખ લીધું માગી;
હું ભૂખ્યો ને તેં મચ્છ ખાધાં, શું આગ પેટમાં લાગી.

દમયંતી હાહા કરે, જાણે સમ ખાઉં શાને;
સજીવન થયાં ઊડી ગયાં કહું તો રાય નવ માને.

[વલણ]

ન માને રાજા એ અચરજ મોટું, ઊઠી ચાલ્યો નળરાય રે;
અણુતેડી રાણી દમયંતી, પતિની પૂંઠે થાય રે.

[નોંધ : કડવાં ૩૩–૩૪માં નળરાય દમયંતીને ભર નિદ્રામાં ત્યજી જાય છે તે સમયનું વર્ણન છે. જે દમયંતીને પ્રાપ્ત કરવાને તે તલપાપડ થઈ રહ્યો હતો અને જેણે દેવોને તરછોડીને નળને વરમાળ પહેરાવી તે જ દમયંતીને ભયાનક વનમાં નિરાધાર દશામાં છોડી જવા જેટલી નળને તેના પ્રત્યે ઘૃણા કેમ ઉત્પન્ન થઈ તે આશ્ચર્યજનક છે. એ કૃત્ય થઈ ગયા પછી નળને પોતાને નવાઈ લાગી ને તે વિલાપ કરવા લાગ્યો.

ખરી વાત એ છે કે જ્યારથી તેણે પોતાના ભાઈ સાથે દ્યૂત રમવાનું સ્વીકાર્યું ત્યારથી નળના અંતઃકરણમાં સત્–અસત્ વચ્ચે ઘોર દ્વંદ્વ ચાલતું આવ્યું છે. કળિ તેજ સેતાન અથવા દૈત્ય. એની અવળી પ્રેરણા વડે નળરાયની બુદ્ધિ ભ્રષ્ટ થઈ. તે સત્યનો માર્ગ ત્યજીને અસત્ય પંથે પળવા લાગ્યો. પોતાની પ્રિયતમાની પ્રમાણિકતામાંથી પણ તેની [illegible]ા ઊઠી ગઈ. તે તેનો તિરસ્કાર કરવા લાગ્યો :

'તું નહીં નારી હું નહીં કંથ'

રાત્રે જ્યારે વૈદર્ભી વસુધાવશ પડી હતી ત્યારે તેનો [illegible] કરવાની જે દુષ્ટ પ્રેરણા થઈ તેની સામે પણ તેણે પ્રથમ તો ખૂબ ટક્કર [illegible]ી. એના અંતરની એ ગડમથલનો ચિતાર કવિએ આબેહૂબ રીતે આપ્યો :

'કળિ તાણે વાટ વનતણી, પ્રેમ તાણે દમયંતી ભણી.'

આખરે થોડા વખતને માટે તો કળિનો વિજય થાય છે, અને નળ પોતાના અર્ધાંગને વનમાં મૂકીને નાસી જાય છે. પ્રાતઃકાળના સૂર્યના પ્રાગટ્ય સાથે નળના અંતઃકરણમાં સત્‌નો પ્રકાશ પડે છે—દૈત્ય મોળો પડે છે, અને તેને પશ્ચાત્તાપ થાય છે. તે કહે છે:

ભય ધરશે ને ફાટી મરશે, જીવ્યાની ટળી અવશ્ય.

એની ઉન્મત્ત દશાનું વર્ણન કરતાં કવિ કહે છે:

વન ફરતો, રુદન કરતો, જોતો આવ્યાની વાટ.

* * *

રાય વિલપે, ઘણું કળાપે, સંભારે સુખ સ્નેહ;
કબુધ આવી, મંન ભાવી, અન્યાએ દીધો છેહ.

આ બધો વિલાપ નિરર્થક હતો. નિર્જન વનમાં એક તો રસ્તો જડવો મુશ્કેલ. બીજું, કળિ કંઈ કાચો ન્હોતો; પોતાનું કામ તે બરાબર જાણતો હતો. તેણે નળના પગલાંનાં નિશાન ભૂસી નાખ્યાં હતાં. પ્રબળ ઈચ્છા છતાં દમયંતી પાસે પાછા જવાનું નળને માટે અશક્ય હતું. કરુણતાની આ પરાકાષ્ટા છે.]

: ૩૩ :

આગળ ના પૂંઠે પ્રેમદા, સતીને અંતર આપદા;
નળ તિરસ્કાર ક્રીડતા કરે, હદે ફાટે અબળા આંખ ભરે.
ખાધાં મચ્છ હશે ગત ઘણી, તો હીંડે છે રે પાપણી;
પીરે પાણી [illegible] ફરી, કાંજે મચ્છ ખાધાં પેટ ભરી.

બે મારગ આવ્યા આગળે, વિદાય કીધી નારી નળે;
તું નહીં નારી હું નહીં કંથ, આ તારા પિયરનો પંથ,
મારો સંગ તુજને નહીં ગમે, પિયરમાં પેટ ભરીને જમે;
મુને નાથજી કરજો ક્ષમા, મારે નથી પિયરની તમા.

ફોકટ કરો મુજપર રીસ, અજુગ્ત આળ ચઢાવો શીશ;
દેવતાનું મુને વરદાન, તે કાં નવ જાણો રાજન.
હોતી વાટ કામનીએ કહી, કળિને જોગે નળ માને નહીં;
આગળ પાછળ બંને જાય, કળિએ કીધી બગની કાય.

થોડી પાંખ ને માંસ જ ઘણું, લલચાયું મન રાજાતણું;
પંખીમાં દિસે ઝાઝો ભાર, નર નારીનો પૂરણ આહાર.
કોણ પ્રકારે બગને હણું, ઉપર વસ્ત્ર નાખું મુજતણું;
ઉફરાટી કરી સુંદરી, નળ ચાલ્યો દેહ નગ્ન કરી.
લાજ્યાં પંખીને લાજ્યું વંન, લાજ્યો સૂરજ મીચ્યાં લોચન;
સ્વાદઈંદ્રિયે પીડયો મહારાજ, થયો નગ્ન લોપીને લાજ.
પીતાંબર ઝાલી ભૂપાળ, જેમ માછી ગ્રહી ખે જાળ;
બગ નિકટ ગયો જવ રાય, તેમ તેમ કળિ ઘેરો જાય.
ધાઈ વસ્ત્રનો નાખ્યો પાશ, કળિજુગ ા આકાશ;
એક વસ્ત્ર પંખી ગયો લઈ, નળ બેઠો ે કર દઈ.
અરે દૈવ તેં એ શું કર્યું, વસ્ત્ર જતાં કા ન ઊગર્યું;
ગયું રાજ છત્ર મહિમા ઘણો, ન રહ્યો અંગે સૂત્રતાંતણો.

વિહંગમ વસ્ત્ર ગયો રે હરી, દમયંતી મા જોશો ફરી;
પાછે પગે ગઈ સ્રીજંન, આપ્યું અર્ધું વસ્ત્ર, ઢાંકો તંન.
એકેકો છેડા પહેર્યો ઉભે, તીરથ નાહે તેવાં શોભે;
અન્ન વિના અડવડિયાં ખાય, સતને આધારે ચાલ્યાં જાય.

મહાવનની આવી જંખજાળ, તે સ્થાનકે થયો સંધ્યાકાળ;
બંને બેઠાં દ્રુમની તળે, ચૂંટી પત્ર પાથર્યાં નળે.
દુઃખની વાત કરી નવનવી, દમયંતી નિદ્રાવશ હવી;
ક્ષુધા અંગોઅંગ રહી વશી, મુખ જાણે પૂનમનો શશી.

નળે સૂતી દીઠી સુંદરી, નિશ્વાસ મૂકયો બે નયણાં ભરી;
કોણ દિવસ આવ્યો શ્રીહરિ, એ દુઃખે પ્રાણ ન જાય નીસરી.
વૈદરભી વસુધાવશ પડી, દુઃખ નોતું દીઠું એક ઘડી;
ઘણે દોહ્યલે વરી મેં એહ, રુએ રાજા જોઈને દેહ.
નખથી નિરખતાં જોયું મુખ, ત્યારે મનમાં લાગ્યું દુઃખ;
કળિ વળી તેનું ચિત ફેરવે, રાજા મનમાં દ્વેષ મેળવે.
શી સગા પરતનયાતણી દુષ્ટ દમયંતી એ પાપણી;
શી પ્રીત છે ીધો જેણીએ, હું વિના મચ્છ ખાધાં એણીએ.
મલિન મન ં નિરધાર, કો સમે મારો કરે આહાર;
ન ઘટે એ હેવું મળી, રાયને ઉપજાવે બુદ્ધિ કળિ.
તે સમેની હેની રે દાઝ, મૂકું વનમાં એકલી આજ;
બુદ્ધિ ભ્રષ્ટ ન રાજાતણું, કળિનો પ્રેર્યો ક્રોધે ઘણું.

મનમાંહે આશંકા ગણે, એક વસ્ત્ર પહેર્યું બે જણે;
મધ્ય ચીર ફાડું બળ કરી, થાય શબ્દ જાગે સુંદરી.
હોય છુરી તો છેદું પટકૂળ, કળિ થયો કાતું અનર્થનું મૂળ;
નળે લીધું છુરીકા શસ્ત્ર, વચ્ચેથી વહેર્યું અડધું વસ્ત્ર.

કટકા બે પટકુળના કરી, મૂકી નળ ચાલ્યો સુંદરી;
ગયો ડગલા સાત જ ભરી, પ્રીત શ્યામાની સાંભરી.
નળ વિમાસણ મનમાં કરે, એકલી એ ફાટીને મરે;
વર્યો હું દેવતા પરહરી, વળી વનમાં સાથે નીસરી.
ત્રૈલોકમોહન એ માનુની, કેમ વેદના સહેશે રાનની;
ન ઘટે મૂકી જાવું મને, નળ આવ્યો દમયંતી કને.
દીઠું મુખ અંતર પરજળ્યો, સંભારી મચ્છને પાછો વળ્યો,
કળિ તાણે વાટ વનતણી, પ્રેમ તાણે દમયંતી ભણી.
વિચારે વારિનિધિમાં પડ્યો, આવાગમન હીંડોળે ચડ્યો;
સાત વાર આવ્યો ફરી ફરી, ત્યજી ન જાયે સાધુ સુંદરી.
બળ પ્રબળ કળિનું થયું, પ્રેમબંધન ત્ર[illegible]ને ગયું;
સર્પ કંચુકીને તજે જેમ, દમયંતી [illegible]વી તેમ.
વૃક્ષ પત્રને જેમ પરહરે, પુનરપિ તે ર[illegible] નવ કરે;
જેવું હોય વમનનું અંન, હું પે વહા[illegible] એને પેટ;
એવું કહીને મૂકી દોટ, ઉવાટે દે[illegible]ો સાસોટ.
ત્યાં લગે ધાયો ભૂપાળ, રહ્યો જ્યાં થ[illegible]ા પ્રાતઃકાળ.

[વલણ]

કાળ ઉદે અરુણુતણો, ત્યાં લગે ધાયો ધીશ રે;
જાગ્યો હૃદે થયું દુઃખ ઉદે, જ્યારે દીઠો દીશ રે.

: ૩૪ :

નળ જળ નયણે ભરે ને, કરે વિવિધ વિલાપ;
વ્યાકુળ અંગ પોતાતણું, અવની પછાડે આપ.
વૈદર્ભી વામા, રંક રામા, એકલડી વનમધ્ય;
ભય ધરશે, ને ફાટી મરશે, જીવ્યાની વળી અવધ્ય.
નહીં મળે ફરી, કોકિલસ્વરી, શેં ઊપન્યો વિખવાદ;
મન ગમયંતી, બોલ દમયંતી, નળે માંડયો સાદ.
વિશ્વમોહિની, સૃષ્ટિદોહિની, સુંદરી સુજાણ;
વિરહિણી વલ્લભ, દર્શન દુર્લ્લભ, બોલ પિયુના પ્રાણ.
વન ફરતો, રુદન કરતો, જોતો આવ્યાની વાટ;
કળિએ ર ગું ધર્ણનાં ભૂસ્યાં, વન કીધું નિરવાટ.
વડડાળે ભુ ૧ વળગ્યો, તે રુએ રુદયા ફાટે;
મોહ ધારણ મં કારણુ, કહે ભુજ દઈ લલાટે.
રાય વિલપે ઘણું કલપે, સંભારે સુખ સ્નેહ;
કુબુધ આવ વાત ભાવી, અન્યાએ દીધો છેહ.
અજગર વાઘ વરુ નાગ, છે દારુણુ વનની હદ;
કરાડ કોતર, ાહના સ્વર, શ્યામા ફાટી મરશે સદ્ય.

દોહ્યલે પામી, ગજગામી, દેવ ગયા નિર્મુખ;
સ્વયંવર સાથ સાંભળી વાત, સર્વ પામશે સુખ.
કોણ નેત્ર લુહે, રાય રુવે એવે શબ્દ સાંભળ્યો ગાઢો;
લોહ પ્રેમજળ, મુકાવ રાય નળ, બળતાને બાહેર કાઢો.
સાંભળી વાણી, જાણી રાણી, રોઈ રોઈ બેઠો સ્વર;
હરખે ભરાયો, શબ્દે ધાયો, વીરસેન કુંવર.
પાડે બરાડા, બળે દવાડા, તરફડે મોટો વ્યાળ;
કહે દયાસિંધુ, દીનબંધુ, કાળ નળ ભૂપાળ.
વહ્નિવરદાન, ગયો સુજાણ, નાગે કીધો નમસ્કાર;
આપ પ્રાણદાન, હો કરુણાવાન, કાંઈ હું એ કરીશ ઉપકાર.
વિષથી ન બીધો, નાગ લીધો, જોજન દેહ પ્રમાણ;
સ્કંધ ચડાવી, મૂકયો બાહેર લાવી, શાતા પામ્યો પ્રાણ.
પુણ્યશ્લોક સાચા, વિપ્રવાચા, મળ્યો વૈદર્ભીકાંત;
પૂછે નળ, દાધો સબળ, મુને કહે માંડી વૃત્તાંત.

[વલણ]

વૃત્તાંત કહે ભાઈ કોણ છે, પામ્યો બહુ પરિતાપ રે;
સર્પ કેહે રાય સાંભળો, મુને હવો [illegible] શાપ રે.

: ૩૫ :

બોલ્યો નાગ કરી પ્રણામ, રાય મારું કરકોટક નામ;
હું પ્રાચીન કર્મે પામ્યો સંતાપ, સપ્તઋષિએ દીધો શાપ.

વિમાન જાતું હતું સ્વર્ગ ભણી, અજ્ઞાનતા જાગી મુજ તણી;
ફૂતકારી ફણા નાંખી જ્વાળ, દાધા સપ્તઋષિ ચડયો કાળ.
પતિત તેં નાંખી વિખની લહેર, બળ દવમાં અવની ઉપેર;
બહુકાળ લગે વાસો વહ્નિમાંય,ભોગવ દુઃખ જીવ નહીં જાય.

મેં જાણ્યું શાપ ટળે નહીં ખરો, મુને શાપનો અનુગ્રહ કરો.
વહ્નિ વદના દોહ્યલી ગાણું, કહ્યું દર્શન થાશે નળતાણું.
પુણ્યશ્લોક બાહેર કાડશે, તે તુંને શાતા પમાડશે;
તે દિવસનો વન દાઝું છૌં અહીં, સાત સહસ્ર વરસ ગયાં વહી.

તે તમો આજ દુઃખ ટાળિયું, પુણ્યશ્લોકપણું પાળિયું;
મારી દેહને અતિ સુખ થયું, ઋષિવચનનું ફળ લહ્યું.
એવું કહીને સર્પ જ ધસ્યો, કરકોટક નળને કંઠે ડસ્યો;
લાગી વિખજ્વાળ દાધો ભૂપ, કાળી કાયા થયું કુબડું રૂપ.

કાજળપેં શ્યામતા વિશેષ, વાંકું મુખ પંચવર્ણા કેશ;
છતે દાંતે ડાચાં ગયાં મળી, નીસરી ખૂંધ કટી બેવડ વળી.
નળ કહે 'ન્ય કદ્રુકુમાર, ઘણો રૂડો કર્યો ઉપકાર;
તુંને મેં ર ાં પ્રાણદાન, તેં હુંને કીધો સાહી સમાન.

નાગ કહે દુઃખ ધરો, જોતાં એ ઉપકાર છે ખરો;
ગુપ્ત રહેવું ત્સર ત્રણ, કો નવ ઓળખે એવું વર્ણ.
ત્રણ વસ્ત્ર ચ પું છઉં ભૂપ પરિધાને થાશે મુળગું રૂપ;
તે જોયાં પહે ા પરીક્ષા કરી, તત્‌ક્ષણ કાંતિ ભૂપની ફરી.

હરખ્યો નળ થયું દિવ્ય કામ, નાગે બાહુક ધરિયું નામ;
ભૂપાળ વ્યાળ થયા વિદાય, ગયો અયોધ્યા નૈષધરાય.
દેખી માણસ નાસે અરાંપરાં, ધાયે, બાહુક પૂંઠે છોકરાં;
જે જે મારગ મહીપતિ પળે, તાંહાં માણસ જોવાને મળે.

હસે લોક રૂપે લીહ વાળી, પૂંઠે છોકરાં પાડે તાળી;
રાજસભામાં રાજા ગયો, પ્રતિહારસાથ બસીને રહ્યો.
હસી સભા હસ્યો ઋતુપર્ણ, વિધિયે આ કાંહાં નિરમ્યું વર્ણ;
હારે કાજળ ને જાંબુફળ, જાણે રૂપે બીજો નળ.

કહો કોણ છો સ્વરૂપના ધામ, કેમ આવવું પડયું આ ઠામ;
નળ કહે મારું બાહુક નામ, આવ્યો ઉદર ભરવા કામ.
અશ્વમંત્ર જાણું રાજન, એક દિવસે ખેડું શત જોજન;
કહે ઋતુપર્ણ મોટું કારણ, આ રૂપ ને વિદ્યા અસાધારણ.

નળ ઇંદ્ર વિના કો જાણે નહીં, મંત્રપ્રાપ્તિ તુંને કયાંથી થઈ;
મંત્રપાઠ કરતા નળરાયે, હું નળનો સેવક શીખ્યો વિદ્યાયે.
કો સમે પ્રકાશી ભણતા તેહ, ત્યાંથી વિદ્યા હું પામ્યો એહ;
નૈષધનાથ તે વનમાં ગયો, તે દુ:ખે આવો થયો.

આવ્યો છું રહેવા તમકને, અન્નવસ્ત્ર આપજો મને;
નહીં કરું હું નીચ કામ, નહીં ધરું સેવક નામ.
રાયજી તમને નહીં નમું, સ્વયંપાક કરીને જમું;
રાજા કહે રહો જેમ તેમ, વિદ્યામાન જવા દઉં કેમ.

હયદાસપતિનો અધિકાર, સેવક માત્ર કરે નમસ્કાર.
જદ્યપિ માન પામે ઘણું, પણ કહેવાયે દાસત્વપણું.
અશ્વપતિ મહારાજા થયો, હયશાળામાં વાસો રહ્યો;
છે વિજોગની વેદના ઘણી, નિત સૂએ શ્લોક એક જ ભણી.

श्लोकः स्वागतावृत्तम्.

आपते धृतिमता सहवध्वा यामिनीविरहिणा विहगेन ।
सेहिरे न किरणा हिमरश्मेर्दुःखिते मनसि सर्वमसह्यम् ॥

[ભાવાર્થ—વસંતતિલકા છંદ.]

જે ચક્રવાક દિવસે વહુ સાથ રાખે,
તે સંગ રંગ રમતાં રવિતાપ સાંખે;
રાતે વિજોગ થકી ચંદ્ર પ્રકાશ ખૂંચે,
જો દુઃખ હોય દિલમાં કશું એ ન રુચે.

એવું કહીને કરે શયન, વિસ્મય થાય પાડોશી જન;
બાળ બિહા ો આવી વસ્યો, કદરજને વિજોગ તે કશો.
તે સ્ત્રીએ ા શું શું કર્યું, જેણે આ સ્વરૂપને વર્યું;
વારુ થયું . વિપત પડી, આ ભૂતથી છૂટી બાપડી.
બાપડી છૂટી લોક કહે, રહ્યો નળ રાયને રીઝવી રે;
વૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, દમયંતીની શી ગત હવી રે.

: ૩૬ :

સ્વપ્ન આવ્યું નારને, મૂકી જાય છે નાથ;
જાગી ઊઠી અચાનકે, ગ્રહવા પ્રભુનો હાથ.
વૈદર્ભી થઈ ગાભરી, વળી જુએ ચોપાસ;
અમ અબળાનાં હૃદે કારમાં, ખ્હીઉં, તમારે હાસ.
જોયું વન ફરી ફરી, સમ દઈ કીધા સાદ;
પછી રુએ બહુ વિધ કરી, પામી અતિ વિષાદ.

અમો અબળા માણુસ બ્હીએ, નવ કીજે હાસ રે, હો નળરાય;
કેમ ધીરજ ધરું હું નારી, તમારી દાસ રે, હો નળ૦
રાત અંધારી તો મારી વલે કોણ થાશે રે, હો નળ૦
તમ ચર્ણ કેરી આણ, પ્રાણ મુજ જાશે રે, હો નળ૦
અહીં તો બોલે સાવજ, નાગ વાઘ ને વરુ રે, હો નળ૦
બોલો બોલો વાહો છો ક્યમ, સમ હું તો મરું રે, હો નળ૦
હાંહુંજી જાઓ છો હાડ, રાડ થશે ફાંસું રે, હો નળ૦
અગોપ રહ્યા ન આવે દયા, દેખી આંખડીએ આંસુ રે, હો નળ૦
તમારાં પગલાં નવ પેખું કંથ, પંથ કેમ લહું રે, હો નળ૦
નિશા અંધારી ભયાનક, સ્થાનક કેમ રહું રે હો નળ૦
નૈષધ દેશની રાણી, તાણી અતીસેં રોય રે હો નળ૦
પ્રભુજી અંગ અવેવ મારા, તારા જોય રે હો નળ૦
ઘેલી સરખી ચાલે, વડાલે વછોડી રે, હો નળ૦
માંડયું વલવલવું, જોવું રોવું મૂકયું છોડી રે, હો નળ૦

વલવલતી વૈદરભી વાટે, અંગ ઉચાટે ભરી રે, હો નળ૦
કારણ સ્વામી શુંય, હુંય પરહરી રે, હો નળ૦
વહાલા નવ દીજે છેહ, નેહ વિચારો રે, હો નળ૦
કર્મે વાળ્યો આડો આંક, વાંક શો મારો રે, હો નળ૦

[વલણ]

શો અપરાધ મારો સ્વામી, દારુણ વનમાં મૂકી ગયા રે;
અલ્પ ભ્રાંતે હું તજી, અંતર ન ઊપજી દયા રે.

: ૩૭ :

વૈદરભી વનમાં વલવલે, અંધારી રે રાત;
ભામિની ભય પામે ઘણું, એકલડી રે જાત—વૈદરભી૦
રસનાએ નામ જ નળતણું, મુખ જપતી રે જાય;
શુદ્ધ નથી રે શરીરની, ભાંજે કંટક પાય—વૈદરભી૦
રોઈ રોઈ રાતી આંખડી, ભરે આંસુ નીર;
નયણે ધારા બબ્બે ઝરે, વહે અંગ રુધીર—વૈદરભી૦
હીંડતાં તે આખડે, પગમાં વાગે ઠેસ;
ચાલતી ઊભી રહે, ભરાયે કાંટે કેશ—વૈદરભી૦
અંગે ઉ[illegible]ા પડ્યા ઘણા, વહે શોણિત ધાર;
હો નળ [illegible]ા નળ બોલતી, બીજો નહીં વિચાર—વૈદરભી૦
ઊંડાં [illegible]તર ઊતરે, ચડે ગિરિ કરાડ;
અશુદ્ધે ડેધડકે નહીં, પાડે વાઘ બરાડ—વૈદરભી૦

વાંકી વાટ ટીંબા ટેકરા, ભયાનક ખોહ;
રાફડા માંહે સાપ ફૂંફવે, ઘણું ઘુઘવે ઘોહ—વૈદરભી૦
શબ્દ પશુ પંખીતણા, ન પડે કાંઈ પ્રીછ;
વરુ વણીઅર બિહાવે અર્ણમાં, ધાયે વળગવા રીંછ—વૈદરભી૦
સૂકર રોઝ ચીકારડા, ચીતરા દે ફાળ;
ફાલુનાદ હોયે ઘણા, બહુ બોલે શિયાળ—વૈદરભી૦
આંબા આંબલી લીમડા, અરીઠા અપાર;
શીમળ સમળી સેગઠા, ન સૂઝે પંથ વિચાર—વૈદરભી૦
ખેર ખાખર ને કાચકી, કંટાળા થુએર;
બાવળિયા બહુ બોરડી, સરગુઆ સમેર—વૈદરભી૦
આખડી પડતી સુંદરી, ચર્ણે વેલા વીંટાય;
છૂટા કેશ કામિનીતણા, ઝાંખરે ઝીંટાય—વૈદરભી૦
વૃક્ષ અથડાએ અંગશું, મૂકે કાંટામાં પાય;
શુદ્ધ નથી રે શરીરની, ભજતી નળરાય—વૈદરભી૦
દિવસ નિશા પ્રીછે નહીં, એવું ઘાડું અરણ્ય;
દમયંતી ભૂલી ભમી, ત્યાં દિવસ ત્રણ—વૈદરભી૦
અન્ન ઉદક પામી નહીં, નહીં બેસવું શયન;
ત્રણ દિવસ એમ વહી ગયા, ભમયંતાં વન—વૈદરભી૦

[વલણ]

વન ભયાનક ભામિની ભમી, દિવસ ત્રણ ગયા વહી રે;
વાટ ઘાટ ને ગામ ઠામ કાંઈ, પ્રેમદા પામી નહીં રે.

: ૩૮ :

ભૂલી ભમે છે ભામિની, નૈષધનાથની નારી રે;
હો નળ હો નળ બોલતી, ભીમકરાજ કુમારી રે–ભૂલી૦
ધોવાયું કાજળ આંસુએ કરી, વેદનાએ વ્યાકુળ રે;
અર્ધ ઉઘાડી દેહડી, નાથે ફાડયું છે પટકૂળ રે–ભૂલી૦
એવે દીઠો એક ચીતરો, ધાઈ દમયંતી ઊલટ રે;
પૂછે ભાળ નળ ભૂપાળની, છે તારા જેવી કટ રે–ભૂલી૦
શાર્દૂલ દીઠો વાટમાં, વૈદરભી પૂછે ધરી વ્હાલ રે;
નૈષધનરેશ વાટે મળ્યા, છે તારા જેવી ચાલ રે–ભૂલી૦
સાવજ થાયે ગાભરા, ભય પામી નાશી જાય રે;
રખે વનદેવી અમને ઝાલતી, પશુઅરિ કંપાય રે–ભૂલી૦
પૂછે ઊંચે દ્રુમને, તારી ગગને ગઈ ડાળ રે;
તરુવર જો મારી વતી, કહીં દીસે ભૂપાળ રે–ભૂલી૦
પરોપકારી સદા તમો, વળી શીતળ તમારી છાંય રે;
નૈષધનાથ કહીં દીઠડા, જોઉં છું વનમાંય રે–ભૂલી૦
તરુ ઉત્તર આપે નહીં, તેમ તેમ રાણી રોય રે;
પુણ્યશ્લોકે ચારે પરહરી, ત્યારે શત્રુ થયાં સર્વ કોય રે–ભૂલી૦
અજગર પડયો છે વાટમાં, વિકાસી મુખ ભાગ રે;
દમયંતીએ જાણ્યું નહીં, તેના મુખમાં મૂકયો પાય રે–ભૂલી૦
ચર્ણ ગળ્યો જાનુ લગે, વિષ ચઢી ગયું શરીર રે;
પડી ભોમ સાદ નળને કરે, મુખે પાડે રીર રે–ભૂલી૦

અજગર આનંદ પામીઓ, ભલું જડયું ભક્ષ રે;
વૈદર્ભી ઘણું વલવલે, ઊંચાં ચઢી ગયાં ચક્ષ રે—ભૂલી૦
કંઠે બંધાઈ કાચકી, મુખે પડીઓ શોષ રે;
મરણ સમે મૂકે નહીં, હૃદે રસના પુણ્યશ્લોક રે—ભૂલી૦
રોતી રાણી સાંભળી, એક પારધી આવ્યો ધાઈ રે,
પગ દીઠો અજગર મુખમાં, તેણે શ્યામાને સાહી રે—ભૂલી૦
પારધીએ અજગર ચીરીઓ, કોહોવાડાને ઘાય રે;
જતન કરીને મુકાવીઓ, નળપત્નીનો પાય રે—ભૂલી૦
વૈદર્ભીને વિષ ચડયું નહીં, છે વાસવનું વરદાન રે;
કરતળ વાસ સુધાતણો, દેહી રહી પરમ નિધાન રે—ભૂલી૦

[વલણ]

દેહી રહી પરમનિધાન, હળાહળ ગયું ઊતરી રે;
કહે ભટ પ્રેમાનંદ પછે, શું દુ:ખ પામી સુંદરી રે.

: ૩૯ :

વિષધર માર્યો વ્યાધે આવી, મહિલા મૃત્યુથકી મુકાવી;
વ્યાધે અજગર લીધો હાથે, ચાલ્યો તેડી દમયંતી સાથે.
પારધી હીંડયો જગને જીતી, વૈદર્ભી જાય બ્હીતી બ્હીતી;
ગયો એક તળાવની તીર, પ્રક્ષાલન કીધું સર્પશરીર.
દેખતાં દમયંતી પ્રત્યક્ષ, તે અજગર કીધો ભક્ષ;
મુખનું પાસું રહેવા દીધું, બાકી શરીરનું ભોજન કીધું.

દમયંતી વિસ્મે હવી, આ તો વારતા દીઠી નવી;
જીવાંતક કહે હે નારી, તમો દીઠી વિદ્યા અમારી.
મનની ખટપટ સઘળી છાંડો, પ્રેમકટાક્ષ મુજ પર માંડો;
હું પારધીપતિ છું વ્યાધિ, પટરાણી કરું ભલે લાધી.
કુણ માત તાત કુણ સ્વામી, વન નિસર્યાં વૈરાગ પામી;
એકલાં આવ્યાં આણી દશે, કોણ નામ બોલો રળી રસે.
કોણે વચન કહ્યું કુવરધું, કાં અંબર અંગે અરધું;
શું નળ નળ મુખે જપો, છો ડાહ્યાં ઘેલામાં ખપો.
જદ્યપિ દુઃખ તમને પડિયું, પણ ભાગ્ય મારું ઊઘડિયું;
એમ કહી ગયો સ્પર્શ કરવા, ત્યારે અબળા લાગી ઓસરવા.
ધસ્યો રાહુ ચંદ્રને ચાંપે, તેમ દમયંતી થર થર કાંપે;
મા ભરીશ ઓરુ ડગ, તુજ પર તૂટી પડશે ખડ્ગ.
હું તો ભીમકરાયની બાળી, અલ્યા હું નહીં ચુકવાવાળી;
હું તો દમયંતી નળની નારી, પારધી કહે ભાગ્યદશા મારી.
એવું કહીને પારધી ધસિયો, અબળાને ક્રોધ મન વસિયો;
મૂરખ કહ્યું માન રે મારું, હો જમપુરના વટેસારુ.
ઉપકાર તારો હું જાણું, તે માટે હું દયા કાંઈ આણું;
બળ મા કર તું મુજ સાથે, મૂરખ મરણ ચડયું છે માથે.
કેમ જાવા દઉં ભોળી ભામ, મુજ વિરહીતણો વિશ્રામ;
હુંમાં શો અવગુણ જ દેખો, મુને શા માટે ઉવેખો.

મારે મંદિર સ્ત્રી છે તરણ, તે રહેશે તમારે ચરણ;
આપણે બે જીવ જીવશું જડિયાં, કોણ સુકૃતથી સાંપડિયાં.
થનાર હશે તે દઈશ થવા, પણ નહીં દઉં તમને જવા;
સુખે પારધીવંશમાં વરતો, હું નળથી નથી કાંઈ નરતો.
લક્ષણવંતી મને લોભાવો, પૂરી વાસ સદન શોભાવો;
અન્ન વસ્ત્ર વિના ન દુભાવો, લો ગૃહસ્થાશ્રમનો લહાવો.
ભક્ષ દુઃખ ન ધરશો ચિત્ત, શત પશુ વેધું છું નિત્ય;
ઊંચું જોઈ કહે ધન્ય વિધાતા, તું હુંને દમયંતીનો દાતા.
મારી કર્મદશા છે ચડતી, વૈદરભી પામ્યો રડવડતી;
દેવ નહીં પામ્યા ખપ કરતાં, મને વાર ન લાગી વરતાં.
તૃણના મેરુ ને મેરુના તૃણ, તારી લીલા અશરણશરણ;
ભોગવી ન શક્યો નૈષધસ્વામી, નળે ખોઈ નારી મેં પામી.
શું નળ નળ જંખના લાગી, ઘોર નિશાએ ગયો ત્યાગી;
શે લોભે લો નળનું નામ, જેણે દુખિયાં કીધાં આમ.
બોલો આધાર પ્રાણજીવન, ધાયો દેવાને આલિંગન;
ક્રોધે સતીએ સંભાર્યું સત્ય, રોઈ સમર્યા કમળાપત્ય.
વિઠ્ઠલજી ચઢજો વ્હારે હું તો રહી છું તમ આધારે;
છો વિપત સમેના વિશ્રામ, મધુસૂદન રાખો મામ.
આપ્યું પદ ધ્રુવને અવિચળ, ગ્રાહથી મુકાવ્યો મદગળ;
રાખ્યો પ્રહ્‌લાદ વસિયા થંભ, રક્ષા કરો ધરો ન બિલંબ.

સત હોયે સદા નિરંતર, અસતથી હોઉં સ્વતંતર;
ન મૂકયા હોયે નળ મનથી, કદૃષ્ટે ન જોયું હોયે અન્યથા.
આપત્કાળ રહી હોઉં સતે, નળ સમરી રહી હોઉં શુભ મતે;
પંચમહાભૂત સાક્ષી ભાણુ, ન ચૂકી હોઉં નળનું ધ્યાન,
સત બળે દઉં છું શાપ, ભસ્મ થજો વ્યાધીનું આપ;
વચન નીસર્યું મહિલાના મુખથી, અગ્નિ લાગ્યો પગના નખથી.
સ્તવન કીધું બેઉ કર જોડી, નમતામાં થયો રાખોડી;
પ્રેમદા પામી પરિતાપ, ઉપકારીને દીધો શાપ.
જદ્યપિ વ્રત ન ભાંગ્યું, પણ લૌકિક લાંછન લાગ્યું;
લોકને પારધીનો સંદેહ, માટે પાડું હું મારી દેહ.
પ્રાણત્યાગે નથી હું બ્હીતી, શું કરું સ્વામી પાખે જીવી;
કેશનો પાગરો ગુંથી ગ્રંથે, લઈ ભરાવ્યો ફાંસો કંઠે.
હો વિષ્ણુ એટલું માગતી મરું, નળની દાસી થઈ અવતરું;
એવે કળિજુગે ધાર્યું મન, કરું કૌતક હું ઉત્પન્ન.
મરણથી ઉગારી લીધી, ત્યાં માયા કળિએ કીધી;
દીઠી તાપસઆશ્રમવાડી, ગઈ દમયંતી ફાંસો કહાડી.
નગ્ન દિગંબર છે મહંત, ગઈ પાસે હરખ્યું ચંત;
બોલે કળિજુગ નાસા ગ્રહી, અપ્રીત મચ્છ માટે થઈ.
શાકે ભીમકસુતા દમયંતી, તજી નાથે હાંડે ભમયંતી;
અલ્પ અપરાધની ભ્રાંતે, કામિની તજી છે કાંતે.

ભીમકસુતા આનંદી અપાર, જોગી જગદીશનો અવતાર;
ફરી ફરીને પાગે નમે, નળનું પ્રશ્ન કરોજી તમે.
મુનિ કહે નળને છે ક્ષેમ, પણ ઉતાર્યો તુજથી પ્રેમ;
નળ નારી શોધે છે અન્ય, તું કરજે જે ઊપજે મંન.
તવ હરખ્યો પ્રમદાનો પ્રાણ, મારા પ્રભુને છે કલ્યાણ;
લક્ષ નારી કરો રાજન; પણ મારે નળનું ધ્યાન.
ઠરીઠામ તે જાણી નળ, નારીએ લીધાં જળ ફળ;
પામી વિશ્રામ કીધું શયન, નિદ્રાવશ થઈ સ્ત્રીજન.
સ્વપ્નાંતર દીઠા નળરાય, જાગી તો દુઃખ બમણું થાય.

[વલણ]

નળની સ્ત્રી નિદ્રામાં, સ્વપ્નવિષે પુણ્યશ્લોકરે;
ચાર ઘડીએ જાગી ચતુરા તો, આશ્રમ વાડી ફોકરે.

: ૪૦ :

ભીમકસુતા જાગી કરીને, ચારે દિશાએ જોય રે;
નહીં તાપસ વન બિહામણું, નળની નારી રોય રે.
હું પાપણીને પગલે કરી, મુનિએ મૂકયો ઠામ રે;
મેં કોણ કૃત્યરે આચર્યાં જે, વિપત પડે છે આમ રે.
હીંડે સાદ કરંતી વનમાં, ત્રિભુવન નાયક નર રે;
ગગને રહ્યા હરખે ઘણું, મેં ઉવેખ્યા અમર રે.

લક્ષણવંતે લોક હસાવ્યા, સ્વયંવરના સર્વ રે;
આજ રિપુને વહી જાય છે. કૌતુક કેરું પર્વ રે.
એવું જાણી મારા નાથજી, દાસીની લેજો સંભાળ રે;
હો વિહંગમ વેવીસાળીઆ, મુને મૂકી નળ ભૂપાળ રે.
હો વજાવતી માવડી મારું, ઢાંક ઉઘાડું ગાત્ર રે;
હો ભીમક મારા તાતજી, શોધી મનાવજો જામાત્ર રે.
હો નૈષધ દેશના રાજીઆ, અણચિંત્યું દો દર્શન રે;
ભૂપરૂપને જાઉં ભામણે, હો સલુણા સ્વામીન રે.
વૈદરભી નાથવિજોગણી, વિરહે વ્યાકુળ શરીર રે;
ચતુરાને વન ચાલતાં, આવ્યું સરિતા તીર રે.
આનંદી અબળા અતિઘણું, ઊતરતા દીઠા લોક રે;
ધાઈને પૂછે પ્રેમદા, ભાઈ, દીઠા કહીં પુણ્યશ્લોક રે.

[વલણ]

પુણ્યશ્લોક છે એ સાથમાં, પૂછે નળની નારી રે;
નદી ઊતરતાં આશ્ચર્ય પામ્યા, પરદેશી વેપારી રે.

: ૪૧ :

શ્વાસ ભરી પૂછે સતી, વેપારી રે;
કયહું દીઠા છે નૈષધપતી, વણજારા રે.
પ્રભુ ગયા છે પરહરી, વેપારી રે;
છે તમમાં વાત કહો ખરી, વણજારા રે.

કોઈ દેખાડો નળનાથને, વેપારી રે;
રૂડું હજો સઘળા સાથને, વણજારા રે.
સાચું બોલો જળતીર છો, વેપારી રે;
તમે વિપત્ત સમેનાં વીર છો, વણજારા રે.
રૂપે બ્રહ્માએ વાળી હદ્ય રે, વેપારી રે;
મારો સ્વામી ઓળખીએ સદ્ય રે, વણજારા રે.
છે અદ્‌ભુત ગોરું ગાત્ર રે, વેપારી રે;
દીઠે અડસેઠ વળે જાત્ર રે, વણજારા રે.
ગોરું મુખ મુછ વાંકડી, વેપારી રે;
મોટી ચાલ છે ફાંકડી, વણજારા રે.
ચાલ જેની છે લટકતી, વેપારી રે;
કાંતિ મણિ જેવી ચળકતી, વણજારા રે.
કંઠે મોતીનું લહેરીઉં, વેપારી રે;
અરધું પટકૂળ પહેરીઉં, વણજારા રે.
મુગટે માણેક ચળકતાં વેપારી રે;
કર્ણે કુંડળ લળકતાં, વણજારા રે.
અધર આંબાની કાતળી, વેપારી રે;
વિશાળ હૃદે કટી પાતળી, વણજારા રે.
બોલ સાકરપેં મીઠડા, વેપારી રે;
એવા નૈષધનાથ દીઠડા, વણજારા રે.

વણજારા એમ ઓચરે, સુણ શ્યામા રે;
નિર્લજ વનમાં શું ફરે, હો ઘેલી રે.
કો કહે કૃત્યા વન વસી, સુણ શ્યામા રે;
કો કહે દીસે રાક્ષસી, હો ઘેલી રે.
કો કહે મોટી પાપિણી, સુણ શ્યામા રે;
કો કહે દીસે શાકિણી, હો ઘેલી રે.
કો કહે નારી હું નૈષધપતી, સુણ શ્યામા રે;
આવ આલિંગન દીજે સતી, હો ઘેલી રે.
વાંકી દૃષ્ટે જોયે ઘણા, સુણ રાય રે;
દુઃખ પામ્યામાં નહીં મણા, ધર્મરાય રે.
રોતી નાવ બેઠી સુંદરી, સુણ રાય રે;
લોકમાંહે મળી ઊતરી, ધર્મરાય રે.
વેપારી ત્યાં વાસો રહ્યા, સુણ રાય રે;
બે પહોર નિશાના ગયા, ધર્મરાય રે.
નયણે આંસુડાં ગળે, સુણ રાય રે;
દમયંતી બેઠી ઝાડ તળે, ધર્મરાય રે.
ગજજૂથ જળ પીવા આવીઆં, સુણ રાય રે;
સિંહ થઈ કળિએ બિહાવીઆં, ધર્મરાય રે.
ભડકી મેગળમંડળી, સુણ રાય રે;
વેપારી માર્યા મદગળી, ધર્મરાય રે.

જે સતીને કુત્સિતવાક્ય બોલીઆ, સુણ રાય રે;
તે પાપી ગજે રગદોળીઆ, ધર્મરાય રે.
અધિષ્ઠાતા વેપારીતણો, સુણ રાય રે;
તેડયો જીવતો સાથ આપનો, ધર્મરાય રે.
ભાઈઓ કુતૂહળ મોટું હવું, સુણ રાય રે;
મુને ઘટે છે વન બીજે જવું, ધર્મરાય રે.
એવે કળિજુગ પાપી આવીઓ, સુણ રાય રે;
વેષ તે જોષીનો લાવીઓ, ધર્મરાય રે.
તિથિપત્ર વાંચીને એમ કહે, સુણ રાય રે;
ચેતો વેપારી કો જીવતો ન રહે, ધર્મરાય રે.

[વલણ]

નહીં રહે કો જીવતા, ઉત્પાત દારુણ હોય રે;
એક કૃત્યા આવી કાલની, તેણીએ ખાધાં સર્વ કોય રે.

: ૪૨ :

દેખાડી દીધી હો, કળિએ સુંદરી;
ધાયા વેપારી હો, લાવ્યા બંધન કરી.
સર્વે ઠરાવી હો, અબળા શાકિણી;
નળને સમરે હો, મધુરભાષિણી.
બોલ્યો અધિકારી હો, મારો સરવે મળી;
પડયા તૂટી હો, અબળાને નાંખી દમી.

ગડદા ને પાટુ હો, પાહાણ ને લાકડી;
એણી પેર મારી હો, બાળા બે ઘડી.
રહ્યું બોલાતું હો, કંઠે કાંટાં પડે;
બંધન ત્રૂટયું હો, નાસતી આખડે.

હું વધૂ દેખી હો, પૂર્વજ લાજીયા;
મુને રાખો હો, નૈષધ રાજીઆ.
ત્રાસે નાસે હો, પાછું ફરી જુએ;
રાજમાર્ગે હો, દમયંતી રુએ.

અંગે ઢીમાં હો, રુધીરધારા ઝરે;
બહુ સળ ઊઠ્યા હો, અવિલોકન કરે.
ઉષ્ણ જ રેણુ હો, ચરણે દાઝે રે;
કળિ પૂંઠે પડીઓ હો, દેવા દુઃખ કાજે રે.

નગ્ર એક આવ્યું હો, અબળા ઓહોલાસી;
રાજ કરે છે હો, ભાનુમતી માસી.
પુરમાં પેઠી હો, આપત અવસ્તા;
ઘેલી જાણી હો, લોક સહુ હસતા.

બાળક પૂંઠે હો, તાળી પાડે રે;
શે ઢાંકે કાયા હો, રેણુ ઉરાડે રે.
વૈદરભી વીલી હો, શેરી ચહુટે ફરે;
નાંખે કાંકરા હો, કર આડો ધરે.

છજે બેઠી હો, માસી ભાનુમતી;
મોકલી દાસી હો, તેડાવી સતી.

[વલણ]

સતી તેડાવી રાણીએ, જઈ અબળા ઊભી રહી રે;
ભાણેજે માસી ઓળખી, માસીએ ભાણેજ ઓળખી નહીં રે.

[૪૩]

દમયંતી મંદિરમાં પળે, અવાસ ન આવે આંખડી તળે;
ભાનુમતી જોઈ વિસ્મે હવી, કહે પ્રેમદા કોણે પરભવી.
પ્રભુતા તારા તનમાં રમે, ભાગ્યવાન દીસે કાં વન ભમે;
છો રુદ્રાણી બ્રહ્માણી કે વૈષ્ણવી, કોણ કારણ રૂપ ધર્યું માનવી.
લૌકિક કષ્ટ વેઠો છો માત, કહો મન મૂકી જથારથ વાત;
બાઈ હું માનવી સર્વથા, કર્મજોગે ભોગવવી વ્યથા.
નરનારીએ તીર્થજાત્રા માંડી, અંતરિયાળ પ્રભુ ગયો છાંડી;
ન જાણીએ શું દુઃખ મનમાં ધરી, નિશાચે નાથ ગયો પરહરી.
કર્મકથા એ માતા મારી, માસી કહે સાંભળ નારી;
કહીંએક તુંને દીઠી છે ખરી, જાણે ભગિનીની દીકરી.
પણ તેને નોહે અવસ્થા એવી, રૂપે છે તું દમયંતી જેવી;
સુખે રહે સદનમાં સતી, તું મારે જેવી ઈંદુમતી.
સુબાહુ મારો સુત જેહ, બેન કહીને રાખશે તેહ;
કહે દમયંતી રાખી મામ, નહીં કરું હું નીચું કામ.

દહાડી એક વિપ્રને આપું અન્ન, હવિષ્યાન્ન કરું ભોજન;
એવું સાંભળી હરખ્યાં રાણી, રાખી પ્રમદા ઊલટ આણી.
સતી નામ ધરાવી રહી, દમયંતી ઓળખાઈ નહીં;
રાતદિન કરે નળનું ધ્યાન, વિદેશી વિપ્રને આપે આમાન.
તેડાવે ટહેલીઓ વાટે જતો, જાણે નળ સ્વામી થાય છતો;
હવિષ્યાન્ન જમે ને અવની સૂએ, દેહ દમન કરી દિન ખૂએ.
સાંભરે સુખ ત્યારે તન તપે, રાત દિવસ નળને જપે;
એમ ઘણા દિવસ ગયા વહી, કળિને મન ચિંતા થઈ.
નળથી મંન ચળે નહીં સતી, તો કેમ વરાય મારી વતી;
જો દ્વેષ આણે નળ સાથે, તો તો દમયંતી આવે હાથે.
કાંઈ વળી વિપત્ત પાડું, એને માસી સાથે વઢાડું;
માસીની કુંવરી ઈંદુમતી, એક દિવસ નાહતી હતી.
દમયંતી પાસે તે સમે, સંગ ઈંદુમતીને ગમે;
મોતીનો હાર કંઠથી કહાડયો, ભીંતને ટોડલે વળગાડયો.
ટોડલામાં પેઠો કળિ, મુક્તાફળની માળા ગળી;
ઈંદુમતીએ માંડયો શણગાર, જુએ તો નવ દેખે હાર.
અહરોપહરો તે ખોળ્યો ઘણું, વિચાર્યું એ કૃત્ય દાસીતણું;
પૂછ્યું તેડીને એકાંત, બાઈ તુજપર આવે છે ભ્રાંત.
લાવ વહેલી કયાં મૂકી માળા, દમયંતીને લાગી જ્વાળા;
બાઈ બેન મા ચડાવો આળ, પૃથ્વી જાશે રસાતાળ;
જોઈ બોલવું વદને વાંક, સ્વામીદ્રોહી પડે કુંભીપાક.

[વલણ]

કુંભીપાક પડે સર્વથા, સાચું ન બોલે જેહ રે;
ઘેર રાખી રંક જાણી, હવે કાં આપો છેહ રે.

: ૪૪ :

ઇંદુમતી કહે બાઈ સાંભળ, લોકને કાં સંભળાવો;
કહે વૈદરભી વણ ચોરીએ, શા માટે અકળાવો.
હાથમાંહેથી હાર લઈને, ના કહે કેમ ચાલે;
તસ્કર કરીને તો બાંધે, જો વસ્તુ સાથે ઝાલે.
મિથ્યા હું કહેતી નથી, કોણ માળા લે તુજ પાખે;
એવી ચોરટી હું હઉં તો, રાજમાતા કેમ રાખે.
માતા મારીએ માન દીધું, સતી સરખી જાણી;
અસાધવી મુને કેમ ઓળખી, શું લેતાં ગ્રહ્યો છે પાણી.
અમે પરીક્ષા તારી કરી જો, ભરથારે પરહરી;
બાઈ હું મહેણાં જોગ થઈ, તમારા ઘરની પેટભરી.
ચોરી કરવી આંખ ભરવી, એ તો ક્યાંનો ન્યાય;
એવે રાજમાતા પધાર્યાં, રોઈ બંને કન્યાય.
આપ આપાણું દુઃખ કહે માતાને, નયણે ઢળે આંસુ;
એક કહે મારો હાર લીધો, એક કહે ચોરી ફાંસુ.
ચતુરશિરોમણી રાજમાતા, અંતરમાં વિમાસે;
માળા ગઈ તે મોટું અચરજ, સતીને કેમ કહેવાશે.

તું તો દેવી જેવી દીસે છે, નારાયણની દાસ;
આપો હાર ક્લેશ નિવર્તે, જો કીધું હોય હાસ.
સરખે સરખામાં હોય કૌતુક, આપો હાર મોતીતણો;
રાજકુંવર રીસાળ ઘણું છે, જાણે થશે ક્લેશ ઘણો.
માળા હોયે આપણા ઘરની, તો ફરી શોધ નવ કીજે;
છે શ્વસુર પક્ષની સર્વે જાણે, તેને શો ઉત્તર દીજે.
હૃદે ફાટતે કહે દમયંતી, અપવાદ દીધો એવો;
હાં હાં બાઈજી હાર તમારો, લીધો તે મેં દેવો.
ન ઘટે રાજમાતાજી તમને, દુઃખ દેવું ઘેર રાખી;
અમો ન હોઉં ચોરી કરનારાં, હું યશની અભિલાષી.
ઈંદુમતી કહે આપે છૂટશો, શો શોર કરવો ઠાલો;
માળા મારી કરમાં મૂકો, જો યશ હોયે વહાલો.
સેવક સખીઓ એમ કહે છે, એણીએ માળા લીધી;
મારો બાંધો તાણો પછાડો, અબળા આકળી કીધી.

[વલણ]

કીધી એ નિશ્ચે ચોરટી, રાજમાતાએ જણાવી રીસરે;
દમયંતી દુઃખ પામી ઘણું, પછે સમર્યા શ્રી જગદીશરે.

: ૪૫ :

હો હરિ સત્યતણા સંઘાથી, હરિ હું કહીંએ નથી સમાતી;
હરિ મારે કોણ જન્મનાં કરતું, પ્રભુ ચોરી થકી શું નરતું.

હરિ હું શા માટે દુઃખ પામું, પ્રભુ જુઓ હું રાંકડી સામું;
હરિ તમે ગ્રાહથી ગજ મુકાવ્યો, તો હું ઉપર શો રોષ આવ્યો.
હરિ હું નથી દુઃખની ધીર, તમો છો વિપત્ત સમેના વીર;
હરિ તમે મન અપરાધ ન લાવો, હરિ તમે અનાથબંધુ કહાવો.
હરિ હું હરખે હણાઈ, હરિ હું ચોરટીમાં ગણાઈ;
હરિ હું કોની ને કોણ તણી, હરિ જુઓ હું રાંકડી ભણી.
હરિ હું તારી સેવા ચૂકી, તો નળે વનમાં મૂકી;
હરિ મેં વિપ્ર ન પૂજ્યા હાથે, તેથી શું તરછોડી નાથે.
હરિ મેં શિવ ન પૂજ્યા જળે, તો શું રોતી મૂકી નળે;
હરિ દોહ્યલે ઉદર ભરવું, હરિ મુજને ઘટે છે મરવું.
હરિ હું ભરથારે છાંડી, હવે હું દુઃખ કહું કોને માંડી;
હરિ મેં કોણ પાતક કીધાં, હરિ મેં સાધુને મહેણાં દીધાં.
હરિ મેં રાખ્યું હોય સત્ય, જો વહાલા હોયે નળપત્ય;
મારા કોટિક છે અવગુણ, પણ તમો છો રે નિપૂણ.
અપરાધ સર્વ વિસારી, ચઢો વિઠલા વહારે મારી;
જો નહીં આવો જગદીશ, તો પ્રાણ મારો હું તજીશ.
એવું કહીને આંખે ભર્યું જળ, અમો અબળાતણું શું બળ;
એવું મનમાં ધર્યું ધ્યાન, સતીની વહારે ચઢયા ભગવાન.

અંતરજામીએ બુધ દીધી, સતીએ આંખ રાતડી કીધી;
કહે માસીને કરી ક્રોધ, ફરી કરો હારની શોધ.

સાખી સૂરજ વિષ્ણુ ને વાય, જો મેં કીધો હોય અન્યાય;
બાઈ હાર તમારો જડજો, લેનારો ફાટી પડજો.
એવું કહેતામાં કળિજુગ નાઠો, ત્યારે તડાક ટોડલો ફાટયો;
માંહે થકો પડયો નીસરી હાર, સતીને ત્રુઠા વિશ્વાધાર.
અંતરીક્ષથી અકસ્માત, વરસ્યો હારતણો વરસાદ;
એક એકપેં અદકાં મોતી, રાજમાતા ટગટગ જાતી.
પછી દમયંતીને પાગે, રાજમાતા ફરી ફરી લાગે;
બાઈ તું છે મોટી સાધ, મારો ક્ષમા કરો અપરાધ.
ઈંદુમતી થઈ ઓશિયાળી, મુખડું ન દેખાડે વાળી.

[વલણ]

વાળી મુખ દેખાડે નહીં, સત સતીનું રહ્યું રે;
વૃહદશ્વ કહે યુધિષ્ઠિરને, વૈદર્ભ દેશમાં શું થયું રે.

: ૪૬ :

વૃહદશ્વજી કહે કથા રે, સુણો ધર્મ ભૂપાળ;
સુદેવ સંચર્યો રે, લેઇને તે બંને બાળ.
માધવી કેશવી રે, સખી દમયંતીની જેહ;
શોભે સાહેલડી રે, જેમ પ્રાણ વિહોણી દેહ.
કુંદનપુર આવીઆં રે, ઋષિ સખી ને સુત;
દેખીને દોહ્યલાં રે, ભીમકે જાણ્યું થયું અકૃત.

છોરુ છેહ્ડુ પામીઆં રે, રાયે હૃદયાશું લીધાં;
માબાપે મૂકીઆં રે, દીસે દામણાં બીધાં.
સુદેવ શોકે ભર્યો રે, દુઃખે દાધી દાસીની જોડી;
મીટે મીટ મળી રે, મોટે સ્વર રુદન મૂક્યાં છોડી.
જાતાં જામાત્રને રે, જાણ્યું જોગી થઈ જાવું;
સજન સાંભર્યું રે, માંડ્યું નળના ગુણનું ગાવું.
પૂછે વજાવતી રે, બોલો સુત સાહેલી;
દીકરી ક્યાં ગઈ રે, બે બાળકાંને મહેલી.
નાથ નૈષધતણો રે, ગયો માયા ઉતારી
સુદેવે વારતા રે, ભૂપને કહી વિસ્તારી.
વિલપે વિદર્ભપતિ રે, નિશ્વાસે સાગર સૂકે;
ભીમકની ભામિની રે, બાળક હૃદેથી નવ મૂકે.
કુટુંબ ટોળે મળી રે, ભોમ્ય સ્વયંવરની નીરખે;
દમયંતીએ અહીં નળ વર્યો, હીંડયાનાં પગલાં પરખે.
રાણી કહે રાયજી રે, ફરી શોધ પૂજ્યની કીજે;
જમાઈજી નવ જડે રે, તો આપણુ જોગવટો લીજે.
શોધી કહાડો સર્વથા રે, જો મારું જીવવું જાણો;
દીકરી મળ્યા વિના રે, મુખે નવ મૂકું જળ દાણો.
ભીમકે મોકલ્યા રે, સેવક સહસ્ર એક;
ખપ કરી ખોળજો રે, કહાડજો ક્ષિતિ કેરો છેક.

એવે ઊડતી વારતા રે, ભીમકે સાંભળી કાન;
દમયંતી એકલી રે, નળે રોતી મૂકી રાન.
વણજારે કહ્યું રે, અમે દીઠી સરિતાને તીર;
રૂપ ઘણું હતું રે, જાણે શક્તિનું શરીર.
કેશ છૂટા હતા રે, વસ્ત્ર તે અર્ધ અંગે જાણ;
વાત ખરી મળી રે, વદતી હતી નળ નળ વાણ.
માતા વિલપે ઘણું રે, દુઃખે દાધું અંતઃકર્ણ;
મેળાવો કયાં હશે રે, દીકરી રવડી પામશે મર્ણ.
વજાવતી માતને રે, નીર આવે નેણ અષાડ;
પુત્રીને શોધવા રે, સુદેવનો ચડાવ્યો પાડ.

[વલણ]

પાડ ચડાવ્યો સુદેવનો, કહે રાણીને રાય રે;
ગુરુજી તમ વિના અર્થ ન સરે, એમ કહી લાગ્યા પાયરે.

: ૪૭ :

બ્રાહ્મણ ચાલ્યો અનુચર વેશજી,અટણ કરતો દેશોદેશજી;
કળા પાડી વરવું ગાત્રજી, જીરણ વસ્ત્ર ગ્રહ્યું તુંબીપાત્રજી.

[ઢાળ]

પાત્ર કરમાં રહિત જોખમ, જ્યેષ્ટિકા જીર્ણ વસન;
દુઃખી દરિદ્રી સરખો દેખીએ, જદ્યપિ છે સમ્પન્ન.

નીરખે ઓવારા નવાણુના, જ્યાં નીર ભરતી નારી;
જોયાં જૂથ યુવતીતણાં, પણ ન જડી ભીમકકુમારી.
તીરથ જાત્રા યજ્ઞ જાગ્રણ, જાંહાં સ્ત્રીઓનો સંવાય;
અજાણ્યો થઈ જુએ બ્રાહ્મણ, શીશ ધૂણીને જાય.
પગે અટણ રસનાએ રટણ, મુખે દમયંતીનું નામ;
એમ કરતાં સુદેવ આવ્યો, રાજમાતાને ગામ.
વિપ્ર પુરમાં આવીઓ, વધામણી પામ્યો તર્ત;
સાંભળ્યું જે રાજમાતા, ઊજવે છે વર્ત.
પૂર્ણાહુતિ વેળા હતી, જોવા મળ્યાં બહુ જન;
દાસી સાથે દમયંતી કરે, પંથીનું દરશન.
અપૂર્વ મનીશનું કરે દર્શન, નીરખે નરની કાય;
વિચાર એવો વૈદર્ભીને, આવી મળે નળરાય.
વેદ અધ્યયન કરે વાડવ, અભિષેક આશીર્વાદ;
કિંકરી બહુ ગીત ગાયે, હોય ભેરીનાદ.
દીક્ષા લઈ સુબાહુ, બેઠો તેજસ્વી જન;
હુતદ્રવ્ય હોમાયે વિવિધ પેરે, ધૂમ્ર ગયો રે ગગન.
દાન આપે ગાય સવચ્છી, રાય ભર્યો અહમેવ;
યજ્ઞકેરા કુંડ આગળ, આવી રહ્યો સુદેવ.
દેહ દુર્બળ રેણુએ ભર્યો, જ્યેષ્ઠિકાએ તુંબી ભરાવ્યું;
સભા સરવ ખડખડ હસી, આ રત્ન ક્યાંથી આવ્યું.

મંડપ યજ્ઞ જોયો નહીં, નહીં જોયો દીક્ષિત નરેશ;
ઘેલો જસો આવ્યો ધસ્યો, સર્વને મારે ઠેસ.

લોક કહે હો ઘેલીઆ, ટહેલીઆ અંતરના અંધ;
ભિક્ષુક ભ્રષ્ટ, વિકળ દૃષ્ટ, શો સ્ત્રી સાથે સંબંધ.
કહ્યું કોનું નવ સાંભળે, છે કલેવરમાં કષ્ટ;
એવે સુદેવ ને દમયંતીની, મળી દૃષ્ટેદૃષ્ટ.

નિમેષ થાતી રહી નયણે, વિચારમાં પડ્યાં એહ;
મારે પિયરથી પધારીઓ, સુદેવ સાચો એહ.
વિપ્ર કો વિદર્ભનો એ, નાનપણ મધ્યે નેહ;
માંહોમાંહે જોયા કરે, સર્વને થયો સંદેહ.

ગુરુએ ગોરી ઓળખી, જડ્યું અબળાનું એધાણ;
ભામિનીના ભાળ ઉપર, વિધિએ નિરમ્યો ભાણ.
અગોપ રાખતી માસીમંદીર, કેશકેરી લટ;
ખસી વેણ સૂરજ ઝળક્યો, હૃદે ભરાયું ઉલટ.

સમીપ આવ્યાં સામસામાં, નેત્ર જળ જેમ નેવ;
સાથે બન્યો બોલીયાં, હો દમયંતી સુદેવ.

[વલણ]

સુદેવ દમયંતી મળ્યાં, ધરણી ઢળ્યાં મૂર્છા હવી રે;
સભા સર્વ વિસ્મય થઈ, આ તો વાર્તા દીસે નવી રે.

: ૪૮ :

મૂર્છાથી મહિલા જાગી, પૂછ્યું ગોરને પાયે લાગી;
શકો છો ઘરનાં મુનિ, હા દીકરી કાં તું સુની.
દુરબળ કોણ કારણે, દાસી માસીને બારણે;
ઓળખી નહીં તુંને માડી, મેં દેહની કળા પાડી.
શું માસીએ દુઃખ દીધું, નાજી વાછળ કીધું;
નાથજીએ તને કાં મૂકી, હું નેટ કાંઈએક ચૂકી.
નથી બાઈ તું ચૂકવાવાળી, નહીં તજે અન્યા ટાળી;
માતપિતા જે તારાં, રોતાં હશે તે ચોધરાં.
પિયરથી આવ્યો સતી, શું પ્રગટ્યા નૈષધપતિ;
હા નળની થઈ છે શોધ, મુજને દો છો પ્રતિબોધ.
હા નિશ્ચે નળ પ્રકટ, છે વાણી માંહે કપટ;
છોરુને છેહ કાં આપ્યાં, છતે બાપે થયાં નબાપાં.
રાજમાતાજી એમ પૂછે, ઋષિ તારે એને શું છે;
એ કોણ કોને જાણેજી, એ તો તમારી ભાણુજી.
કયી ભાણુજી એ મારી, દમયંતી નળની નારી;
એ વાત તે કેમ નીપજી, ભરથારે એને કેમ તજી.

દ્યુત રમીને નૈષધ હાર્યા, તે માટે વન પધાર્યા;
શું જાણીએ શા કાજે, ત્યાજ કરી મહારાજે.
તું દમયંતી દીકરી, હા થઈ રહી કિંકરી;
સુણી માસી ધરણી ઢળી, સભા થઈ વ્યાકુળી.
સુદેવ કહે છે નાટ, એમ ભૂલ્યા તે શા માટ;
જે પોતાનું પેટ, તેને કેમ વીસરીએ નેટ.
હું વરાંસી રે બાપ, એમ માસી કરે વિલાપ;
ત્યાં થઈ રહ્યો હાહાકાર, સુદેવ કહે ધિક્કાર.

[વલણ]

સુદેવ કહે ધિક્કારરે, ઓળખી નહીં સુંદરી સતી રે;
રાજકુંવર લાજ્યો ઘણું, રુએ અતીશે ઈંદુમતી રે.

[૧]

સમરને શ્રીહરિ

[નરસિંહ મહેતાનાં ઘણાં કાવ્યો ઉપદેશાત્મક છે. તત્વજ્ઞાનનો બોધ કરતાં છતાં એમની ભાષા ભારેખમ નથી બનતી એ એક ખાસ ગુણ છે. આ દુનિયામાં મનુષ્ય માયાના બંધને બંધાયલો રહે છે; સંબંધીઓના સુખદુઃખમાં તે રચ્યોપચ્યો રહે છે; ધનપ્રાપ્તિ એ તેનું સર્વસ્વ બને છે. આ બધી ચીજો પરમાત્માનો સાક્ષાત્કાર કરવામાં અંતરાયરુપ નિવડે છે, એ વાત કવિ અસરકારક રીતે સમજાવે છે.]

સમરને શ્રીહરિ, મેલ્ય મમતા પરી,
જોને વિચારીને મૂળ તારું;
તું અલ્યા કોણ ને, કોને વળગી રહ્યો,
વગર સમજે કહે મારું મારું.—સમરને.
દેહ તારી નથી, જો તું જુગતે કરી,
રાખતાં નવ રહે નિશ્ચે જાયે;
દેહ સંબંધ તજે, નવનવાં બહુ થશે,
પુત્ર કલત્ર પરિવાર વ્હાએ.—સમરને.
ધનતણું ધ્યાન તું, અહોનિશ આદરે,
એ જ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા, તેને નવ પરખિયો,
હાથથી બાજી ગઈ, થયો રે ખોટી.—સમરને.
ભરનિદ્રાભર્યાં, રોંધિ ઘેર્યો ઘણો,
સંતના શબ્દ સુણી કાં ન જાગે;
ન જાગતાં નરસૈંયા, લાજ છે અતિઘણી,
જન્મોજન્મ તારી ખાંત ભાગે.—સમરને.

—નરસિંહ મહેતા

[૨]

હાર

[આ જમાનામાં નરસિંહ મહેતાનું જીવનચરિત્ર દંતકથાઓથી ભરેલું છે એમ માનનારા અનેક નીકળશે. એમના જીવનમાં જુદે જુદે પ્રસંગે શ્રીકૃષ્ણે એમને સહાય આપી અને સંસારમાં એમની લાજ રાખી એટલે અંશે પ્રભુભક્તિનો ચમત્કાર નજરે પડતો હોય એવી માન્યતામાં શ્રદ્ધા રાખનારા પણ બહુ જૂજ હશે. છતાં જે અલ્પ સાધનો આવાં જીવનચરિત્રોની સામગ્રી પૂરી પાડે છે તેને બીજા પુરાવાને અભાવે, આધારભૂત ગણવા પડે છે.

આવા પ્રસંગોમાંથી એક, કવિએ પોતાની વાણીમાં વર્ણવ્યો છે. નરસિંહ મહેતા જૂનાગઢના નાગર બ્રાહ્મણ હતા. અને કૃષ્ણભક્ત હતા એ જાણીતી વાત છે. પોતાના સંપ્રદાયના નિયમાનુસાર તેઓ પોતાના જેવા ભક્ત સ્ત્રીપુરુષોની સાથે રાસલીલા રમતા. જૂનાગઢના રાજા રા'માંડળિકને આ પસંદ ન્હોતું કેમકે તે શિવમાર્ગી હતા. એક વેળા નરસિંહ મહેતાને એમના દરબારમાં પકડી મંગાવવામાં આવ્યા, અને ત્યાં વિવિધ સંપ્રદાયોના સાધુઓ સાથે તેમને વિવાદ થયો. મહેતા ઉપર દંભી અને ધુતારા હોવાનો આરોપ મુકાયો અને તેમના ઇષ્ટદેવ જો સાચા હોય તો કંઈ ચમત્કાર બતાવવાનું કહેવામાં આવ્યું. આ ઉપરથી આખી રાત મહેતાજીએ કૃષ્ણની આરાધના કરી અને જાતે હાજર થઈને ભક્તના ગળામાં હાર પહેરાવવા માટે માગણી કરી. આ આખો પ્રસંગ જે કાવ્યોમાં કવિએ આલેખ્યો છે તેને હારમાળા કહેવામાં આવે છે.

પ્રાતઃકાળે ભક્તની લાજ રાખવાને પ્રભુ પ્રગટ થાય છે અને તેને હાર પહેરાવે છે. આ પ્રસંગનું વર્ણન આ કાવ્યમાં કરવામાં આવ્યું છે.]

કમાડ કડકડિયાં ગડગડિયાં રે, મંડળિકના મંદિર;
સાંકળ તૂટી ને દ્વાર ઊઘડીઆં રે, સમરથ શ્યામશરીર.—કમાડ.
ખડખડિયાં ઘર ને કોશીસાં રે, પડિયો પોળે પોકાર;
ધ્રૂજે ભૂર સભામાં સહુકો રે, થઈ રહ્યો હાહાકાર.—કમાડ.
આસનથી ઊઠ્યા અવિનાશી રે, આવ્યા સભા મોઝાર;
સભા સર્વ દેખતાં આરોપ્યો રે, મહેતાજીને કંઠે હાર.—કમાડ.
પીતાંબર પ્રીતે ઓરાઢ્યું રે, કાને કુંડળ જોડ;
મસ્તક મુગટ મૂકી નાચે રે, જે જે શ્રીરણછોડ.—કમાડ.
મુખે મોરલી મધુરી વજાડે રે, દીનાનાથ દયાળ;
રંગીલો છબીલો ને છોગાળો રે, ફરે કૂદડી દે તાળ—કમાડ.
જેજેકાર વદે સહુ સખીઓ રે, ધન ધન ગોકુળરાય;
નરસૈંયાને ભુજ ભરી ભરી ભેટેરે, હૈડે હરખ ન માય—કમાડ.

—નરસિંહ મહેતા

[૩]

બોલે ઝીણા મોર

[મીરાંબાઈનાં બીજાં કાવ્યોથી આ કાવ્ય જૂદું પડે છે. અહીં થોડા શબ્દોમાં અમુક દૃશ્યોનું છાયાચિત્ર આપણી દૃષ્ટિ સમક્ષ ખડું કરવામાં આવ્યું છે. આ ભાવવાહી વર્ણન ઉપરથી આપણે આખો પ્રસંગ કલ્પી શકીએ છીએ. ઝરમર ઝરમર મેહુલો વરસતો હોય, આકાશમાં ચમકારા મારતી વીજળી કાળા વાદળોમાં પ્રકાશ નાંખીને ક્વચિત ક્વચિત ભાત પાડતી હોય, કેકારવ અને કોયલના મધુર ટહુકા અવરનવર સંભળાતા હોય ત્યારે એક એકાકી સ્ત્રી પોતાના પ્રિયતમને મળવા જતી હોય એ કલ્પના મનોહર છે.

મીરાંબાઈના કાવ્યો ભક્તિનાં છે એ વાત ધ્યાનમાં રાખીએ તો આનો બીજો અર્થ—ગુહ્યાર્થ—શોધવો મુશ્કેલ નથી. જીવનનો માર્ગ કાંટાવાળો છે. અનેક આફતો અને હાડમારીઓમાંથી સૌને પસાર થવું પડે છે. જેનું ચિત્ત પ્રભુજીએ ચોર્યું છે એવા ભક્તનો પ્રભુને મળવાનો નિશ્ચય પ્રિયતમને મળવા જનાર સ્ત્રીના જેટલો જ દૃઢ અને અચૂક છે. જેવી રીતે કેકારવ ઈત્યાદિ પેલી સ્ત્રીને ઉત્તેજન આપે છે તેવી જ રીતે ઈશ્વરી પ્રેરણા ભક્તોને પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવાને પ્રોત્સાહિત બનાવે છે.]

બોલે ઝીણા મોર,
રાધે તારા ડુંગરીઆપર,
બોલે ઝીણા મોર.—ટેક.

એ મોરહી બોલે બપૈયાહી બોલે,
કોયલ કરે ઘન શોર.—રાધે.

....ભલી વીજળી ચમકે,
બાદળ હુવા ઘનઘોર.
ઝરમર ઝરમર મેહુલો વરસે,
ભીંજે મારા સાલુડાની કોર.—રાધે.

બાઈમીરાંકે પ્રભુ ગિરધરના ગુણ,
પ્રભુજી મારા ચીતડાનો ચોર.—રાધે.

—મીરાંબાઈ

[૪]

મારું ચીતડું ચોરાયે

[મીરાંબાઈનો વૈરાગ્ય ગૂજરાતમાં જાણીતો છે, મીરાંબાઈનુ લગ્ન કોની સાથે અને ક્યારે થયું, એ વિધવા થયાં તેથી કે સધવાવસ્થામાં જ એમણે વૈરાગ્ય લીધો અને કૃષ્ણભક્તિમાં ચિત્ત પરોવ્યું, વગેરે ચર્ચાસ્પદ પ્રશ્નો બાજુએ રાખીએ તો પણ કૃષ્ણભક્તિમાં તે તન્મય બની ગઈ હતી એનો કોઈથી ઈન્કાર થઈ શકે એમ નથી. આ ભક્તિનો એને એટલો બધો રંગ લાગ્યો હતો કે જેથી તે દુનિયાની ટીકાની તેમને રજભર પણ દરકાર ન્હોતી.]

શું કરું રાણાજી, મારું ચીતડું ચોરાયે,
મારું મનડું વેંધાયે.—શું કરું.

કરવાં ન સૂઝે અમને ઘરનાં કામ,
ભોજન ના ભાવે નયણે નિંદ્રા હરામ.—શું કરું.

જળ જમનાને કાંઠે ઊભા બળીભદ્ર વીર,
બંસરી બજાવે વહાલો જમનાને તીર.—શું કરું.

ઊભી બજારે ગજ રથ ચાલ્યો રે જાય,
શ્વાન ભસે તો તેની સંખ્યા ન થાય.—શું કરું.

જખ રે મારે પેલા દુર્જન લોક,
ચીતડું ચોંટયું તો તેની શિખામણ ફોક.—શું કરું.

જ્યાં શામળિયો ગિરધારી ત્યાં મારી આશ,
હરખી નીરખી ગાય મીરાં દાસ.—શું કરું.

—મીરાંબાઈ

[૫]

હરિનો માર્ગ

[અખાએ દુનિયા જોઈ હતી. કેટલાક ધર્મગુરુઓની નાલાયકાત, દંભ અને ધુતારાપણાનો તેને પરિચય હતો. પોતાની જાતને ધર્મગુરુ ગણતા આવા માણસો પોતાની જાતનો ઉદ્ધાર કરવાને અસમર્થ હતા તો પછી તેઓ બીજાને તો કેવી જ રીતે તારી શકે? આ વાત અખાએ પોતાની કવિતામાં વારંવાર લખી છે. એની સ્પષ્ટ વાણી બહુ જ અસરકારક છે.

અખાનો પંથ જ્ઞાનભક્તિનો હતો. એની કવિતા તત્ત્વજ્ઞાનથી ભરેલી છે. ભક્ત કહેવડાવવાથી કે તેના જેવો વેશ લેવાથી ભક્ત થવાતું નથી એ વાત પર તે ખાસ ભાર મૂકે છે. આત્મપરિચયથી જ પ્રભુને પ્રીછી શકાય એમ તે માને છે. મૂળ વસ્તુનો સાક્ષાત્કાર કરનારને તપ-જપ ઈત્યાદિની આવશ્યકતા રહેતી નથી, ને તે પરમાત્માના સાન્નિધ્યમાં સહેલાઇથી જઈ શકે છે, એ તેનાં કાવ્યોનો મુખ્ય ધ્વનિ આ કડીઓમાં પણ સંભળાય છે.]

કામ સકળ હરિથી નીપજે, પણ હરિ શિર પોતે નવ લે રજે;
જીવ થકી કાંઈ નવ થાય, હું હું થઈ ફોગટ બંધાય;
શકટ તળે જેમ ચાલે શ્વાન, એમ અખા ધરવું સૌ માન. ૧

ભલું જાણે તો હરિમાં ભળ, વાંકો જાતો વાટે વળ;
કર્મ કરે ને ફળની આશ, એ તો હરિમાર્ગમાં મેવાસ;
લોભે લાગો ચાલે ગામ, અખા સૂવાનું નાવે ઠામ. ૨

દેહદમન મુંડાનું કર્મ, મૂરખ જાણે માંડયો ધર્મ;
પીડે પિંડને પેટને કાજ, કાયા કશી જાચે મહારાજ;
વિષે વળૂંધ્યો વ્યસની થયો, અખા આત્મપરિચય ગયો. ૩

હરિના હો તો હરિ ઓળખો, વણચાવ્યું બીડું કાં ભખો;
સ્વાદ ન આવે રંગ ન થાય, તેમ ભક્ત ભક્ત કહી લોકો ગાય;
જ્યાં હું હુવો ત્યાં હરિ તો ખરો, વંદો તેની નિંદા કાં કરો. ૪

ભક્ત તો તે જે પ્રીછી ભજે, ફોતરાં ભાંગે નહીં તાંદુળ તજે;
સર્વાવાસ લહે હરિ મળે, નહીં તો બેઠો કંકોડી દળે;
એક સ્વામી સઘળે વિસ્તરો, એમ અખા જાણો તે કરો. ૫

—અખો

[૯]

વચન પાળવા વિષે

[સામળભટ પોતાની લાંબી વર્ણનાત્મક કવિતા માટે પ્રખ્યાત છે. તેમાં પણ સામાજિક વસ્તુવાળી તેમની કૃતિઓ અજોડ છે એમ કહીએ તો પણ ચાલે. આવાં લાંબાં કાવ્યોમાં પ્રસંગાનુસાર સામાન્ય બોધ આપવાનું તેઓ ચૂકતા નહીં. આ કાવ્યમાં વચન પાળવાની મહત્તા તથા તેને માટે ભૂતકાળમાં અપાએલા આત્મભોગ વર્ણવવામાં આવ્યાં છે.]

વચન કાજ હરિશ્ચંદ્ર, નીચ ઘર પરઠયું પાણી;
વચન એકને કાજ, કૃષ્ણે કુબ્જાને આણી;
વચન એકને કાજ, હરે હળાહળ પીધું;
વચન એકને કાજ, દેવવર દૈત્યે લીધું;
શુભ ધર્મ કર્મ ને શર્મ સૌ, વચન જતાં ત વહી ગયું,
કવિ સામળભટ સાચું કહે, વચન ગયું તો થઈ રહ્યું.

...

એક વચનને કાજ, રંક રાવણ થઈ બેઠો;
એક વચનને કાજ, બળિ પાતાળે પેઠો;
એક વચનને કાજ, વેચી હરિશ્ચંદ્રે નારી;
એક વચનને કાજ, પાંડવો હાર્યા ખ્યારી;
વળી એક વચનને કારણે, ભડ પાંચે વનમાં ભમ્યા;
કહે સામળ વચન જ કારણે, સો કીચક સાથે શમ્યા.

...

પાળે વાચક શૂર, જે રણમાં બહુ ઝૂઝે,
પાળે વાચક સિદ્ધ, જેને આગમ સૂઝે;
પાળે વાચક ભક્ત, કરે ઈશ્વર વશ આપે;
પાળે દાતા વચન, વૃષ્ટિ જેને પરતાપે;
પાળે જે વાચક પ્રેમથી, વેદે વિવિધ વખાણીઓ;
સામળ વાચક સંભાળતાં, જશે જગતમાં જાણીઓ.

—સામળભટ

દુનિયા દીવાની રે

[ધીરા ભક્તના પદો મોટે ભાગે કાફી રાગમાં હોઈ, એ કાફીઓ માટે પ્રખ્યાત છે. અખા અને ભોજાની માફક એ પણ પોતાનાં કાવ્યોદ્વારા ભક્તિમાં દેખા દેતી દાંભિકતા દૂર કરવાને મથે છે. આ કાવ્યમાં ય તે એમ સમજાવવા માગે છે કે તે વખતના સંપ્રદાયોના નિયમો પ્રમાણે જગત પ્રભુને નહીં પરંતુ પાખંડને પૂજે છે; ખરૂં જોતાં પોતાની નજીક છે એવી મૂળ વસ્તુનો ત્યાગ કરીને દુનિયા પડછાયા પાછળ ભમે છે.]

દુનિયા દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્ત્તા વસે પાસે રે, બાજી કાંઈ નવ બૂજે. દુનિયા.

જીવ નહીં એને હરિ કરી માને, પૂજે કાષ્ટ પાષાણ,
ચૈતન્ય પુરુષને પાછળ મૂકે એવી અંધી જગત અજાણ;
અર્કને અજવાળે રે, પ્રસિદ્ધ મણિ નવ સૂઝે. દુનિયા.

પાષાણનું નાવ નીરમાં મૂકે, સો વારે પટકે શીશ,
કોટી ઉપાયે તરે નહીં એ તો ડૂબે વસા વીશ;
વેળુમાં તેલ ક્યાંથી રે, ધાતુની ધેનુ શું દૂઝે. દુનિયા.

અંતર મેલ ભર્યો અતિ પૂરણ, નિત્ય નિર્મલ જળમાં નહાય,
મહા મણિધર પેઠો રે દરમાં તો, રાફડો ટીપે શું થાય;
ઘાયલ ગતિ ઘાયલ રે, જાણીને જ્ઞાની ઘાવ રુઝે. દુનિયા.

સદ્‌ગુરુ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટી પંડમાં પેખ,
દૂર નથી નાથ નજીક નિરંજન, દિલ શુદ્ધે દેદાર દેખ;
ધુરંધર ખેલે ધીરો રે, જાહેર જગત મધ્યે ઝૂઝે. દુનિયા.

—ધીરો ભક્ત

પ્રાણીઆ ભજી લેને કિરતાર

[મૂળ વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો આગ્રહ રાખનાર ભક્તકવિઓમાં ભોજોભક્ત પોતાના 'ચાબખા' માટે પ્રખ્યાત છે. લોકોને ખરી વાતનો ઉપદેશ આપવાની સાથે દુનિયામાં ચાલી રહેલો દંભ ખુલ્લો કરવાનું કામ આવી કટાક્ષપૂર્ણ કવિતાઓ સારી રીતે કરે છે. નીચેનાં કાવ્યમાં પણ કિરતારને ભજવાનો ઉપદેશ સરળતાથી આપવામાં આવ્યો છે. આ સંસાર સ્વપ્નસમો છે, દેહ ક્ષણભંગુર છે, ઐહિક સુખના સાધનો નિરર્થક છે વગેરે કથનો યથાર્થ રીતે સમજાવીને પ્રભુભક્તિ માટે કવિ ખાસ ભલામણ કરે છે.]

પ્રાણીઆ ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર,
ધન દોલત ને માલ ખજીના, પુત્ર અને પરિવાર,
એમાંથી જાઈશ તું એકલો, પછે ખાશે જમના માર રે.–
ઊંચી મેડી અજબ ઝરુખા, ગોખતણો નહીં પાર,
કોડી ધ્વજ ને લક્ષપતિ, તેનાં બાંધ્યાં રહ્યાં ઘરબાર રે.–
ઉપર ફૂલડાં ફરફરે ને, હેઠે શ્રીફળ ચાર,
ઠીક કરી એને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર રે.–
સેજ તળાયું વિના સૂતો નહીં, જીવ હુન્નર કરતો હજાર,
ખોરી ખારીને ખૂબ જળાયો, જેમ લોઢું ગાળે લુહાર રે.–
સ્મશાન જઈને ચેહ ખડકી, માથે છે કાષ્ટનો ભાર,
અગ્નિ મેલીને ઊભાં રહ્યાં, અને નિશ્ચય ઝરે અંગાર રે.–
સ્નાન કરીને ચાલી નીકળ્યાં, નર સઘળા ને નાર,
ભોજો ભગત કહે દશ દી રોઈને, પછે મેલ્યો વિસાર રે.–

—ભોજોભક્ત

[૯]

ચિત તું શીદને ચિંતા ધરે

[નરસિંહ મહેતાની માફક દયારામ પ્રેમલક્ષણા ભક્તિમાં માનનાર હતા. આ સંસારના માનવીઓ મોટે ભાગે પોતાના અને પોતાના ઉપર આશ્રય રાખનારાઓના જીવનનિર્વાહ અને તેને અંગે ઉપસ્થિત થતા વિવિધ પ્રશ્નોને માટે અત્યંત ચિંતા કરે છે. ઉપર્યુક્ત પંથના અનુયાયીઓ એવી ચિંતા કરતા નથી. નરસિંહ મહેતા એનાથી મુક્ત હતા. દયારામ પોતે સૌને એવી ચિંતા ન રાખવાને સમજાવે છે. આ કાવ્યનો મુખ્ય ધ્વનિ એ છે કે આ જગતમાં પ્રભુની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલતું નથી; આપણી ચિન્તા ગમે તેટલી તીવ્ર હોય છતાં તે મિથ્યા છે, કારણ કે:

ધણીનો ધાર્યો મનસૂબો, હર બ્રહ્માથી નવ ફરે.

...

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે.]

ચિત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.—ટેક.
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મમરણ ભય હરે. કૃષ્ણને૦

ચિત તું શીદને ચિંતા ધરે — દયારામ

નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લક્ષચોરાશી ફરે. કૃષ્ણને૦

તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે?
ધણીનો ધાર્યો મનસૂબો, હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણને૦

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે. કૃષ્ણને૦

થનાર વસ્તુ થયાં કરે, જ્યમ, શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેરે જાશે, જ્યમ ગજ કોઠું ગરે. કૃષ્ણને૦

જેને જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહીં કોઈથી, શીદ કુટાઈ તું મરે? કૃષ્ણને૦

તારું ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપતણું અજ્ઞાનપણું એ, મૂળ વિચારે ખરે. કૃષ્ણને૦

થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે? કૃષ્ણને૦

—દયારામ

[૧૦]

કાનુડો કામણગારો રે

[નરસિંહ મહેતા અને મીરાંબાઈ પછી ગૂજરાતી સાહિત્યમાં દયારામે કૃષ્ણભક્તિનો પુનરુદ્ધાર કર્યો; ભજનોની સાથે શ્રીકૃષ્ણના જીવનના શૃંગારિક પ્રસંગોના કાલ્પનિક વર્ણનો સુદ્ધાં એમની કવિતામાં નજરે પડે છે. નીચેનું કાવ્ય તેમાંનું એક છે. એક ગોપિકા કૃષ્ણ સાથેના મિલન વખતનો તેમજ ત્યારપછીનો પોતાનો અનુભવ પોતાની સખી આગળ વર્ણવે છે.]

કાનુડો કામણગારો રે સાહેલી આ તો કાનુડો
કામણગારો રે.—ટેક.

કાનુડો કામણગારો, રસભર્યો ને રૂપાળો;
આ શું આંખડલીનો ચાળો રે; સાહેલી આ તો કાનુડો—૧

રંગરાતો, મદમાતો, વાંસલડીમાં ગીત ગાતો;
નેણુંશું કરે છે વાતો રે, સાહેલી આ તો કાનુડો—૨

ભરવા હું ગઈ પાણી, પ્રેમપીડા ભરી આણી;
ઘેલી થઈ હું આવી શાણી રે, સાહેલી આ તો કાનુડો—૩

તેં કહ્યું તે મેં નહીં માન્યું, આજે મારી જાતે નાણ્યું;
આવડું મેં નોતું જાણ્યું રે, સાહેલી આ તો કાનુડો—૪

એની તારે પાયે લાગું, વહાલા વિના ઘેલું લાગું;
દયાનો પ્રીતમ માગું રે, સાહેલી આ તો કાનુડો—૫

—દયારામ

[૧૧]

સાયંકાળે

[દલપત–નર્મદ બેઉ સંક્રાંતિયુગના હોઈને તેમની પ્રવૃત્તિઓ કવિ તરીકેની હોવા કરતાં નવયુગના ઘડનાર તરીકેની વિશેષ છે. છતાં તેમની પદ્યરચનામાં ય ક્વચિત્ ક્વચિત્ કવિત્વશક્તિના ચમકારા નજરે પડે છે. આ સંગ્રહમાં આપેલાં બેઉ કાવ્યો તેના નમૂનારૂપ છે.

શ્રી૦ દલપતરામ આ કાવ્યમાં સાયંકાળે સામાન્ય રીતે નજરે પડતા દેખાવોનું વર્ણન કરે છે. પહેલા શ્લોકમાં આથમતા સૂર્યનો નિર્દેશ કરીને વનમાં ચરવા ગએલી ગાયોને એકઠી કરીને પાછા ફરતા ગોવાળિયાનું, ખેતરમાં સખત મજૂરી કરી પોતાની ખાંધ પર કોદાળી નાખીને સ્વગૃહે આવતા ખેડુતો, વગેરે શાબ્દિક ચિત્રો દોરવામાં આવ્યાં છે. વળી પાછી કવિ આથમતા સૂર્ય ભણી પોતાની નજર ફેરવે છે ને એક અતિ સામાન્ય કથન સરળતાથી ઉચ્ચારે છે:

'પૂજે જનો સૌ ઊગતા રવિને'

પહેલો એક અને છેલ્લા ત્રણ શ્લોકો પ્રકૃતિવર્ણનના સુંદર નમૂનાઓ છે. બલ્કે, આખું કાવ્ય જ મનોહર ઉપમાવાળું છે; છતાં સામાન્ય મનુષ્ય સુદ્ધાં એ વાંચીને આનંદ મા'ણી શકે એટલું તે સરળ છે.]

[ઉપજાતિ વૃત્ત]

જુઓ જુઓ આ રવિ દિવ્યકાય,
ભૂમિ ભણી તે નમતો જણાય;
જાણે ચઢેલો અમરાપુરીમાં,
પતંગ દીસે પડતો મહીમાં. ૧

ગાયો ચરી ગામ ભણી વળે છે,
જુદી પડેલી સમૂહે મળે છે,
ઘણી નદીઓ મળી એક રાહ,
જાણે થયો જાહ્નવીનો પ્રવાહ. ૨

ગોવાળ ગાયો ઘણુ ઘેરી લાવ્યો,
ભાળી ભલો સૌ જન ચિત્ત ભાવ્યો,
ભગીરથે જેમ ધરી ઉમંગ,
કૈલાસથી આણી પવિત્ર ગંગ. ૩

ગાયો તણા વેગથી ખૂબ ખેહ,
ઊંચી ચઢી ઊડી જણાય જેહ,
ઉચારવા દુઃખ વિચાર લાવી,
જાણે ધરિત્રી સ્વર્ગે સીધાવી. ૪

ગોવાળીઆ વાંસળીઓ બજાવે,
સુણી ભલા સૌ જન ચિત્ત ભાવે,
જાણે ચડયો છે ઘન એમ જાણી,
વદે મધુરે સ્વર મોર વાણી. ૫

ગાયો કરે છે પુરમાં પ્રવેશ,
છૂટી પડી વેગ કરી વિશેષ;
સહસ્ર ધારે થઈ જેમ ગંગ,
કરે જઈ સાગરનો પ્રસંગ. ૬

દંતાળી ખાંધે ધરી ખેડુ કોઈ,
કવિ કરે તર્ક વિતર્ક જોઈ,
ધરારૂપી સ્રીતણી કાંસકી છે,
જાણે કૃષિકારકને જડી છે. ૭

અરે જુઓ વિશ્વ અનુભવીને,
પૂજે જનો સૌ ઊગતા રવિને,
આવી પડે અસ્ત થવાનું જ્યારે,
કોઈ ન છાંટે લઈ કંકુ ત્યારે. ૮

દિનેશ ડૂબ્યો પ્રતિબિંબ દીસે,
આશ્ચર્ય જોતાં ઊપજે અતીશે,
જાણે રિપુને છળવા વિચાર્યું,
ભાનુપ્રભુયે કૃત્રિમ રૂપ ધાર્યું. ૯

પછી થયું તે પ્રતિબિંબ અસ્ત,
જાણે રવિ સૈન્ય ગયું સમસ્ત,
તથાપિ તેનાં કિરણો પ્રકાશે,
પ્રતાપીનો જેમ પ્રતાપ ભાસે. ૧૦

—દલપતરામ

[૧૨]

વર્ષા

[આ શ્લોકો 'ઋતુવર્ણન' નામના ગ્રંથમાંથી લીધા છે. કવિએ અંગ્રેજી તેમજ સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરેલો હોવાથી તેમાંના એવા ગ્રંથો વાંચીને ગૂજરાતીમાં એવું જ કંઈ લખવાની પ્રેરણા મેળવેલી. ગ્રંથને રસિક તથા આકર્ષક બનાવવા સારુ તેમણે એક સ્ત્રીપાત્ર યોજ્યું છે. પતિ પરદેશ ગયો હોવાથી તે વિરહિણી હતી. છએ ઋતુઓમાં તેને થએલા અનુભવોનું વર્ણન કવિએ કર્યું છે આખો ગ્રંથ કવિતા કહેવાવાને લાયક નથી. કવિ જાતે લખે છે કે તેમણે પોતાની સ્ત્રીને જ આ ગ્રંથની નાયિકા કલ્પીને ગ્રંથરચના માટે પ્રેરણા મેળવી છે.

આ કાવ્યમાં નાયિકાનાં વિરહદુઃખ અને વિહ્વલ મનોદશાનાં યથાર્થ વર્ણન સાથે જ વર્ષાઋતુની કેટલીક વિશિષ્ટતાઓનું યોગ્ય આલેખન થયું છે.]

[માલિની]

ઘડી ઘડી તડકોને, છાંયડો ફેરવાયે,
ગરમીથી ઉકળાટ, પ્રાણીને ભારી થાયે,
અહીં તહીં બહુ દીસે, દોડતાં અભ્ર કાળાં,
સકળ જન કહે એ, વૃષ્ટના થાય ચાળા.

રૂડું ધનુષ જણાયે, પીત સૂર્યાસ્ત ભાસ,
અતિ ઊજળું કુંડાળું, ચંદ્રની આસપાસ,
વીજળી ઘણી ઈશાને, નરુતા વા શિતાળા,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા.

ચમક ચમક વીજે, વ્યોમને ફાડી નાખ્યું,
ગડગડ ગગડાટે, ધ્રૂજવ્યું અંડ આખું,
સરર ધરર ગાજ્યો તોરી વંટોળ વાત;
વળગી પડીજ ચોંકી, દાસીને જાણી નાથ.

[મંદાક્રાંતા]

"અંધારી આ રજનિ સજની, મેઘ બિહામણી રે;
વારે વારે, દરશન દઈ, ચોંકવે દામણી રે,
ધો ધો ધો ધો, ઉદક પડતું, પ્હાડ ઉપેર ભારી,
દેખી સંધુ, કયમ ન ટટળું નાથ સારુ હું નારી ?

આ તોફાને, ખૂબ કરી કળા, ડુંગરે નાચતા રે,
'ટેહુ' 'ટેહુ', વદી હરખમાં, મોર તે વૃંદમાં રે:
દેખી દાઝું ઊંચકી તન ના, જંગી વિલાસ કીધો.
માદા પેરે, ઝીલી સુરસ મેં, હાય રે નાજ પીધો!

દિલાસાથી, ધીરજ ધરતી, ચાતકા જોઈ તું ને,
તારું સીઝયું, મુજ નવ સીઝયું, લ્હાય વાધીજ મુને:
રે દાદુરા, ઘન વરસતો જોઇ પુલાઇને રે,
'ડેઊ' 'ડૌઊ,' અતિસ લવી કાં ચ્હીડવે છે મને રે.

શા સારુ એ, દરદી હું છતાં, ખ્હેની કોયલડી રે,
ટૂઉ ટૂઉ કરતી હું વિના, મેઘસૂરે ચ્હડી રે:
તોબાકારી, તીણી જ ચીસથી, સારસા ભાઈ તારી,
કેશો ઊભા, કરી કણુકણે, પેટ બાળે છે ભારી.

—નર્મદાશંકર

[૧૩]

નવ કરશો કોઈ શોક

[કવિ લખે છે: 'એક વખત હું એવા તો મનના ગભરાટમાં હતો કે મેં જાણ્યું કે હવે મારું મોત વહેલું થશે ને હું મરીશ ત્યારે મારા પ્યારા-પ્યારીઓને બહુ દુઃખ થશે—એ ઉપરથી મેં આ કવિતા જોડી છે.'

આ પદ આશ્વાસનનું તેમજ બોધનું છે. વળી એમાં કવિના જીવનનો પણ કંઈક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કવિ પોતાની હિંમત, સત્યપ્રિયતા અને ટેક સારુ વખણાય છે. એમનો દુશ્મન સુદ્ધાં એ સદ્‌ગુણોની પ્રશંસા કરશે એમ કવિ કહે છે. એમનું જીવન સામાજિક અને આર્થિક વિટંબણાઓથી ઘેરાએલું હતું તેનું સૂચન આ પદમાં થયું છે. છલ્લી બે પંક્તિઓ સામાન્ય બોધની છે.]

નવ કરશો કોઈ શોક—રસિકડાં, નવ કરશો કોઈ શોક. ટેક.
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી. રસિકડાં
પ્રેમીઅંશને રુદન આવશે, શઠ હરખાશે મનથી. રસિકડાં
મર્મ ન સમજે બકે શંખશઠ, વાંકુ ભણે બહુ પણથી. રસિકડાં
એક પીડમાં બીજી વ્હીડથી, જળશે જીત અગનથી. રસિકડાં
હતો દુખીઓ થયો સુખીઓ, સમજો છૂટયો રણથી. રસિકડાં
મૂઓ હું તમે પણ વળી મરશો, મુક્ત થશો જગતમથી. રસિકડાં
હરિકૃપાથી મમ લેખચિત્રથી, જીવતો છઉં હું દમથી. રસિકડાં
વીર સત્ય ને રસિક ટેકીપણું, અરિ પણ ગાશે દિલથી. રસિકડાં
જુદાઈ દુઃખ તે નથી જ જવાનું જાયે માત્ર મરણથી. રસિકડાં
મરણ પ્રેમીને ખચિત મોડું છે, દુઃખ વધે જ રુદનથી. રસિકડાં
જગતનીમ છે જનનમરણનો, દઢ રહેજો હિંમતથી. રસિકડાં
અમે વિસારી રામ સમરજો, સુખી થાશો તે લતથી. રસિકડાં

—નર્મદાશંકર

[૧૪]

મંગલ મંદિર ખોલો

['સ્મરણસંહિતા' નામક ગ્રંથમાંથી આ કાવ્ય લીધું છે. આધુનિક વિવેચકોએ આ ગ્રંથને કવિની સર્વોત્તમ કાવ્યકૃતિ તરીકે સર્વાનુમતે સ્વીકાર્યો છે. કોઈ સ્વજનના મરણ પાછળ કવિતા લખવાની પ્રથા પ્રાચીન છે. આવાં કાવ્યને અંગ્રેજીમાં Elegy કહેવામાં આવે છે. ગૂજરાતીમાં એને કરુણપ્રશસ્તિ કાવ્ય તરીકે ઓળખવામાં આવે છે.

આવાં કાવ્યોમાં નીચેનાં તત્ત્વો આવશ્યક છે: (૧) સ્વજનના મૃત્યુને લીધે થએલું વિયોગદુઃખ; (૨) તેને પરિણામે ઉદ્ભવેલા શોકોદ્‌ગાર; (૩) સંગીતમયતા; (૪) પ્રસંગને અનુકૂળ તત્ત્વચિન્તન. આ બધાં તત્ત્વો પોતાનાં કાવ્યમાં દાખલ કરવામાં રા. નરસિંહરાવ મોટે ભાગે સફળ થયા છે. પોતાના પુત્ર નલિનકાન્તનું યુવાવસ્થાને આંગણે જ અકાળ અવસાન થયું હતું તેથી એમના મૃદુ હૈયાને કારમો ઘા લાગ્યા વિના રહ્યો નહીં. એમની હૃદયવ્યથાનું આલેખન હોઇ આ કાવ્ય અતિ વાસ્તવિક અને હૃદયંગમ બન્યું છે. નીચેનું કાવ્ય ગૂજરાતી સાહિત્યનું એક ઉત્તમ સંગીતકાવ્ય છે. આચાર્ય આનંદશંકર ધ્રુવ એને 'આખા કાવ્યની કલગીરૂપ' ગણે છે.]

[ભૈરવી રાગિણી]

મંગલ મન્દિર ખોલો,
દયામય !
મંગલ મન્દિર ખોલો !
જીવનવન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો, લ્યો,
દયામય !
મંગલ મન્દિર ખોલો !
નામ મધુર તમ રટ્યો નિરન્તર,
શિશુસહ પ્રેમે બોલો,
દિવ્યતૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો,
દયામય !
મંગલ મન્દિર ખોલો !

—નરસિંહરાવ

[૧૫]

અવસાન

[કવિના 'નૂપુરઝંકાર' નામના કાવ્યસંગ્રહમાંનું આ છેલ્લું કાવ્ય છે. પોતાના રસિક વાચકોની વિદાય લેવાને કવિએ આ કાવ્ય રચ્યું છે. ભાવોની મૃદુતા કાવ્યને આકર્ષક બનાવે છે.

કાવ્યનું હાર્દ સમજાવતાં રા. નરસિંહરાવ પોતે લખે છે કે: 'આ કાવ્યમાં તો ગીતધ્વનિ ઉત્પન્ન થઈ પાછો શૂન્યમાં લીન થાય છે, વીજળી અંધકારમાંથી ઊપજી અંધકારમાં શમે છે, ઈત્યાદિ પ્રકારો દર્શાવ્યા છે, અને નૂપુરઝંકારના કાવ્યોનો ઝંકાર પણ તે જ રીતે મૌનમાંથી ઊપજી મૌનમાં શમશે, છતાં આનંદ આપશે તો કૃતાર્થતા થશે—ઈત્યાદિ ભાવ છે.']

[વસન્તતિલકા.]

અંધારમાં ઝબૂકી વીજ વિલીન થાય,
ઉલ્કા સરે ગગનમાં ગગને સમાય,
ગીતધ્વનિ પ્રગટી શૂન્ય વિષે જ ડૂબે,
આનન્દ માનવ–ઉરે પળમાત્ર શોભે, ૧

એ ઇન્દ્રજાલરચના ગમતી તથાપિ,
ભારે ભર્યાં હૃદયને ક્ષણ હર્ષ આપી:
મૌનેથી ઊપની વળી શમિયા જ મૌને,
ઝંકાર આ સુખ કરે કદી બન્ધુઓને. ૨

ઝીલ્યા ગણું સફળ આ ઉર-યન્ત્ર માંહીં,
દેવીતણા મધુર નૂપુરનાદ કાંઈ,
છો ને પછી કવિતનૂપુર મૂક થાય,
ઝંકાર નૂપુરતણા નવ વ્યર્થ જાય. ૩

ને નાદ એ સરી જશે વહી મન્દ મન્દ,
નિઃશબ્દ શાન્તિ ઉરમાં લય પામી ધન્ય,
તે નાદની સમ વિલીન થઈ હું જાઉં,
ને મૌનના ગહન સિન્ધુ વિષે સમાઉં. ૪

તે વેળ ઓ રસિક બન્ધુ! હું માગું એક,
મા વીસરી કંઈ જતો મુજને તું છેક,
જો એક અશ્રુ તુજ મેં કદી હોય લોહ્યું,
એકાદ અશ્રુતણું દાન જ યાચું તો હું. ૫

—નરસિંહરાવ

[૧૬]

અગતિગમન

[શ્રી૦ કાન્તનાં કાવ્ય આત્મલક્ષી તેમજ પરલક્ષી છે. એમનાં અનેક-કાવ્યોમાં એમના હૃદયના જુદા જુદા ભાવો—મૈત્રીના, પ્રેમના, ધર્મના, ઈત્યાદિ—વ્યક્ત કરવામાં આવ્યા છે. આ કાવ્યમાં ય 'હૃદયની નિગૂઢ વૃત્તિઓ અને વ્યાપારો સ્ફુટ થાય છે.' અનેક વાર ગત સ્વજનો પ્રતિ હૃદયનો ઊભરો ઢળે છે. એવા અનુભવની એકાદ વિરલ ક્ષણનું વર્ણન આ નાનકડા કાવ્યમાં થયું છે.

દુનિયાના અંધકારમય માર્ગમાં ચરણ ઊપડે નહીં ત્યારે ક્વચિત, અણધારી પળે, કવિનું હૃદય પોતાના પ્રિય હૃદયની પાસે સરી પડે છે. ઘડીભર ચિત્ત સમાધિ લે છે. એ સ્થિતિમાં જ એમને સ્વર્ગની ઝાંખી થાય છે. બીજી જ ક્ષણે પ્રેમસમાધિ તૂટે છે અને કવિ ફરીથી આ દુનિયામાં પોતાને જુએ છે.]

બધા ઝાંખા તારા, વિધુ પણ મહીં તે જ ન મળે,
થયેલું અંધારું પથિક તરુછાયાથી સઘળે,
નહીં ચાલે તેમાં ચરણ, દિલ તો દૂર ફરતું,
સખે! બીજે તો ક્યાં? પ્રિય હૃદયની પાસ સરતું!

નથી તેં શું ક્યારે ક્ષણ વિરલ એવી અનુભવી?
સ્ફુરંતી ઊંડાણે અસર સહસા અદ્‌ભુત નવી:
વિચારો રેલીને પ્રણયરસ સર્વત્ર ઊભરે,
અને ન્હાતાં ન્હાતાં હૃદય હૃદયાલિંગન કરે!

બને ત્યારે આંખો મૃદુલ શિશુના સ્વપ્નસમ ને,
જતી ભાસે સ્વર્ગે સહ જ શિરના સ્વલ્પ નમને!
ફરી પાછું હૈયું ક્ષણ અવરમાં વાસ વસતું,
અને અંધારાથી ચરણ સમજી શીઘ્ર ખસતું.

—કાન્ત

[૧૭]

એક આગિયાને

[શ્રી૦ કલાપીનાં કાવ્યો સરળ શૈલી અને વાસ્તવિક વર્ણન માટે ગૂજરાતમાં મશહૂર છે. છંદોની વિવિધતા તેમને મધુર અને ભાવવાહી બનાવે છે. ખાસ કરીને એમનાં પ્રાસંગિક કાવ્યો અતિ આકર્ષક હોય છે.

આ કાવ્ય આગિયાને સંબોધીને લખાએલું છે. એ જંતુના તેજનું વર્ણન બહુ આબેહૂબ છે. જે તેજ એને જીવાડે છે અને આકર્ષક બનાવે છે તે જ તેજ વિનાશક નીવડે છે. આ ઉપરથી માનવદૃષ્ટિએ દેખાતા સત્ય વિશે કવિ એક સામાન્ય પ્રશ્ન પૂછે છે : 'જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી ?']

તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી,
બ્રહ્માંડને પોષી રહી તે દૃષ્ટિ અહીં એ છે નકી,
તુજ ઉદરપોષણમાં તને તુજ રૂપ ઉપયોગી થતું,
તુજ નેત્ર આગળ દીવડો કે શ્રમ વિના દેખાડતું.
વળી કોઈ કન્યા પાતળી તુજ તેજ ઉપર મોહતી,
જે ભાલને ચોડી તને ત્યાં હર્ષથી ચળકાવતી,
વળી કોઈ વિસ્મિત તુજ તેજ માત્ર નિહાળતી,
ના સ્પર્શતી એ બીકથી તુજ રજ રખે જાતી ખરી.

અદૃશ્ય ના ઘનથી બને ના ધુમસે મેલું થતું,
તુજ તેજ તે મુજ ઉપવને હું નિત્ય જોવા જાઉં છું,
મમ પ્યારીનાં ફુલડાં અને મુજ વૃક્ષ જ્યારે ઊંઘતાં
તું જાગતો રાત્રિ બધી ત્યારે રમે છે બાગમાં.

તું જાગજે, તું ખેલજે, તું પત્રપત્રે મ્હાલજે,
ચળકાટ તારો એ જ પણ તુજ ખૂનની તલવાર છે !
તું કેમ એ માની શકે ! આધાર તારો એ જ છે,
એ જાળ તું જાણે નહીં, હું જાણું ને રોઉં, અરે !

રે ! પક્ષી કોની દૃષ્ટિએ તું એ જ ચળકાટે પડે,
સંતાઇ જાતાં ન્હાસતાં એ કાર્ય વેરીનું કરે,
દ્યુતિ જે તને જીવાડતી દ્યુતિ તે તને સંહારતી,
જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી.

આ પ્રેમ સંસારીતણો તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બિંદુ ભર્યાં વિધિએ નથી ?
અમ એજ જીવિત, એજ મૃત્યુ એજ અશ્રુ ને અમી,
જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી ?

—કલાપી

[૧૮]

આણું

[શ્રી. બોટાદકરની કવિતામાં ગ્રામજીવનના ભિન્નભિન્ન પ્રસંગોનું આલેખન કરવામાં આવ્યું છે. પશ્ચિમની કેળવણીના સંસ્કાર એમના ઉપર સીધી રીતે પડેલા નહીં હોવાથી એમનાં કાવ્યોમાં મોટે ભાગે નિર્મળ આર્યભાવનાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

'રાસતરંગિણિ'માંનો રાસો કવિએ રાસ લખવાની કળા કેટલી ઝડપથી અને સરસ રીતે હસ્તગત કરી તે બતાવી આપે છે. એમાંના રાસો જીવનની કડવીમીઠીનો સુંદર ચિતાર રજૂ કરે છે. ખાસ કરીને હિન્દુ સમાજના સગાસ્નેહીઓના સંબંધનું આલેખન વાસ્તવિક અને કટાક્ષપૂર્ણ છે. 'આણું'માં સાસરે વિદાય થએલી પુત્રી પોતાના પિયરના સંબંધીઓનો સ્નેહ તાજો કરે છે. પોતાની માએ પિયર આવવા આણું મોકલ્યું તે ઉપરથી તેના મનમાં ભૂતકાળના સંસ્મરણો ખડાં થાય છે, અને જ્યારે એ પિયર જશે ત્યારે એના સંબંધીઓ અને સખીઓ એનો કેવો સત્કાર કરશે તેની કલ્પના કરે છે. છેલ્લા શ્લોકમાં તો મહિયરનો ને માડીનો મહિમા સુંદર રીતે ગાયો છે.]

[હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો—એ ઢાળ.]

આવી-આવી વગડા વીંધી વેલ્ય જો,
ઘુઘરીએ ઘમઘમતા આવ્યા ઘોડલા,
આજ ફળી અંતરની એકલ આશ જો,
મીઠડલી માવડીએ આણું મોકલ્યાં.

મેં જાણ્યું જે ભૂલી મુજને માત જો,
બાપુને અંતરથી છૂટી બેટડી,
ભાભલડીના ઉરનો ભાળી ભાવ જો,
બાન્ધવડે વીસારી એની બ્હેનડી.

શેરડીએ વીરાનો શીળો સાદ જો,
શીળા એને ઉર શોભે સન્દેશડા,
મીઠાં-મીઠાં મહિયર કેરાં માન જો,
મહિયરના મારગડા મનને મીઠડા.

સાસુજી ! આપોને અમને શીખ જો,
ભાવભર્યાં એ ભાંડરડાંને ભેટવા,
જોશું-જો વ્હાલેરી વનવાટ જો,
જોશું રે ! મહિયરનાં જૂનાં ઝાડવાં.

જોશું–જોશું દાદાનો દરબાર જો.
કાળજડે રમતા એ ગઢના કાંગરા,
વીરાજીના રઢિયાળા રણુવાસ જો,
ખેલણુમાં ખૂંદેલાં એનાં આંગણાં.

મીઠો વરસે માવડલીનો મેહ જો,
ન્હાશું એના ઝરમર ઝરતા નીરમાં,
ત્યજશું ઊંડો અંતરનો પરિતાપ જો,
શીતળતાની ભરશું હેલ શરીરમાં.

સામે મળશે સાહેલીનો સાથ જો,
આંખલડીનાં આંસુ આદર આપતાં,
વાતડલીનો વધતો વેગ વિશાળ જો.
મીઠા કૈંક મનોરથ મનમાં મ્હાલતાં.

વસમી લાગે ભવની લાંબી વાટ જો,
મહિયરને મારગડે શીળી છાંયડી,
પળ–પળ પીવાં કૈંક જગતનાં ઝેર જો,
માડીના કરમાં ય સજીવન સોગઠી.

—બોટાદકર

[૧૯]

હૈ યા ના ઘા વ

[રા. ખબરદારની કવિતા બહુધા ભાવપ્રધાન છે. નીચેના કાવ્યમાં ય ઉન્નત ભાવો અને કલ્પનાઓ નજરે પડે છે. પ્રકૃતિના વિવિધ પ્રદાર્થો સાથે માનવહૃદયની સરખામણી બહુ સચોટ રીતે કરવામાં આવી છે. અંતિમ શ્લોકમાં જગહૈયામાં પુણ્યના રસ છલકાવવા સારુ જગન્નિયંતાને અરજ કરવામાં આવી છે.]

[રાગ માઢ]

જગહૈયાં ખોલી ખોલી જુઓ,
હૈયે હૈયે ઘાવ.
કંઇ હૈયે હૈયે ઘાવ,
ઊંડા હૈયે હૈયે ઘાવ રે. જગહૈયાં. [ધ્રુવ]

વાદળ વાદળ વીજળી ચીરે,
નીરે ભરાય તળાવ,
હૈયે હૈયે ઘાવ ઝરે તેમાં
તરતું જીવનનું નાવ રે. જગહૈયાં. ૧

ઉન્નત, અડગ હિમાચલ જેવાં
દીસે સાધુ ઉર–શાંત,
ઊંડી ઊંડી એ થકી પણ વહેતી
કંઈ કંઈ ગંગા એકાંત રે. જગહૈયાં. ૨

ચંદ્રે ચંદ્રે હોય કલંક, ને
સૂર્યે સૂર્યે ડાઘ,
હૈયે હૈયે ઘાવ છતાં દીપે
પુણ્યનાં તેજ અથાગ રે. જગહૈયાં. ૩

ચાર આંગળનું હૈયું તેમાં
કોટિક કોટિક ભાવ:
કેમ સમાત એ ટૂંકા જગતમાં
હોત ન હૈયે ઘાવ રે? જગહૈયાં. ૪

ગંગા યમુનાના ધોધ સુકાશે,
સુકાશે સાગરનાં નીર,
ઊંડા આકાશનાં તેજ સુકાશે,
ન સુકાય હૈયે વાગ્યાં તીર રે. જગહૈયાં. ૫

દહાડે દહાડે અજવાળાંનાં અમૃત ને
અંધારી અંધારી રાતઃ
ઊંડા અબોલ હૈયાના ઘાવની
ખોલે અનેરી કો વાત રે ? જગહૈયાં. ૬

થાક્યા થાક્યા છે આલમના આત્માને
થાકી છે દુનિયાની દેહ,
કોણ કળે આ -શૂન્ય જગતમાં
ભાંગ્યા હૈયાના સ્નેહ રે ? જગહૈયાં. ૭

ઊંચા આકાશથી પુણ્યરૂપ ઝરતાં
સ્વર્ગ ગંગાનાં નેવ
ઘાવે ઘાવે હસે પ્રભુની પ્રતિમા ને
બનતા માનવના દેવ રે ! જગહૈયાં. ૮

પાપના ભાર ઉતારજો, સ્વામી !
પુણ્યના રસ છલકાવ !
એ રસલીલાના જોગ જોગવવા
હો હૈયે હૈયે ઘાવ રે ! જગહૈયાં. ૯

—ખબરદાર

[૨૦]

મારે જાવું પેલે પાર

[શ્રી૦ નાનાલાલ પહેલાં કેટલાક કવિઓએ ગૂજરાતીમાં રાસ લખ્યા છે છતાં રાસયુગના પ્રણેતા તરીકે તો એમનું જ નામ અમર રહેશે. ભાવોની વિવિધતા તેમજ કોમળતા, શબ્દમાધુર્ય, અને કાવ્યોની ગેયતા એમનું નામ ગૂજરાતમાં ઘેર ઘેર જાણીતું કરવામાં કારણભૂત છે. ગરબાના શોખીનોએ અને ખાસ કરીને ગૂજરાતની સ્ત્રીઓએ એમના રાસો ગાવાનો કે સાંભળવાનો આનંદ માણ્યો ન હોય એ અસંભવિત છે.

નીચેનાં કાવ્યમાં સંસારસાગર ઓળંગીને પેલે પાર પ્રભુના ધામમાં જવાનો ભાવ સુંદર રીતે વ્યક્ત થયો છે. દરેક કાવ્યખણ્ડમાં આ દુનિયા અને સ્વર્ગભૂમિ વચ્ચેનો તફાવત બહુ સરળતાથી સમજાવ્યો છે. તત્વચિંતનની આછી છાયા છતાં આખા કાવ્યનું સંગીત અણીશુદ્ધ રહી શક્યું છે એ કવિની ખાસ ખૂબી છે.]

મારે જાવું પેલે પાર:
હવે માછીડા ! હોડી હંકાર:
મારે જાવું પેલે પાર. [ધ્રુવ.]

જમણે કાંઠે મથુરા નગરી,
ડાબે ગોકુળ ગામ:
આ આરે મારી દેહ ઊભી છે,
ત્યાં છે આતમરામ:
મારે જાવું પેલે પાર.

આભનો સાગર જલજલ ભરિયો,
મહીં સૂરજ ને સોમ:
આ આરે છે ધરતીની ભેખડ,
ત્યાં છે ચેતનભોમ:
મારે જાવું પેલે પાર.

હલકી હેલે આયુષ્ય ઊછળે,
જગના વાયે સમીર:
આ આરે મારી આશાની કુંજો,
ત્યાં છે પ્રેમમન્દિર:
મારે જાવું પેલે પાર.

હવે માછીડા! હોડી હંકાર,
મારે જાવું પેલે પાર.

—નાનાલાલ

[૨૧]

કાળની ખંજરી

[કેટલાક આધુનિક રાસોમાં વિચારોની દરિદ્રતા ને ક્ષુલ્લક કલ્પના નજરે પડે છે તેને શ્રી૦ નાનાલાલના રાસોમાં સ્થાન નથી. આ કાવ્યમાં ય મુખ્ય વિચારની ગંભીરતા તેને આકર્ષક બનાવે છે. આ જગતને રણક્ષેત્રની ઉપમા અનેકવાર મળી ચૂકી છે. કવિ એવા ભવરણમાં રમનારને કાળ—Time—ની ખંજરીના ઝણકાર ઝીલવાનો આગ્રહ કરે છે. સમયના વહેવા સાથે દુનિયામાં અનેક ફેરફારો થાય છે. એક યુગ પૂરો થાય, બીજો શરૂ થાય, છતાં કાળની ખંજરીમાંથી ભૂત–ભાવિના ભણકાર નીકળ્યા જ કરે છે. એ ભણકાર સાંભળીને તેને અનુકૂળ થઈને ભવરણમાં ઘૂમવાનો ઉપદેશ આ કાવ્યદ્વારા કવિ આપે છે.]

કાળની ખંજરીના ઝણુકાર
ઝીલજો, ભવરણુના રમનાર!

રજની આથમે, દિવસ ઊગે છે, દિશા ઉઘાડે બાર,
યુગ ઊતરે, નવયુગ બેસે આ, એના મહાઉચ્ચાર.

એવા વીરના ધનુટંકાર
ઝીલજો, ભવરણુના રમનાર!

શીંગી વાગી, શંખ પૂર્યા દુંદુભિ દે છે વિધિકોલ,
અવની ઉરમાં, ગગન ગુફામાં, ગાજે યુગના બોલ,

ભૂત–ભાવિના એ ભણકાર
ઝીલજો, ભવરણુના રમનાર!

રુદ્ર ન્હોતર્યા, જોગણી ન્હોતરી, ન્હોતરિયા યમદેવ,
ભાગ્યબોલ બોલે છે આજે કાળપુરુષ સ્વયમેવ,

ઝીલજો, ભવરણુના રમનાર!
કાળની ખંજરીના ઝણુકાર.
કાળની ખંજરીના ઝણુકાર
ઝીલજો, ભવરણુના રમનાર!

—નાનાલાલ

[૨૨]

મ ઢ લી

[શ્રી૦ લલિતનાં કાવ્યો ગેયતાને લીધે મનોહર બની શક્યાં છે. પોતાના મધુર કંઠ અને મંજીરાની મદદથી પોતાનાં જ કાવ્યો લોકપ્રિય બનાવવાનો વિરલ પ્રયાસ શ્રી. લલિતે સફળતાથી કર્યો છે. એમનાં કાવ્યોમાં વિચારોની ગહનતા ભલે ન હોય છતાં શબ્દલાલિત્ય અને કૂળાં ભાવો તો છે જ. 'મઢૂલી' ને કવિ એક જીવનગીત ગણે છે, ને તે યથાર્થ છે. જીવન વિલાસ માટે નથી તેમજ નિષ્કારણ ત્યાગ સારુ નથી. પરંતુ આ જીવન માટે તો 'સુખદુઃખની કંથા ધારી' ને સહિયારી સફર ઉડાવવાનો આદર્શ કવિ રજૂ કરે છે.]

મઢૂલી મજાની પેલે તીર
  સંતો વ્હલાં !
  અનેરી અમારી એ લગીર !
વૃક્ષો વેલડિયોવાળાં
કુમળાં ફળફૂલ રસાળાં
  લઈ જાવ લ્હાણું એ લગીર !
  સંતો વ્હાલાં !
મનની કાંઈ મોજમજાઓ
રસિયાં ઉરનો કંઈ લ્હાવો
  લેવાને આવજો લગીર !
  સંતો વ્હાલાં !

સ્હામે સંસારી વિલસે,
વચ્ચે જીવનસરિતા વ્હે:

રેલવિયે ત્યાં રસરંગ લગીર !
સંતો વ્હાલાં !

ઉડવાય સફર સહિયારી;
સુખદુ:ખની કંથા ધારી.

આનંદ ઓર એ લગીર !
સંતો વ્હાલાં !

લગની સ્હેવા સ્હાવાની,
ગોતડાં પ્રભુનાં ગાવાની,

લાગે તો આવજો લગીર !
સંતો વ્હાલાં !

મઢૂલી મજાની પેલે તીર
સંતો વ્હાલાં !
અનેરી અમારી એ લગીર !

—લલિત

ભ વા ટ વિ

['ભવાટવિ ' એક મધુર પ્રાર્થનાગીત છે. નવીનતર યુગના સંગીતકાવ્યોમાં આને રા૦ નરસિંહરાવ અતિ આકર્ષક ગણે છે. એનો એ જ ભાવ બીજા કવિઓએ અંગ્રેજી અને ગૂજરાતી કાવ્યોમાં ઉતાર્યો છે. ગંભીર માંદગીમાં, મધરાતની સ્મશાનશાંતિમાં, જ્યારે કવિનું જીવનનાવ ભરદરિયે ઝોલા ખાતું હતું ત્યારે, નૈસર્ગિક પ્રેરણાથી કવિએ આ પ્રાર્થન રચ્યું છે એમ તેઓ પોતે જણાવે છે.

દુનિયાના વિકટ ને અંધકારમય પંથમાં દિનરાત ભટકતો પથિક અખંડ જ્યોતિવાળી પોતાની મૂળ ભૂમિનો માર્ગ બતાવવાને સન્તોને આજીજી કરે છે. આ ભવરણનો ભાર ઉઠાવીને પામર દેહ નિર્બળ બની ગયો છે, આંખે અંધકાર ઠર્યો છે, એવી સ્થિતિમાં સુરવાટે દોરાવાની–અમરોના મુલકને પંથે પળવાની–ઇચ્છા કવિ પ્રદર્શિત કરે છે.]

ભૂલી પન્થ ભમું દિનરાત રે,
કોઈ સન્ત બતાવોજી વાટ :

ઊગે સૂરજ વળી આથમે એવી ન્હોતી મારી મૂળ ભોમ
જ્યોતિ અખંડ ઝગે જહીં જેનાં તેજ ઢળે વીંધી વ્યોમ :
કોઈ સન્ત બતાવો એ વાટ : ભૂલી

સંસારને ઊને વાયરે થાય ઘરઘરના દીપ ગૂલ,
જીવન એવાં અહીંનાં વ્હેંતિયાં, મારે મુલક અમરોનાં કુળ :
કોઈ સન્ત બતાવો એ વાટ : ભૂલી

ઉષાને અધરે ખીલતો ને સન્ધ્યાને કાંઠે વિલાય,
એવા રે સ્નેહને સોણલે મારું જીવતર ઝોલાં ખાય :
કોઈ સન્ત બતાવો દિવ્ય વાટ : ભૂલી

પગલે પગલે પાવક પ્રજળે, આંખે ઠર્યો અન્ધકાર,
પામર દેહની પીઠ પડી, વહી ભવરણકેરો ભાર :
હવે સન્ત! દોરો સુરવાટ : ભૂલી

—કેશવ હ. શેઠ

સ્વ તં ત્ર તા

[અંગ્રેજી કવિતાના અભ્યાસીઓ સૉનેટ (Sonnet) શબ્દથી પરિચિત છે. તમે ય તમારા અભ્યાસ દરમિયાન શેક્સપીઅર, મિલ્ટન, વર્ડ્ઝવર્થ વગેરે કવિઓના સૉનેટો વાંચ્યાં પણ હશે. સૉનેટરુપની ઉત્પત્તિ, રચના ઈત્યાદિ સંબંધી થોડીક માહિતી પાછળના ટિપ્પણમાં આપી છે તે તમને જરૂર ઉપયોગી લાગશે.

આંગ્લ સાહિત્યના વધતા જતા સહચાર પછી ગૂજરાતીઓએ કવિતાના એ રૂપને આપણા સાહિત્યમાં અપનાવવા પ્રયાસ કર્યો છે, બધાને એમાં સફળતા મળી નથી. હજી ભાગ્યે જ કોઈ કવિ સૉનેટીઅર તરીકે જ પ્રખ્યાત થયા હશે. છતાં શ્રી૦ ચન્દ્રવદન મહેતાએ એક 'સંગીન, સિદ્ધહસ્ત' સૉનેટીઅર તરીકે સારી ખ્યાતિ સંપાદન કરી છે. ચૌદ સૉનેટોનું 'યમલ' નામનું એમનું સુમનગુચ્છ સર્વત્ર પ્રશંસાપાત્ર નીવડયું છે.

નીચે આપેલું સૉનેટ સં. ૧૯૮૧માં 'યુગધર્મ' માસિકમાં પ્રથમ પ્રગટ થયું હતું. આખા દેશમાં સ્વતંત્રતાની ભાવનાનો સંચાર થાય ત્યારપહેલાં ક્યારનો ય યુવાન કવિઓના અને વિચારકોના હૃદયમાં તેનો ઉદય થઈ ચૂકયો હતો. સ્વદેશપ્રેમ, શૂરવીરતા, ને સ્વાતંત્ર્યની ઉચ્ચ ભાવનાઓ આ નાનકડા કાવ્યની અંદર મૂર્તિમંત કરવામાં આવી છે અને તેના દરેક વાંચકને તે ઉત્સાહિત બનાવ્યા વિના નહીં રહે એ ચોક્કસ છે. લશ્કરની કૂચને સમયે સૈનિકોને પ્રોત્સાહન આપવાને જેવાં ગીતો (Martial Songs) ગવાય છે તે ઢબે આ કાવ્ય લખાયું છે. એકેએક શબ્દ ઉપર ભાર મૂકીને, ક્ષણભર અટકીને, લશ્કરી કૂચને પગલે પગલે આ કાવ્ય ગાવાથી એના માધુર્યનો, તેમજ છેલ્લી બે પંક્તિઓમાં આલેખાયલી આખા કાવ્યની મુખ્ય ભાવનાની પ્રેરણા આપવાની અદ્‌ભુત શક્તિનો આપણને સચોટ ખ્યાલ આવ્યા વિના

રહે એમ નથી. જીવનભર સ્વતંત્રતાની જ ધૂન મચી રહે એ વિચાર જ અતિ મોહક ને પ્રેરક છે.]

[ગુલબંકી]

સ્વતંત્રતા ! સ્વતંત્રતા ! રહો દિલે તું મૂર્તિમંત !
દેશકાજ કીર્તિ મોત મેળવી બજાવી ફર્જ
વીરપૂત જે ગયા, સ્મરું સદા, રહેલ કર્જ
કરું અદા, કૃપા કરી બતાવ એજ સ્ફુર્તિપંથ !
જગાવ આત્મ–જ્યોત ને સદાય રાખ એ જ્વલંત
મળો ફતેહતાજ વા મરું થઈ જ વીરમર્દ
મુલ્કભક્ત, જંગમસ્ત, ધર્મચૂસ્ત—દેશદર્દ
હો દિલે, અંગ ખાક–મીટ્ટીપાક–હો રહે તને સ્મરંત.

બંધુપ્રેમ, ભક્તિનૂર, રુદ્ર નૃત્યનું ઝનૂન
કર્મશૂર, ધર્મશૂર વીરને ઉરે ધગંત
દાઝમસ્ત, શૌર્ય સૌ વહી રહો જ ખૂનખૂન
સત્યસંગ, ધરી ઉમંગ, સૂવું ઘટે જ મૃત્યુઅંક.
સ્વતંત્રતા ! સ્વતંત્રતા ! મચી રહો જ એક ધૂન–
મૃત્યુની મજા મીઠાશ ભોગવીશ હું અનંત.

—ચન્દ્રવદન મહેતા

[૨૫]

અમર ઇતિહાસે

[રા૦ દેશળજી પરમાર બાલકો–યુવકોના કવિ છે. ' કુમાર 'ના વાંચકોને એમનું નામ પરિચિત છે. ઉન્નત ભાવનાઓ અને સરળ શૈલી ઘણીવાર સ્વદેશપ્રેમની ધારા સાથે ભળીને એમનાં કાવ્યોને આધુનિક યુગની ભાવનાના પ્રતિનિધિત્વવાળાં બનાવે છે. આ કાવ્યમાં ય નખશિખ નિરાશા પરહરીને, મહા હેતુ માટે–મહાસિદ્ધિ સાટે–અડગતાથી અંત સુધી મથવાનો કવિ યુવકોને આગ્રહ કરે છે. રાષ્ટ્રની ઈમારતના ચણતરમાં એક પત્થરની જેમ ઉપયોગી થવું—તે કાર્યમાં યોગ્ય ફાળો આપવો—એ અમર ઈતિહાસમાં ભળી જવા બરાબર છે એ આખા કાવ્યનો મુખ્ય ધ્વનિ છે.]

[ખંડ શિખરિણિ]

ભમો ઝંઝાવાતો

ખમો વજ્રાઘાતો હૃદય પળના દુર્બળ કરોઃ
તમારા માર્ગોમાં અધિક બળિયું પૌરુષ ભરોઃ
નખશિખ નિરાશા પરહરો.

યુ વા નો સત્કર્મે

પ્રજાના આદર્શો પ્રગતિભર ઉદ્ધાર સજશે,
પ્રયાણોના પંથે વિશદ પુનરુત્થાન ભજશે.
શિવસ્વરૂપ સૃષ્ટિ સરજશે.

ઉ ગે લાં સ્વ પ્નો નું

અધૂરા યત્નોનું જતન કરવા જાગ્રત રહો,
નવા સંસ્કારોનું મધુર ગરવું ઓજસ વહો,
પરમ પ્રભુ—આદેશ ઊચરો.

મહા હેતુ માટે

મહાસિદ્ધિ માટે અડગ દિલથી અંત મથવું,
ગ્રહીને સંજોગો જગ સકળ ને શોધી મળવું,
અખૂટ ઊલટે લક્ષ્ય રળવું.

ઊં ડા આં ત ર્નાં દે

ઊંચા આશાવાદે યુવકજન હો! રાષ્ટ્ર રચવું,
પુરાતા પાયાના ચણતર મહીં પત્થર થવું,
અમર ઇતિહાસે ભળી જવું.

—દેશળજી પરમાર

[૨૬]
પ્રાણથી પ્યારો દેશ

[શ્રી. જુગતરામ દવે કવિ નથી, તેમ સાહિત્ય તેમની મુખ્ય પ્રવૃત્તિ પણ નથી. પત્રકારિત્વ અને દેશસેવા તેમનો ઘણો સમય લે છે. બંગાળાના સુવિખ્યાત સાહિત્યકાર શ્રી. દ્વિજેન્દ્રલાલ રોયના 'આમાર દેશ' નામક કાવ્યનો શ્રી. જુગતરામે જે અનુવાદ કર્યો છે તે ગૂજરાતીમાંનાં ગણ્યાંગાંઠયાં સ્વદેશગીતોમાં સહેલાઈથી આગળ પડતું સ્થાન પ્રાપ્ત કરી શકે છે. આ કાવ્ય બાળકોને માટે યોજાએલું હોવાથી તે અત્યંત સરળ છે. ભારતના ઐતિહાસિક ગૌરવનું સ્મરણ કરીને સ્વદેશ માટે પ્રાણાર્પણ કરવાની પ્રેરણા આ કાવ્યમાંથી મળે છે. આખું કાવ્ય ભારતમાતાને સંબોધાએલું છે. એની દુઃખદ અવસ્થામાં એને આશ્વાસન આપતાં કવિ કહે છે:—

તેત્રિસ કોટિ સુત છે તારે
પાથરનારા પ્રાણ.

આ કથન સત્ય હોય તો સ્વદેશમુક્તિમાં વિલંબ શેનો થાય ?

જે ભૂમિમાં રામ, કૃષ્ણ, શિવાજી, પ્રતાપ ઈત્યાદિના જન્મ થયા તે જ દેશ તારો છે એમ કહી કવિ ભારતમૈયાને ધૈર્ય ધરવા વિનવે છે, અને એ વીરપુતોની કીર્તિ વધુ ઉજ્જવલ બનાવવાની શક્તિ પ્રાપ્ત કરવાને તેનો આશિષ માગે છે.

છેવટના ખંડમાં હિન્દનું ભાવિ સુધારવાનો આગાહી કરવામાં આવી છે. ભૂતકાળની દિવ્યપ્રભા અંધકારરૂપી વાદળથી ઘેરાઈ છે છતાં વખત જતાં એ વાદળાં ય વિખરાશે અને તેજના અંબાર ખીલશે એની કવિ ખાતરી આપે છે. જગમાં ભરતભૂમિનું જે વગોણું થાય છે તે દૂર કરવા કવિ વચન આપે છે. નીચેની પંક્તિ તો દરેક વ્યક્તિના જીવનમંત્રરુપ હોવી જોઇએ:

દેવી તું મારી, સાધના મારી સ્વર્ગ તે તું જ સ્વદેશ.

[સ્વદેશને પ્રાણુથી પ્યારો ગણવાની ઉન્નત ભાવનાની પ્રેરણા આ કાવ્યમાંથી તેના વાંચકોને મળે તો કવિનો પરિશ્રમ સફળ થયો લેખાય.]

[કેહેવાનો ઢાળ]

ભારત મારી, માવડી મારી,
ધારણુહાર સ્વદેશ,
જનમ વારું લાખ જો તારો,
એક હલે મા ! કેશ.
રોઈ રોઈ નેણુનાં તારે,
શીદ સુકાવવાં નીર ?
શીદને તારા કેશ વીંખાયેલ ?
શીદ મા ! મેલાં ચીર ?
શીદ મા! તારે ધૂળનાં બેસણું ?
શીદને મુખડું મ્લાન ?
તેત્રીસ કોટિ સુત છે તારે,
પાથરનારા પ્રાણુ.
શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ! ઓછું લઈએ ?
લાજ તે તારી માવડી ! શાને ?
શાને અન્તર કલેશ ?

તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીયે "જય સ્વદેશ—
　　તું પ્રાણથી પ્યારો દેશ."

: ૨ :

બુદ્ધદેવે જ્યાં પ્રગટીને મા!
　　ખોલ્યાં મુક્તિનાં દ્વાર,
આજે ય જેના નામને નમતો
　　ભક્તિથી અધ સંસાર.
કાબુલથી તે સાગર સુધી
　　જેહની જશસુગંધ,
છાઈ ગયો એક કાળ અશોકશો
　　ગરવો રાજવી સન્ત.
એવાની શું તું ન જનેતા?
નથી એ શું તારા બેટા?
એ સરવેની તું જ તું માતા!
　　પ્રાણથી પ્યારો દેશ.
શાનું તારે દુખડું હૈયે?
શાને મા! ઓછું લઈએ?

લાજ તે તારે માવડી ! શાને ?
શા ને અ ન્ત ર ક્લે શ ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીયે "જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ."

: ૩ :

રામ સમાણા સુત મા ! તારે,
લીધ લીલામાં લંક
એક સમે સાત સાગરને તુજ
ખેડતાં નાવ નિઃશંક.

જાપાન ચીન તિબેટમાં તારાં
કરતાં બાળ વહેવાર
કોની રે કોની માય તું માતા ?
કોણ તારો પરિવાર ?

શીદ મા ! તારે ધૂળનાં બેસણાં !
શીદ મા ! આવાં રૂપ જ દામણાં ?
શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ઓછું લઈયે ?

લાજે તે તારે માવડી ! શાને ?
શાને અન્તર ક્લેશ ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીયે "જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ."

: ૪ :

કાનજી કેરી બંસરીનો જ્યાં
સૂર મધુર સુણાય,
વ્યાસ ભણે જ્યાં જ્ઞાનની ગીતા ને
તુલસી હરિગુણ ગાય.
પ્રતાપ ને શિવ રે રાયા
ધર્મની વ્હારે ધાયા;
એહ બધાના દેહ જ્યાં પાક્યા
તેજ તું નહીં દેશ ?
નામ એ સૌનાં કંઈક ઉજાળીએ,
માત ! દે એહ આશિષ.
શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ! ઓછું લઈયે ?
લાજ તે તારે માવડી ! શાને ?
શાને અન્તર ક્લેશ ?

તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીયે " જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ."

: ૫ :

આજ તો મા ! તારી દિવ્ય પ્રભા
ઘેરાઈ ઘોર અંધકાર,
વીખરાશે એ વાદળાં, ખીલશે
તેજના ભાલ અંબાર.
માડી ! તારું જગવગોણું
ઉથાપીશું નીચાજોણું.
માનવી છૈયે માડી ! અમે નથી
મેંઢાં માનવવેષ.
દેવી તું મારી, સાધના મારી,
સ્વર્ગ તે તું જ સ્વદેશ.
શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ! ઓછું લઈયે ?
લાજ છે તારે માવડી ! શાને ?
શાને અન્તર ક્લેશ ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીયે " જય સ્વદેશ—
તું પ્રાણથી પ્યારો દેશ."

—જુગતરામ દવે

[૨૭]

ચિ ન ગા રી

[રા. હરિહર ભટ અમદાવાદના ઊગતા સાહિત્યકારોમાંના એક છે. ગૂજરાતનાં માસિકોમાં પ્રગટ થએલાં એમના કાવ્યોએ કાવ્યરસિક ગૂજરાતીઓનું ધ્યાન ખેંચ્યું છે. ખાસ કરીને 'એક જ દે ચિનગારી'ના કાવ્યે ગૂજરાતમાં એમનું નામ જાણીતું કર્યું છે. આ કાવ્ય એક પ્રાર્થના છે. એને યોગ્ય વિનમ્ર ભાવ ઉતારવામાં કવિ બહુ સફળ થયા છે. કવિ પોતાને માટે એક ચિનગારીની—જ્ઞાનરૂપી અગ્નિના એક તણખાની—યાચના કરે છે. આવો તણખો પ્રાપ્ત કરવાને સારુ આખી જિંદગી પ્રયાસ કર્યો છતાં તે અફળ ગયો એમ જણાવીને કવિ વિશ્વ તરફ પોતાની નજર ફેરવે છે. તો એમને પ્રકૃતિના સર્વ પનોતા પુત્રો—ચાંદો, સૂરજ, તારાઓ—મહાનલનો પ્રસાદ મેળવીને આભ અટારીમાં પ્રકાશી રહેલા દેખાય છે; તથાપિ પોતાની નાનીશી સગડી સળગી નહીં એથી કવિને દુઃખ થાય છે—એમની ધીરજ ખૂટે છે, ને છેલ્લી બે પંક્તિઓમાં યાચના કરે છે :

વૈશ્વાનર! હું અધિક ન માગું,
માગું એક ચિનગારી.

કાવ્યની સંગીતમયતા એને વધુ અસરકારક બનાવે છે.]

એક જ દે ચિનગારી

મહાનલ! એક જ દે ચિનગારી
ચકમક લોઢું ઘસતાં ઘસતાં
ખરચી જિંદગી સારી
જામગરીમાં તણખો ન પડ્યો
ન ફળી મહેનત મારી—મહાનલ !
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો
સળગી આભ અટારી
ના સળગી એક સગડી મારી
વાત વિપતની ભારી—મહાનલ !
ઠંડીમાં મુજ કાયા થથરે
ખૂટી ધીરજ મારી
વૈશ્વાનર ! હું અધિક ન માગું
માગું એક ચિનગારી—મહાનલ !

—હરિહર ભટ

ટિપ્પણ

નળાખ્યાન

...

કડવું ૨૪

[પા. ૩] **કહાડે સર્ત** : સરત બકીને ચડસાચડસી કરે છે.

વર થઈ બેઠા પ્રાણી માત્ર : દમયંતીનો મોહ એટલો બધો હતો કે દરેક માણુસ એને પરણવાની હોંસ ધરાવતો હતો. વૃદ્ધ થએલા, બેડોળ બનેલા, નીચ કુળના એવા અનેક માણસો સ્વયંવરમાં આવ્યા હતા. તેમણે પોતાની યોગ્યતા સિદ્ધ કરવાને જે જે ઉપાયો લીધા તેનું રસિક, હાસ્ય ઉપજાવે એવું વર્ણન પ્રેમાનંદે અહીં કર્યું છે.

કડવું ૨૫

[પા. ૫] **પ્રેમપાશ લીધો પ્રેમદા** : પાશ-ફાંસો; પશુ પક્ષીઓને ફસાવવાનું શિકારીઓનું સાધન. મંડપમાં બેઠેલા, દમયંતીના હાથના ઉમેદવારોને ફસાવવા દમયંતીએ સોળે શણગાર સજીને છેવટ પ્રેમપાશ પોતાની સાથે લીધો. વળી મંડપક્ષેત્રમાંના યોદ્ધાઓને ઘાયલ કરવાને ભવારૂપી બાણો પણ સાથે લીધાં.

શરશબ્દ વાજે : શરશબ્દ–શરનો શબ્દ; બાણનો અવાજ, રાજાઓની હિલચાલથી તેમનાં ધનુષ્યબાણ એક બીજા સાથે અથડાઈને અવાજ કરતાં હતાં.

કડવું ૨૬

[પા. ૭] **કટીએ જીત્યો કુંજરકાળ** : કુંજરકાળ–કુંજરનો કાળ; હાથીનો દુશ્મન, અર્થાત્ સિંહ. સિંહ પોતાની નાજુક કેડને સારુ મશહૂર છે; પરંતુ નળરાજાની કેડ એનાથી ચઢી જાય એવી હતી.

જેનું હંસે કીધું વિખાણ : હંસે કીધેલા વખાણને લીધે દમયંતીને નળપ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થઈ હતી. જુઓ : કડવું ૧૨.

[પા. ૮] **સત્યવાદી શિબિ સમાન :** શિબિ–અયોધ્યાનો એક ચક્રવર્તી રાજા. નવ્વાણુ યજ્ઞ કર્યા પછી સોમો યજ્ઞ તે કરતો હતો, ત્યારે ઇન્દ્રને પદભ્રષ્ટ થવાની બીક લાગી એટલે કપોત પક્ષીનું રૂપ ધારણ કરીને જતા અગ્નિની પાછળ ઇન્દ્ર સેનપક્ષી થઈ પડ્યા. કપોત રાજાના ખોળામાં પેઠું. સેને રાજાને કહ્યું 'મારું ભક્ષ મને સોંપો નહીં તો હું પ્રાણત્યાગ કરીશ.' કપોતે શરણાગતનો ત્યાગ ન કરવાની શિબિને આજીજી કરી. સેનપક્ષીએ કપોતના જેટલા વજનના નરમાંસથી સંતોષાવા કબૂલ કર્યું. રાજાએ પોતાનું માંસ જોખવા માંડયું–તેમ કરીને તેમણે પોતાનો ટેક સિદ્ધ કર્યો. એટલામાં વિષ્ણુએ ખુશ થઈને રાજાને આલિંગન આપ્યું ને રાજાનું શરીર સારું થઈ ગયું.

ત્યાગી જેવો હરિશ્ચન્દ્ર : હરિશ્ચન્દ્ર–અયોધ્યાનો એક સૂર્યવંશી રાજા. એક વેળા સ્વપ્નમાં એમણે પોતાનું રાજપાટ એક બ્રાહ્મણને આપ્યું. પછી વિશ્વામિત્રે પ્રગટ થઈ એ બ્રાહ્મણ પોતે હોવાનું કહ્યું ને એક ભાર સોનાની માગણી કરી. રાજ્યભંડારમાંથી તે આપવાનું કહેતાં આખા રાજ્યનું દાન કરેલું હોવાથી તેમાંથી લેવા ના પાડી. આથી રાજાએ પોતાની સ્ત્રી સાથે રાજ્ય છોડયું.

શુક્ર : શુક્રાચાર્ય–ભૃગુઋષિના પુત્ર અને દૈત્યોના ગુરુ. એ મોટા વિદ્વાન હતા; એમની પાસે સંજીવની વિદ્યા હતી.

ધન્વન્તરી : દેવોના વૈદ્ય; સમુદ્રમંથન વખતે નીકળેલા ચૌદ રત્નોમાંના એક.

કડવું ૨૭

[પા. ૯] **માનિની મનમદ ચૂરણા** : રાજાઓના મનના મદના ચૂરેચૂરા કરનાર સ્વમાની સ્ત્રી.

વેણુવાસિક : સુવાસિત ચોટલો; અથવા (વેણુવાસુકિ) સર્પના જેવો કાળો ચોટલો.

ગુચ્છ કુસુમ ઉદ્દે... : હૃદય ઉપર કુસુમગુચ્છની માફક ઊગેલા સ્તનો હાથીના ગણ્ડસ્થળનું માનભંગ કરતા હતા. ગણ્ડસ્થલ હાથીના માથાનો ઉપલો, કાનની પાસેનો, ભાગ—જે ઘણો જ કઠણ હોય છે. દમયંતીનાં સ્તન એટલાં ભરાઉ ને ઉન્નત હતાં કે તે હાથીના ગણ્ડ-સ્થળની સાથે હરીફાઈ કરતાં હતાં. દમયંતીના સ્વરૂપનું વર્ણન કરતાં આવી જ સરખામણી કવિએ આગળ પણ કરી હતી : સરખાવો,

દમયંતીના કુચ દેખી હાર્યું કુંજરકુળ (કડવું ૪)

[પા. ૧૦] **પંચ કામબાણ** : કામદેવના પંચશર—અરવિંદ, અશોક, નવમાલિકા, આંબામોર, ને નીલોત્પલ—એ પાંચ પુષ્પો કામદેવના બાણરૂપ છે.

પડયા નવ ગ્રહે કોપ રે : નવે ગ્રહો તેમના પર કોપાયમાન થયા. નવ ગ્રહો—રવિ, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ.

[પા. ૧૧] **દીઠી પંચ નળની હાર રે** : ઇન્દ્ર, વરુણ, અગ્નિ ને યમ નારદજીના વર્ણનથી લોભાઈને દમયંતીને વરવા આવ્યા હતા. દમયંતીનો હાથ મેળવવા તેમણે નળને પોતાના દૂત તરીકે મોકલ્યો; તથાપિ દૂતત્ત્વ નિષ્ફળ ગયું. એટલે તેમણે

નળનું રૂપ ધારણ કરી સ્વયંવરમાં જવાનો નિશ્ચય કર્યો. આથી ખરા નળરાજા સાથે પાંચ નળ દમયંતીએ જોયા.

કડવું ૨૮

[પા. ૧૧] **પાંચે નળચેષ્ટા કરે :** પાંચે નળરૂપધારીઓ દમયંતીની વરમાળ મેળવવાને એટલા બધા આતુર હતા કે તેને સારુ તેઓ વિવિધ પ્રકારના ચાળા કરવા લાગ્યા.

વિરજવસ્ત્ર : વિરજ—રજ વિનાનાં-ધૂળ વગરનાં વસ્ત્રો છે જેનાં; દેવો.

[પા. ૧૨] **ઇન્દ્રે મનમાં... :** ચારે દેવતાઓ એક બીજાને શાપ આપીને–કદરૂપા બનાવીને—પોતાનો હેતુ સિદ્ધ કરવા મથતા હતા.

વીરસેન પાંચેનો બાપ : પાંચે નળો એટલા દમયંતીમય બની ગયા હતા કે તેમને અસત્ય બોલતાં સહેજ પણ આચકો આવ્યો નહીં.

[પા. ૧૩] **નારદજી અંતરીક્ષ આવિયા :** નારદમુનિ બ્રહ્માએ ઉત્પન્ન કરેલા દશ પ્રજાપતિઓમાંના એક. તેઓ બ્રહ્મચારી રહ્યા હતા. દેવર્ષિઓમાં તેઓ મુખ્ય ગણાય છે. એકબીજાની વચ્ચે લડાઈ કરાવવામાં તેમને ખાસ આનંદ મળે છે. નળરાયમાં દમયંતી માટે એમણે સદ્ભાવ ઉત્પન્ન કરેલો; દેવતાઓને સ્વયંવરમાં આવવાને પ્રેરનાર પણ તેઓ જ. હવે દેવતાઓને શરમીંદા પાડવાને તેમની સ્ત્રીઓને સ્વયંવરમંડપમાં તેડી લાવનાર પણ તેઓ જ. કલિયુગ વૈદર્ભીને વરવા આવ્યો તે પણ એમની શિખવણીથી જ.

તેને નવ હોયે જમયાચના : જમની યાચના કરવાનું તેના નસીબમાં હોય નહીં. આ દુનિયાના માનવીઓને પાપનો

બદલો આપવાનું કામ યમરાયનું મનાય છે. એવી રીતે જેને માથે દુઃખ આવી પડે છે તે તેમાંથી મુક્ત થવાને કાલાવાલા કરે છે.

[પા. ૧૪] **આજથી લાગું પુંઠે થઈ**: નળદમયંતીની પાછળ પડવાની કળિની આ પ્રતિજ્ઞા આ દંપતીને માથે પડનારા દુઃખનું મૂળ છે.

[પા. ૧૫] **અભિનવું**: તદ્દન નવું; અહીં, અત્યંત સુંદર.

કળિ પામ્યો પેઠાનો લાગ: શૌચક્રિયા પછી હાથપગ ધોઈને શુદ્ધ થવાનો નિયમ હોય છે. એમાં જે ચૂકે તેના શરીરમાં કળિનો–અધર્મનો–પ્રવેશ થાય એવી માન્યતા છે.

કડવું ૨૯

[પા. ૧૫] **પુષ્કર**: વીરસેનના ભાઈનો પુત્ર; નળરાજાનો પિત્રાઈ ભાઈ. આખા રાજ્યમાં નળરાયની આણ ફરતી જોઈને તે રાજપાટ છોડીને સાધુજીવન ગાળવા વનમાં ગયો હતો.

[પા. ૧૬] **ન મળવું નાખો જાંશા રે**: રસ્તામાં એમ નક્કી કર્યું કે નળની સાથે વિવેકથી કે સીધી રીતે વાત ન કરતાં પહેલેથી ગુસ્સે થઈને જ વાત કરવી ને નળરાયને દ્યૂત રમવા બેસાડી દેવા.

વાત આગળ ભાવી રે: દ્યૂત રમવું એ શાસ્ત્ર–વ્યવહાર વગેરેના નિયમની વિરુદ્ધ છે એમ જાણતા છતાં નળરાયે તેમ કરવા કબૂલ્યું કારણકે તેમનું ભાવિ તેમને તે તરફ દોરી રહ્યું હતું. ભાવિ આગળ બધું ડહાપણ નકામું છે.

કડવું ૩૦

[પા. ૧૭] **ત્રાહેત્રાહે**: દુઃખના ભયથી કંટાળી જઈને લોકો ત્રાહિ, ત્રાહિ–રક્ષણ કરો, રક્ષણ કરો–ના પોકારો કરવા લાગ્યા; લોકોમાં ત્રાસ વર્તી રહ્યો.

[પા. ૧૮] **સોહાયજી** : સોહવું–શોભવું. નળરાય એકલા વનમાં જાય તે દમયંતીને શોભે નહીં–યોગ્ય લાગે નહીં, એમ તે કહે છે.

હું સેવાને આવું સહી રે : મને તમારી સાથે આવવામાં તમારી સેવા કરવા સિવાય બીજો કંઈ પણ હેતુ નથી એ નક્કી માનજો. સહી–નક્કી, ખચ્ચીત.

રોતી રોતી કહે છે કામની રે...... : નળ સાથે વનમાં જવાનો દમયંતીનો આગ્રહ નળરાય પ્રત્યેનો તેનો પ્રેમ બતાવે છે. જેટલી અચૂક રીતે છાયા–પડછાયો–દેહને વળગી રહે છે—તેની પાછળ પાછળ ભમે છે—તેટલી જ અચૂક રીતે તે નળની સાથે રહેવા માગે છે. તેને સુખદુઃખ સાથે લાગતું વળગતું નથી. તે નળરાયની પ્રીતિની–સેવાની ભૂખી છે.

કડવું ૩૨

[પા. ૨૦] **પડો વાગ્યો** : પડો વાગ્યો—ઢોલ, નગારું વાગ્યું; પુષ્કરનો અમલ શરૂ થાય છે એ વાતની જાહેરાત કરવાને શહેરમાં દાંડી પીટાવવામાં આવી.

[પા. ૨૧] **સાંસતા પડવું** : ધીરજ ધરવી; ધીમા પડવું; સબુરી પકડવી.

[પા. ૨૨] **વેવલાં વીણે** : ફાંફાં મારે; વલખાં મારે.

સ્વાતિબિન્દુ : સ્વાતિ નક્ષત્રમાં પડતાં વરસાદનાં ટીપાં, [જેને ચાતક પીએ છે, તથા મોતીની માછલીના પેટમાં જવાથી જેનાં મોતી બને છે.] દમયંતીની આંખમાંથી સ્વાતિબિંદુ જેવાં અશ્રુઓ વહેતાં હતાં.

હંસે શિખામણ દીધી : નળના મિત્ર હંસે દમયંતી સાથે તેના લગ્ન કરાવવાની વ્યવસ્થા કર્યા પછી વિદાય થતાંથતાં તેને શિખામણ આપી કે

ભાઈ તુજને કહું વિનતિ, દ્યૂત ના રમશો નૈષધપતિ,
નવ કરશો સ્ત્રીનો વિશ્વાસ, એ બે થકી થાય વિનાશ.

(કડવું ૧૭)

આ સલાહ દુઃખને સમયે નળને યાદ આવી.

કડવું ૩૩

[પા. ૨૫] **લાજ્યાં પંખી...... :** જડ–ચેતન સર્વ પદાર્થોને નળરાયને આવી સ્થિતિમાં જોઈને શરમ આવી, પરંતુ ક્ષુધાથી પીડાતા રાજાને જરા ય સંકોચ થયો નહીં. જડચેતન પદાર્થોમાં ય શરમનો અંશ મૂકીને આ વર્ણન બહુ અસરકારક બનાવવામાં આવ્યું છે.

[પા. ૨૭] **નળે સૂતી દીઠી સુંદરી :** પોતાની પ્રિયતમાને ઘોર અરણ્યમાં પોતાની સાથે એક જ વસ્ત્ર પહેરીને સૂતેલી જોઈને નળરાજાને દયા આવે છે. એની પહેલાંની સ્થિતિ યાદ કરીને તે દુઃખી થાય છે, એટલામાં કળિ તેની મતિ ફેરવી નાખે છે, દમયંતીના હાથમાંથી ગુમ થએલાં માછલાંની વાત તેને યાદ આવે છે–પરિણામે પ્રેમ અને સ્વાર્થ વચ્ચે દ્વંદ્વયુદ્ધ ઝામે છે.

[પા. ૨૭] **ત્રૈલોકમોહન :** ત્રણે લોકો–સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ–માં મોહ ઉપજાવે એવી. સરખાવો :

જેમ નદીમાં ભાગીરથી તેમ શામામાં સર્વથી
ત્રણે લોકમાં જોડી નથી, જાણે સાગરથી કાઢી મથી.

(કડવું ૫)

સાત વાર આવ્યો ફરી: આ પંક્તિ નળના મનની અસ્થિરતા, તેમાં ચાલી રહેલી ધડમથલ અને અંતે કળિએ તેના ઉપર મેળવેલી સર્વોપરિતાનો ખ્યાલ આપે છે.

[પા. ૨૮] **જાગ્યો હૃદે થયું દુઃખ ઉદે:** અત્યારસુધી નળરાજાનું હૃદય કળિએ વશ કર્યું હતું–તે એના અંકુશ તળે હતું–તેનું દોર્યું તે દોરાતું હતું. જ્યારે તે મૂળસ્થિતિએ પહોંચ્યું–જ્યારે તેને ભાન આવ્યું ત્યારે–દમયંતી છોડ્યા બદલ તેને દુઃખ થયું. પોતાના ઉદ્ધત વર્તન માટે તેને પશ્ચાતાપ થવા લાગ્યો.

કડવું ૩૪

[પા. ૨૮] **જીવ્યાની વળી અવધ્ય:** દમયંતીના જીવ્યાની હવે હદ પૂરી થઈ; એની જિંદગીની હવે અવધ આવી; એના જીવવાની આશા નળને રહી નહીં.

અન્યાએ દીધો છેહ: અન્યાયથી મેં એને દગો દીધો. દમયંતીનો વાંક કંઈ ન્હોતો–હતો તો નજીવો હતો. એટલા માટે ઘોર વનમાં તેને એકલી રઝળતી મૂકી દીધી એ તેને અન્યાય કરવા બરાબર છે–દગો દેવા બરાબર છે, એમ પાછળથી નળને લાગ્યું.

કડવું ૩૫

[પા. ૩૧] **ધરિયું** (ધૃ–ધારણ કરવું) ધારણ કર્યું; અહીં, પાડ્યું–રાખ્યું.

[પા. ૩૨] **ચક્રવાક:** પાણીમાંથી શિકાર શોધનારા એક જાતનાં પંખીઓ–એમને વિશે એમ કહેવાય છે કે નરમાદા દિવસે સાથે રહે છે પણ સાંજથી તે આખી રાત એકબીજાથી જુદા પડે છે: એક આ પાર ને બીજું પેલે પાર.

કડવું ૩૭

[પા. ૩૫] **આંબા આંબલી લીમડા......**: વનનું કે ઉદ્યાનનું વર્ણન કરતી વખતે આ પ્રમાણે ઝાડોનાં નામો ગણાવવાનો પ્રયોગ પ્રેમાનંદે પોતાનાં કાવ્યોમાં અનેકવાર કર્યો છે. જુઓ નળાખ્યાન કડવાં ૬, ૧૪.

કડવું ૩૮

[પા. ૩૬] **એવે દીઠો એક ચીતરો......**: નળરાયનો મેળાપ નહીં થવાથી દમયંતી એટલી વિહ્વળ બની ગઈ હતી કે વગડાઉ પ્રાણીઓનો ભય રાખ્યા વિના નળ ક્યાં છે તે વિશે વિવિધ પ્રાણીઓનાં ખાસ લક્ષણો વડે નળનું ઓળખાણ આપીને પૂછપરછ કરવા લાગી. ઊંચાં વૃક્ષોને પણ તે એવા જ સવાલો પૂછે છે, પરંતુ આ બધા પાસેથી જવાબની આશા ન રખાય એવું ભાન તેનામાં રહ્યું ન્હોતું. તેના મનની વ્યથા તેમજ અસ્થિરતાનો સચોટ ખ્યાલ આપે એવું આ વર્ણન છે. પ્રેમાનંદની અદ્ભુત પ્રસાદીનો આ એક નમૂનો છે.

[પા. ૩૭] **વાસવનું વરદાન**: લગ્ન પ્રસંગે ચાર દેવતાઓએ નળદમયંતીને આપેલાં વરદાનોમાંનું એક. વાસવ–દેવ લોકોનો રાજા; ઇંદ્ર.

કડવું ૩૯

[પા. ૩૯] **આપ્યું પદ ધ્રુવને અવિચલ**: ઉત્તાનપાદ રાજાની અણમાનીતી રાણીનો પુત્ર તે ધ્રુવ. એક દિવસ સભામાં તે પોતાના પિતાના ખોળામાં બેસવા જતો હતો ત્યારે તેની અપરમાએ તેનું અપમાન કર્યું અને પિતાના ખોળામાં બેસવાને માટે તપશ્ચર્યા કરી પોતાને પેટે જન્મ લેવાને કહ્યું. આથી પોતાની માની રજા લઈને ધ્રુવ પાંચ વર્ષની બાળવયે વનમાં તપ કરવા

નીકળી પડયો. નારદજીનો સમજાવ્યો તે નહીં સમજ્યો, ત્યારે નારદે જમનાકાંઠે તપ કરવાની તેને સલાહ આપી ને છ માસમાં વિષ્ણુ મળશે એમ ખાતરી આપી. તપશ્ચર્યા સફળ થઈ, વિષ્ણુનાં દર્શન થયાં. વર માગવાનું કહેવામાં આવતાં ધ્રુવે વિષ્ણુની સેવા કરવાનો વર માગ્યો. વિષ્ણુએ કહ્યું કે 'તારા માતપિતા તારી વાટ જુએ છે તેમનું દુઃખ ટાળવાને છત્રીસહજાર વર્ષ રાજ્ય કર, પછી હું તારે સારુ વિમાન મોકલીશ' આ સમય પૂરો થતાં ધ્રુવ માતપિતા સહિત વિમાનમાં બેસીને વૈકુંઠમાં ગયો ને ત્યાં વિષ્ણુકૃપાથી અવિચલ પદ પામ્યો.

ગ્રાહથી મુકાવ્યો મદગળ: ગ્રાહ – મગર; મદગળ જેના ગણ્ડસ્થળમાંથી મદ ઝરે છે તે, અર્થાત્ હાથી, અહીં ગજેન્દ્ર; હાથીઓમાં શ્રેષ્ઠ, ઐરાવત, સમુદ્રમન્થન વખતે નીકળેલા ચૌદ રત્નોમાંનું એક. એક વેળા વિષ્ણુએ ગજેન્દ્રને મગરના મુખમાંથી ઉગાર્યો હતો તેનો અહીં ઉલ્લેખ છે.

રાખ્યો પ્રહ્‌લાદ વસિયા થંભ: દૈત્ય હિરણ્યકશિપુનો પુત્ર તે પ્રહ્‌લાદ. એ જન્મથી જ મોટો વિષ્ણુભક્ત હતો. એની એ લગની છોડવવા એના પિતાએ બહુબહુ પ્રયત્નો કર્યા છતાં તે સઘળા નિરર્થક ગયા; એક વખતે પ્રહ્‌લાદને દૈત્યે પૂછ્યું, 'તારો ભગવાન ક્યાં છે તે દેખાડ'. તેણે જવાબ આપ્યો કે તે સર્વ ઠેકાણે છે. દૈત્યે પાસેના સ્તંભમાં તેને જોવાની માગણી કરતાં પ્રહ્‌લાદે સ્તુતિ કરી; એટલે ભક્તનો ટેક રાખવાને વિષ્ણુ તે સ્તંભમાં જઈને વસ્યા. નૃસિંહરૂપે તેમણે દર્શન આપ્યું, પ્રહ્‌લાદે તેમને પ્રણામ કર્યાં પછી યુદ્ધ થતાં વિષ્ણુએ હિરણ્યકશિપુનો વધ કર્યો.

[પા. ૪૦] **પંચમહાભૂત સાક્ષી ભાણ...**: સુખદુઃખમાં હું નળને વફાદાર રહી હોઉં અને મારા પતિવ્રતમાં ચલિત થઈ નથી તેના પંચમહાભૂત અને સૂર્ય સાક્ષી હોય તો મારો શાપ ફળજો. પંચમહાભૂત–સૃષ્ટિની ઉત્પત્તિના પાંચ મૂળતત્ત્વો–પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ.

[પા. ૪૧] **તવ હરખ્યો પ્રમદાનો પ્રાણ**: દમયંતીની પતિભક્તિ, સ્વાર્થત્યાગ ને ઉદારતાનું બીજું ઉદાહરણ. પોતાના પરથી નળની પ્રીતિ ઊતરી હોય તેનું તેને દુઃખ નથી. આવી એકલવાયી દશામાં ય તે નળનું સુખ વાંછે છે. નળ તેને તરછોડે છે છતાં તેનામાં વૈરભાવ જાગૃત થવાને બદલે પોતાનું પતિવ્રત વધારે દૃઢતાથી પાળવાનો સંકલ્પ તેના મનમાં જન્મે છે. નળ ભલેને એક લાખ રાણી કરે છતાં તે તો નળનું જ ધ્યાન ધરશે. આ ઉન્નત ભાવનાને લીધે દમયંતીનું પાત્ર ઘણું આકર્ષક બને છે.

કડવું ૪૧

[પા. ૪૩] **રૂપે બ્રહ્માએ વાળી હદ્દ રે**: નળરાયનું એટલું અનહદ રૂપ છે કે જેથી તેને ઓળખવામાં સહેજ પણ મુશ્કેલી પડે નહીં. નળરાજાનું દમયંતીએ કરેલું વર્ણન તેણે વનવાસ લીધો તે વખતનું વર્ણન નથી. આ ઉપરથી કદાચ દમયંતીના મનની અસ્વસ્થતાનો કવિ ખ્યાલ આપવા માગતા હોય. બ્રહ્માએ નળનું સ્વરૂપ કેવી રીતે ઘડયું તે જણાવતાં કવિ ૧૧માં કડવામાં કહે છે:

એક વાર બ્રહ્માએ શું કરીઉં, સકળ તેજ એક પાત્રમાં ભરીઉં;
તે તેજનો ઘડયો નળરાયે, કાંઈ એક રજ વાધી પાત્ર માંહે.
તેની એક થપોલી હવી, આકાશે ઉપન્યો રવી;

કડવું ૪૨

[પા. ૪૬] **હું વધૂ દેખી હો... :** નળના પૂર્વજો પોતાની પુત્રવધૂને આવી દુર્દશામાં જોઈને લાજ્યા–શરમાયા.

કડવું ૪૩

[પા. ૪૮] **દમયંતીને લાગી જ્વાળા :** દમયંતીના સ્વમાનનું આ એક ઉદાહરણ છે. એ ઉચ્ચ કુળની હતી. સારામાં સારો વૈભવ તેણે જોયો હતો. દુઃખદ દશામાં તેણે ભાનુમતીને ત્યાં રહેવાને કબૂલ્યું હતું, પરંતુ નીચકામ કરવાની તેણે પહેલેથી જ સાફ ના પાડી હતી. નળરાયે પણ ઋતુપર્ણના દરબારમાં એવી જ શરત કરીને પોતાના સ્વમાનની સાબીતી આપી હતી. દમયંતી ઉપર હાર ચોર્યાનો આરોપ મૂકવામાં આવ્યો તે એનાથી સહી શકાયું નહીં—એનામાં કુદરતી કોપ ફૂટી નીકળ્યો–ક્રોધની જ્વાળા ભભૂકી ઊઠી.

કડવું ૪૪

[પા. ૪૯] **ચોરી ફાંસુ**—ઇંદુમતી દમયંતી પાસે હાર માગતી હતી ત્યારે દમયંતી કહેતી કે એ તો ચોરીનું આળ ચડાવી મને ફસાવવાની–હેરાન કરવાની–તમારી પેરવી છે.

કડવું ૪૬

[પા. ૫૨] **માધવી કેશવી :** દમયંતીના પિયરમાંની તેની બે સખીઓ. જુઓ કડવાં ૧૪–૧૫.

[પા. ૫૩] **ભોમ્ય સ્વયંવરની નીરખે :** દમયંતીને અને નળને માથે પડેલા વીતકની વાત સુદેવજી પાસે સાંભળીને

દમયંતીના માતપિતા, સખીઓ વગેરે સૌ ગાભરા બની ગયા, કલ્પાંત કરવા લાગ્યા. સ્વયંવરની ભૂમિ જોઈ જૂના સંસ્મરણો તાજાં થયાં. આથી દુઃખ વધવા લાગ્યું.

ખપ કરી ખોળજો : મહેનત કરીને એ બેઉની શોધ કરજો. ક્ષિતિનો–પૃથ્વીનો–છેડો આવે ત્યાંસુધી બને એટલી ખંતથી એની ખોળ કાઢજો. ખપ–ઉપયોગ, જરૂર, અગત્ય. ઉપયોગની ચીજ મેળવવામાં આપણે ગમે તેટલી મહેનત કરીએ તેમ આ દીકરીજમાઈની શોધમાં શક્ય હોય એટલો બધો શ્રમ લેવાનો ભીમકરાજા પોતાના દૂતોને આગ્રહ કરે છે. સરખાવો :

> ખપ કરી પરણાવીએ, તો તું સરખું કંઈ ભૂત (કડવું ૧૨)
> દેવ નહીં પામ્યા ખપ કરતાં, મુને વાર ન લાગી વરતાં
> (કડવું ૩૯)

કડવું ૪૭

[પા. ૫૪] **કળા પાડી વરવું ગાત્રજી :** કલા–યુક્તિ; હિકમત; કળા પાડવી–યુક્તિ કરવી. હિકમતથી સુદેવે પોતાનું શરીર વરવું–કદરૂપું બનાવ્યું.

[પા. ૫૬] **ભામિનીના ભાળ ઉપર, વિધિએ નિરમ્યો ભાણ :** ભાળ–કપાળ. ભાણ–ભાનુ; સૂર્ય. દમયંતીના કપાળ ઉપર જન્મથી જ સૂર્યના આકારનું નિશાન હશે. એંધાણીથી ઓળખાઈ ન જવાય માટે માસીને ત્યાં રહેતી હતી ત્યારે તે વાળની લટ વડે છુપાવી રાખતી હતી; સુદેવને તે અકસ્માત દેખાયો અને તેની ઓળખ પાકી થઈ.

[૧] સમરને શ્રીહરિ

રાખતાં નવ રહે: કોઈપણ ઉપાયે રહે નહીં; જે દેહને તું તારી માની રહ્યો છે તે પણ જરૂર તને છોડી જશે. એવું હુંપણું તું છોડશે નહીં ત્યાંસુધી તારે અનેક જન્મો ધારણ કરવા પડશે.

એજ તારે અંતરાય મોટી: અંતરાય—હરકત, અડચણ, માયાપાશથી બંધાએલા માનવીઓ ધનપ્રાપ્તિને પોતાના જીવનનું મુખ્ય ધ્યેય ગણે છે. આ વૃત્તિ જ પ્રભુને પ્રાપ્ત કરવામાં આડે આવે છે—અંતરાયરૂપ નીવડે છે.

[૩] બોલે ઝીણા મોર

રાધે ! આ શબ્દ ઉપરથી એમ અનુમાન થાય છે કે શ્રીકૃષ્ણ પોતાની પ્રિયતમાને આ કાવ્ય સંબોધે છે. જો આમ હોય તો નવમી લીટી સાથે તેનો અર્થ ઘટાવવો મુશ્કેલ થઈ પડે છે. આટલી અસંગતતા નિભાવી લઈને રાધાની મનોદશા અને તે સમયની ભૂમિકાનું જે સુંદર વર્ણન કરવામાં આવ્યું છે તેનો આનંદ મા'ણવો એ વધારે વ્યાજબી છે.

મીરાંકે પ્રભુ: મીરાંનો પ્રભુ. આ હિન્દી પ્રયોગ છે.

ગિરધર: ગિરિધર; ગિરિ–ગોવર્ધન પર્વત–ને ધારણ કરનાર, ઊંચકનાર; કૃષ્ણ.

[૫] હરિનો માર્ગ

હરિમાં ભળ: જો તું તારું ભલું ઇચ્છતો હોય તો હરિમાં ભળ–હરિમય થઈ જા. હરિને પીછાનવામાં જ તારી બધી બુદ્ધિ–શક્તિનો ઉપયોગ કર. માયા દોરે તેવે આડે રસ્તે ન જતાં પ્રભુભક્તિને સીધે, ધોરી માર્ગે ચાલ્યો જા.

કાયા કશી જાચે મહારાજ : પોતાની દેહને કષ્ટ આપીને સાધુઓ પોતાની મુક્તિ સાધતા નથી—બીજાનું ભલું કરતા નથી; માત્ર પોતાનું પેટ ભરવાને ભીખ માગે છે.

વણચાવ્યું બીડું કાં ભખો : કવિ કહે છે કે હરિને ઓળખ્યા વિના ધર્મ પાળવો—ધાર્મિક ક્રિયાઓ કરવી—દેહદમન કરવું એ ચાવ્યા વગર પાનનું બીડું ખાઈ જવા બરાબર છે. જેવી રીતે વણચાવ્યું બીડું ખાવાથી તેનો લાભ મળતો નથી તેવી જ રીતે પ્રભુને ઓળખ્યા વિના ભક્તિ કરવાથી તેનું ફળ—મુક્તિ, મોક્ષ—મળતું નથી.

[૬] વચન પાળવા વિશે

હરિશ્ચન્દ્ર : જુઓ નળાખ્યાન કરવું, ૨૬; ટિપ્પણ. એક ભાર સોનું વિશ્વામિત્રને આપવાનું વચન પાળવા માટે રાજાએ પોતાનાં સ્ત્રીપુત્રને વેચ્યાં; પોતે એક ઢેડને ત્યાં નીચ કામ કરીને પૈસા કમાવાનું કબૂલ કર્યું.

કૃષ્ણે કુબ્જા આણી : રામ તરીકે આપેલું વચન વિષ્ણુએ કૃષ્ણાવતારમાં પાળ્યું. કુબ્જા—મથુરાના રાજા કંસની દાસી. આગલે જન્મે તે કૈકેયીની દાસી મંથરા હતી. એક વાર રામે ગુસ્સામાં તેને કદરૂપી બનાવી દીધી. આ શાપમાંથી મુક્ત કરવાને બહુ આજીજી કરતાં રામે કહ્યું, ‘ હું કૃષ્ણાવતાર ધરી કંસને મારવા મથુરા આવીશ ત્યારે તારું સુંદર રૂપ કરી તને ઘણું સુખ આપીશ. ’ આ વચન કૃષ્ણે પાળ્યું.

હરે હળાહળ પીધું : દેવોએ અને દૈત્યોએ સમુદ્રમંથન કરી ચૌદ રત્નો કાઢયાં તેમાંનું એક તે હળાહળ—અતિ તીવ્ર ન જીરવી શકાય એવું, વિષ. હર—મહાદેવ આ પહેલવહેલી વાર પી ગયા.

દેવવર દૈત્યે લીધું: દેવોનું વરદાન દૈત્યે મેળવ્યું. દૈત્યો દેવોના શત્રુઓ છે છતાં તેમાંના ઘણાઓએ તપશ્ચર્યા કરીને તેમની પાસે જ વરદાનો પ્રાપ્ત કર્યાં છે. આવા દૈત્યોમાંથી કોનો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે તે સ્પષ્ટ નથી.

રંક રાવણ થઈ બેઠા: રાવણે પ્રતિજ્ઞા લીધી હતી કે પોતાનો વિનાશ થાય છતાં તે રામને સીધી રીતે સીતા પાછી નહીં સોંપે. આ પણ પાળવામાં લંકાપતિ, એક વખત ત્રિલોકને ધ્રુજાવનાર રાવણ રણમાં રગદોળાયો—પોતાના રાજ્યમાં તેણે ચૂરેચૂરા થઈ જવા દીધા.

બળિ પાતાળે પેઠા: બળિ—શોણિતપુરના રાજા પ્રહ્લાદનો પૌત્ર; એક સમર્થ દૈત્ય. એણે વિષ્ણુની મદદ યાચતા દેવોનો પરાજય કર્યો એટલે વિષ્ણુ વામનરૂપે પૃથ્વી પર પ્રગટ થયા; અને બળિ પાસે ત્રણ પગલામાં જેટલી જમીન લઈ શકાય તેટલી જમીન દાનમાં માગી. બળિએ હા પાડતાં, વામનસ્વરૂપ વિષ્ણુએ વિરાટસ્વરૂપ ધારણ કર્યું, ને એક પગલે પૃથ્વી ને બીજે પગલે સ્વર્ગ લીધું. ત્રીજું પગલું ક્યાં મૂકું એમ પૂછતાં એકવચની બળિએ પોતાના મસ્તક પર મૂકવા કહ્યું. આમ કરીને વિષ્ણુએ તેને પાતાળનિવાસી બનાવ્યો.

પાંડવો હાર્યાં ધ્યારી: પાંચ પાંડવોમાં જ્યેષ્ઠબંધુ યુધિષ્ઠિરે કૌરવો સાથે દ્યૂત રમવાનું વચન આપ્યું, તે વચન પાળતાં તેમણે રાજપાટ ગુમાવ્યું એટલું જ નહીં પરંતુ પોતાની સ્ત્રી દ્રૌપદીને હોડમાં મૂકી તેને પણ ગુમાવી બેઠા.

સો કીચક સાથે શમ્યા: વનવાસનું તેરમું વર્ષ ગુપ્ત નિવાસનું હતું તે પાંડવો વિરાટ રાજાને ત્યાં ગુપ્તવેષે વ્યતીત કરતા હતા ત્યારે કીચકભાઈઓ—વિરાટના સાળા—માંના સૌથી

મોટાએ છૂપે વેશે રહેલી દ્રૌપદી ઉપર કુદૃષ્ટિ કરી. આથી ભીમે સોએ સો ભાઈઓનો સંહાર કર્યો. દુર્યોધને તૈયાર કરેલા લાક્ષાગૃહમાંથી નાસતી વખતે એક જ માતાના સો પુત્રોનું બલિદાન આપવાનું ભીમે અગ્નિદેવને ત્રણવાર વચન આપેલું.

વૃષ્ટિ જેને પરતાપે : દાતાઓ દાન કરે છે તેથી વરસાદ પડે છે એવી માન્યતાનો અહીં ઉલ્લેખ થયો છે.

જશે જગતમાં જાણીઓ : જે માણસ પોતાનું બોલેલું પાળશે તે જ જગતમાં જાણીતો થશે–પ્રખ્યાત થશે–પ્રસિદ્ધિ પામશે.

[૭] દુનિયા દીવાની રે

બાજી કાંઈ નવ બૂજે : જગતનો કર્તા–સ્રષ્ટા પાસે હોવા છતાં જે કાષ્ટ–પાષાણને પૂજે છે તેનો અર્થ સરતો નથી, તેને કંઈ લાભ થતો નથી. એવા માણસો ઈશ્વરની બાજીને કારીગીરીને–સૃષ્ટિરચનાને પિછાની શકતા નથી; કદર કરી શકતા નથી. એમને વિશ્વરચનાનું રહસ્ય સમજાતું નથી.

પાષાણનું નાવ : પાખંડપૂજા એ જ પાષાણનું નાવ.

ઘાયલ ગતિ ઘાયલ રે... : ઘાયલગતિ–ઘાયલની ગતિ ઘાયલ થએલા જ જાણી શકે છે–અનુભવી શકે છે. તેથી આ દુનિયામાં સંસારની રીતે જે ઘા પડે છે તે બધા રુઝવવાનું કામ જ્ઞાનીનું છે. હરિભક્તિનું સાચું જ્ઞાન જેમણે મેળવ્યું છે એ લોકો જ બીજાને તેનો ઉપદેશ આપી સુખી કરી શકે છે.

પ્રગટી પંડમાં પેખ : તારા પોતાનામાં જ પ્રભુનો અંશ છે તે સદ્‌ગુરુઓનો ઉપદેશ ગ્રહીને, તું પેખ–જો.

ધુરંધર ખેલે ધીરો રે : સત્યનો પરીક્ષક અને શોધક ધીરો પાખંડી જગતમાં પોતાનું જ્ઞાન આગળ ધરીને હિંમતથી ઝૂઝે છે.

[૮] પ્રાણીઆ ભજી લેને કિરતાર

ક્રોડી ધ્વજ : અસલના વખતમાં કરોડપતિને ઓળખવા માટે તેના ઘર પર ધ્વજ ફરકાવવાનો રિવાજ હતો. એટલે કરોડની ધજાનો માલિક; અતુલ સંપત્તિવાન.

[૯] ચિત તું શીદને ચિંતા ધરે

માયાનું બળ ઠરે : પૃથ્વીના પ્રત્યેક કણમાં માયાનું બળ, વાસ કરે છે. આથી પ્રભુની વિસ્મૃતિ થાય છે. કવિ કૃષ્ણનું સ્મરણ કરીને જન્મમરણના ફેરા ટાળવાનો બોધ આપે છે.

હર બ્રહ્માથી નવ ફરે : બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં કૃષ્ણ-ભક્ત દયારામ વિષ્ણુની મહત્તા વર્ણવે છે.

જ્યમ ગજ કોઠું ગરે : કહેવાય છે કે હાથી કોઠું ખાય છે ને તેના મળમાં આખું કોઠું બહાર આવે છે; પરંતુ તેમાં ગર રહેતો નથી. જેમ શ્રીફળમાં આપોઆપ પાણી ભરાયા કરે છે તેમ થનાર વસ્તુ થયા જ કરે છે—કોઈની અટકાવેલી અટકતી નથી. જેમ કોઠામાંથી ગર ચાલ્યો જાય છે તેમ જે વસ્તુનો નાશ થવાનો છે તે સ્વાભાવિક રીતે થયા જ કરે છે. સર્વ ચીજ ઈશ્વરાધીન છે એ વાત શ્રીફળ અને કોઠાનો દાખલો આપીને સચોટપણે સમજાવવામાં આવી છે.

[૧૧] સાયંકાળે

ભગીરથ : વિખ્યાત સગર રાજાનો વંશજ. કપિલમુનિના શાપના ભોગ થઈ પડેલા પોતાના સાઠ હજાર પૂર્વજોનો ઉદ્ધાર કરવાને હજારો વર્ષની અખંડ તપશ્ચર્યા કરીને ભગીરથે સ્વર્ગમાંથી ગંગા નદીને પૃથ્વી પર આણી અને પોતાના પૂર્વજોની રાખ પાવન કરી. આ ઉપરથી ગંગા નદી ભાગીરથી પણ કહેવાય છે.

જાણે ચડયો છે... : ગાયોનું ટોળું આવતું હોવાથી આકાશમાં ધૂળ ઊડતી હતી, આકાશ ઘેરાએલું લાગતું હતું. વળી ગોવાળીઆઓ વાંસળી વગાડતા હતા, એટલે મેઘ પડવાનો દેખાવ હતો. આથી છેતરાઈને મોર કેકાનાદ કરતા હતા. એમ મનાય છે કે આકાશમાં મેઘનું દર્શન થતાં મયૂરો હર્ષથી નાચી ઊઠે છે અને મધુરનાદથી વનને ધ્વનિત કરી દે છે.

[૧૨] વર્ષા

નરુતા વા શિતાળા : નૈઋત્ય ખૂણામાંથી વાતો શીતળ પવન વરસાદનું ચિહ્ન લેખાય છે.

વળગી પડી જ ચોંકી : આ પંક્તિ પતિવિરહિણી સ્ત્રીની અસ્થિર મનોદશાનો ખ્યાલ આપે છે.

મોર તે વૃંદમાં રે : એક મોર અનેક ઢેલોના ટોળામાં નાચે છે. પછી તે તેમની સાથે વિલાસ કરે છે.

માદા પેરે : મોરની માદા મયૂરના હર્ષાશ્રુ ઝીલે છે અને તેથી તેને ગર્ભ રહે એવી માન્યતાનો અહીં ઉલ્લેખ કર્યો છે.

ચાતકા : એક પક્ષી. એને વિશે એમ કહેવાય છે કે વરસાદના પાણી સિવાય બીજું પાણી એ પીતું નથી. વળી એમ મનાય છે કે એને ગળે કાણું હોવાથી ઉપરથી પડતા વરસાદના ટીપાં જ એના પેટમાં જાય છે. આથી તરસ્યો રહેલો ચાતક હંમેશ વરસાદની અત્યંત રાહ જુએ છે. તેથી આતુર માણસોને આ પક્ષી સાથે સરખાવવામાં આવે છે.

[૧૩] નવ કરશો કોઈ શોક

રસપાન : કાવ્યરસનું પાન.

વાંકું ભણે બહુ પણથી : બહુ પણથી–બહુ આગ્રહપૂર્વક–વાંકું બોલે, ભૂંડું બોલે, નિંદા કરે.

મુક્ત થશો જગતમથી : જગતના અંધકારમાંથી મુક્ત થશો. જગત અંધકારથી ભરેલું મનાય છે. સરખાવો: 'તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો' પા. ૮૧. આ સંસારમાં અનેક જાતની આફતો, ભૂલભૂલામણીઓમાંથી આપણે પસાર થવું પડે છે. આપણું જીવન અંધારામાં માર્ગ શોધવા બરાબર છે.

જીવતો છઉં હું દમથી : હરિની કૃપાથી મારા લેખો રૂપી ચિત્ર વડે હું ખરેખર જીવતો છું.

[૧૪] મંગલ મન્દિર ખોલો

તિમિર ગયું ને... : મોહમાયાથી ભરેલાં જીવનને તિમિરથી ભરેલા વન સાથે સરખાવવામાં આવ્યું છે. એ બાલકનું અવસાન થવાથી સંસારનો અંધકાર અદૃશ્ય થયો અને તેના અંતરમાં પ્રભુની પુણ્યભૂમિનો જ્યોતિ પ્રકાશી રહ્યો.

[૧૫] અવસાન

ઇન્દ્રજાલ રચના : ઇન્દ્રજાલ–જાદુ, હાથચાલાકી, નજરબંધી, ક્ષણમાં પ્રગટે ને ક્ષણમાં અદૃશ્ય થઈ જાય એવી ઉપલી કડીમાં વર્ણવેલી ઘટનાઓને ઇન્દ્રજાલ જેવી રચના કહેવામાં આવી છે.

ને મૌનનાં ગહન સિન્ધુ વિષે સમાઉં : શાન્તિમાંથી ઉદ્ભવતા અને શાન્તિમાં સમાતા (નૂપુરઝંકારના) નાદની પેઠે.

કવિ પણ મૌનના સિન્ધુમાં લય પામે એવો ભાવ અહીં છે. નૂપુરઝંકારના નાદના અવસાન પરથી કવિને પરમ અવસાનનો વિચાર આવે છે.

[૧૬] અગતિગમન

પથિક તરુછાયાથી : પથિક–રસ્તા ઉપરના–વૃક્ષોની છાયાથી. પથિક શબ્દ વાપરીને કવિએ ભાષાની છૂટ લેવાના કવિના ઈજારાનો ઉપયોગ કર્યો છે.

દિલ તો દૂર ફરતું : અંધકારને લીધે પગ તો થંભી ગયા હતા છતાં હૃદય દૂર–સુદૂર ઊડીને જતું હતું.

વિચારો રેલીને : વિચારોની રેલમછેલ કરીને સર્વત્ર પ્રણયરસને ઉભરાવે અને એ રસમાં નાહતાં નાહતાં સ્નેહીઓનાં હૃદયો પરસ્પર આલિંગન કરે.

ફરી પાછું હૈયું... : સ્વર્ગ તરફ જતી દેખાતી આંખો આભાસ બંધ થતાં પાછી ફરે છે. સ્વર્ગની ઝાંખીથી પ્રકાશ ને બળ પામેલું હૃદય પાછું આ દુનિયામાં વાસ કરવા માંડે છે અને અંધારાને સમજીને–જગતનું તિમિર પરખીને ચરણ તેનાથી દૂર ખસી જવા પ્રયત્ન કરે છે.

[૧૭] એક આગિયાને

આ પ્રેમ સંસારી તણો : જીવનમાં સૌથી શ્રેષ્ઠ વસ્તુ પ્રેમ છે. પરંતુ એ પ્રેમ આગિયાના ચળકાટ પેઠે પોષક થવાને બદલે વિઘાતક પણ નીવડે. સ્વ. કવિ કલાપીનું સ્નેહમંથન સુવિખ્યાત છે. એના માનસનું અહીં સુરેખ પ્રતિબિંબ પડયું છે.

[૧૮] આણું

વીરાજીના રઢિયાળા રણુવાસ જો : રણુવાસ–રહેવાનો ઓરડો; મેડી; ભાઈનું સંસારજીવન કેટલું વૈભવશાળી, સુખી અને આહ્લાદક છે તે તેનો રણુવાસ જોઈને જાણુવાને તે ઝંખે છે.

પળપળ પીવાં કૈંક જગતનાં ઝેર જો : સંસારમાં દુ:ખ, તિરસ્કાર વગેરેનો સ્વાદ વારંવાર ચાખવો પડે છે. આને કવિ વિષપાન સાથે સરખાવે છે. આ બાળા એક જ આશ્વાસન લે છે ને તે એ કે માડીના હાથમાં સ્નેહરૂપી સજીવન સોગઠી છે; એટલે જગતના સર્વ દુ:ખનું ઝેર તેની સ્નેહાળ ગોદમાં પળવારમાં ઊતરી જશે.

[૧૯] હૈયાના ધાવ

ચાર આંગળનું હૈયું છે તેમાં : આ કડીમાં નાનું છતાં મોટું એવા હૃદયની વિશાળતા–ભવ્યતા વર્ણવવામાં આવી છે. એમાંના કરોડો ભાવો હૈયાના ધામાં પુરાયા છે. એને અભાવે એ કયાં સમાત તેની કવિ શંકા ઉઠાવે છે.

ધાવે ધાવે હસે પ્રભુની પ્રતિમાને : જગતના બેશુમાર દુ:ખોથી ચિરાતું અને ધા ખમતું હૃદય હરહંમેશ ઉર્ધ્વગામી બનતું જાય છે. હરેક ધા વડે હરેક સહૃદયી મનુષ્યમાં દૈવી અંશ આવતો જાય છે ને એ જ રીતે માનવો દેવ બને છે.

[૨૧] કાળની ખંજરી

એના મહાઉચ્ચાર : નવયુગના શબ્દો મહાન છે. એનો પડઘો પ્રચંડ છે—અવનીના ઉરમાં, ગગન–ગુફામાં એ ગાજે છે.

રુદ્ર ન્હોતર્યા,...... : આજે કાળપુરુષ જાતે જ ભાગ્યબોલ બોલવાના છે તે સાંભળવાને રુદ્ર, જોગણી અને યમદેવને નોતરવામાં આવ્યા છે. આ બધાનો સૃષ્ટિસંહારમાં હાથ છે માટે કાળ જે ભવિષ્ય ભાખે છે તે સાંભળવાને તેમને બોલાવ્યા હશે, જેથી તે પ્રમાણે તેઓ અમલ કરી શકે.

[૨૩] ભવાટવિ

ભવાટવિ : સંસારરૂપી વન.

વ્હેંતિયાં : ટૂંકાં; ક્ષણભંગુર.

ઉષાને અધરે : ઉષાના સોનેરી અજવાળે આશાના અંકુરો રોપે ને સંધ્યાના ભૂખરા અજવાળે નિરાશા પૂરે એવો ચંચળ સ્નેહના સ્વપ્નમાં મારું જીવનનાવ ઝોલા ખાય છે.

[૨૪] સ્વતંત્રતા

સૉનેટ વિશે થોડી માહિતી : ઈટલીમાં તેરમા સૈકામાં સૉનેટની ઉત્પત્તિ થઈ. પેટ્રાર્કે એ જાતનું કાવ્ય જગમશહૂર બનાવ્યું; આથી એને સૉનેટનો પિતા કહેવામાં આવે છે. શેક્સપીઅર, મિલ્ટન, વર્ડ્ઝવર્થે આ કાવ્યરૂપને અંગ્રેજીમાં અપનાવ્યું. અંગ્રેજી સાહિત્યના અભ્યાસી ગૂજરાતી સાહિત્યકારો—કાન્ત, બળવંતરાય ઠાકોર, ગજેન્દ્ર બુચ, ચન્દ્રવદન મહેતા વ.—એ એ વિદેશીરૂપને ગૂજરાતીમાં ઉતારવા પ્રયાસ કર્યો.

સૉનેટના બે ત્રણ પ્રકાર છે. મૂળ સૉનેટ પેટ્રાર્કશાઈ સૉનેટ તરીકે ઓળખાય છે. એમાં ફેરફાર કરીને આંગ્લકવિઓએ એની

[૨૪]

જુદી રચના કરી છે. પેટ્રાક અને મિલ્ટનના સૉનેટોમાં ખાસ કરીને પ્રાસરચનાનો જ ફેર છે. શેક્સપીઅરશાઈ ને પેટ્રાર્કશાઈ સૉનેટનું બંધારણ જ જુદું છે. પેટ્રાર્કશાઈ સૉનેટ આઠ અને છ લીટીમાં વહેંચાએલું છે. દરેક વિભાગ સ્વતંત્ર કૃતિ છે; છતાં બનેમાંનો વિચાર સામાન્ય છે. પહેલા વિભાગમાંનો જ વિચાર બીજા વિભાગમાં સહેજ પલટો લે છે. બેઉ ભાગો સાથે વાંચવાથી આખા સૉનેટનો અર્થ વધારે સ્પષ્ટ અને ભાવવાહી બને છે. શેક્સપીઅરશાઈ સૉનેટ ચાર ચાર લીટીના ત્રણ મુક્તકો અને અનુપ્રાસવાળા એક અંત્ય-શ્લોકમાં વહેંચવામાં આવ્યું છે. આ સૉનેટમાં ગહન વિચારો કરતાં કલ્પનાના ઉડ્ડયનો વધારે છે. એક પછી એક ત્રણ કડી-ઓમાં એકની એક કલ્પના વધારે ને વધારે બળવાન બને છે. છેલ્લા શ્લોકમાં આખી કલ્પનાને સમેટી લેવામાં આવે છે. બધી જાતનાં સૉનેટોમાં એક તત્ત્વ સામાન્ય છે. સૉનેટ રચનાર કવિને એક વાતનું અનિવાર્ય બંધન છે અને તે એ કે ચૌદ લીટીમાં પોતાનું કાવ્ય પૂરું કરવાનું; એક લીટી વધારે ન લખાય કે ઓછી ય ન લખાય. આખા કાવ્યમાં એક જ વિચાર—એક જ ભાવ—હોવો જોઈએ.

[૨૫] અમર ઇતિહાસે

શિવસ્વરૂપ સૃષ્ટિ : મંગલમય, કલ્યાણકારી સૃષ્ટિ.

અખૂટ ઊલટે લક્ષ્ય રળવું : અખૂટ–ન ખૂટે એવી ઊલટથી, ઉત્સાહથી, લક્ષ્ય–ધ્યેય–સિદ્ધ કરવું, પ્રાપ્ત કરવું.

[૨૬] પ્રાણથી પ્યારો દેશ

અર્ધસંસાર : અડધો સંસાર; અડધી દુનિયા; પૂર્વના દેશો (જાપાન, ચીન, હિન્દ વગેરે) માટે અહીં સૂચન છે.

વ્યાસ : અઢાર પુરાણો, વેદો, મહાભારત ઇ. હિન્દુ ધર્મ અને તત્ત્વજ્ઞાનના સનાતન પુસ્તકોના પ્રણેતા.

તુલસી : હિન્દી રામાયણના મહાકવિ તુલશીદાસ.

[૨૭] ચિનગારી

ચકમક લોઢું ઘસતાં ઘસતાં : સંસારના ઝંઝાવાતોના વમળો વચ્ચે અથડાઈને આ દેહને ઘસી નાખ્યો.

ન સળગી : બધામાં ચેતન પ્રગટયું. માત્ર મારા આત્મારૂપી સગડી સળગી નહીં; મારા જ આત્મામાં ચેતનની ચિનગારી વસી નહીં.

મહાનલ : આ સૃષ્ટિના તત્ત્વો પ્રથમ અગ્નિમાંથી ઉત્પન્ન થયાં મનાય છે. માટે સૃષ્ટિનો સર્જનહાર તે મહાનલ–વૈશ્વાનર.

સ મા સ

સમાસ—બે અથવા વધારે પદ એકઠાં થઈને એક પદ બને છે તેને સમાસ કહે છે; જેમકે–પુણ્યશ્લોક, વિપ્રવાચા, જીવનવન, નળદમયંતી વગેરે. સામાન્ય રીતે સમાસમાં છેલ્લા પદને જાતિ, વચન ને વિભક્તિના પ્રત્યય લાગે છે.

વિગ્રહ—સામાસિક શબ્દમાં આવેલા શબ્દો–પદોને–છૂટા કરીને તેનો અર્થ સમજાવવો તેને વિગ્રહ કહેવામાં આવે છે.

સમાસના પ્રકાર—સામાસિક શબ્દમાંનાં પદો જુદી જુદી રીતે જોડાએલાં હોય છે તે ઉપરથી સમાસના પ્રકાર નીચે પ્રમાણે ઠરે છે:—

દ્વન્દ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ ને અવ્યયીભાવ.

<u>દ્વન્દ્વ</u> : દ્વન્દ્વ એટલે જોડકું. જે સમાસમાં બે કે વધારે પદ સરખા દરજ્જાનાં હોય તે સમાસ દ્વન્દ્વસમાસ કહેવાય છે. આ સમાસનો વિગ્રહ કરતાં પદોની વચ્ચે 'અને' મૂકાય છે.

દાખલા—ભાઈબહેન (ભાઈ અને બહેન), સુખદુ:ખ, રાજારાણી, ફળફૂલ, અન્નવસ્ત્ર, અહોનિશ વગેરે.

વૈકલ્પિકદ્વન્દ્વ—દ્વન્દ્વસમાસનો આ પેટાવિભાગ છે. એમાં વિકલ્પનો–અથવાનો–અર્થ રહેલો હોય છે.

દાખલા–પાંચસાત (પાંચ કે સાત), ત્રણચાર, વગેરે.

<u>તત્પુરુષ</u> : જે સમાસમાં પૂર્વપદ ઉત્તરપદની સાથે પ્રથમા સિવાય બીજી કોઈ વિભક્તિના સંબંધથી જોડાએલું હોય છે તે તત્પુરુષસમાસ કહેવાય છે.

દ્વિતીયા તત્પુરુષ—કૃષ્ણાશ્રિત (કૃષ્ણને આશ્રિત) ઇંદ્રિયાતીત, વગેરે.

તૃતીયા તત્પુરુષ—ક્ષુધાતુર (ક્ષુધા વડે આતુર) રસભર્યો (રસે–રસ વડે-ભર્યો), દિવ્યતૃષાતુર, વગેરે.

ચતુર્થી તત્પુરુષ—હયશાળા (હયને માટે શાળા); બ્રાહ્મણાર્થે (બ્રાહ્મણ–સારુ). અર્થ શબ્દની સાથેનો સમાસ હંમેશાં ચતુર્થી તત્પુરુષ ગણાય છે.

પંચમી તત્પુરુષ—પ્રાણપ્યારું (પ્રાણથી અધિક પ્યારું); ઋણમુક્ત (ઋણથી મુક્ત).

ષષ્ઠી તત્પુરુષ—ભીમકતનયા (ભીમકરાજાની છોકરી); નળાખ્યાન (નળનું આખ્યાન; નળની કથા), શરશબ્દ, પ્રેમપાશ, સત્યવાદી, પંકજપત્ર, દયાસિંધુ, વિપ્રવાચા, જગતનીમ, સુરવાટ, જીવનપ્રાણ, કરુણાનિધાન, હિંદુસ્થાન, હવિષ્યાન્ન, પ્રેમમંદિર, કદળીસ્તંભ, પ્રાણદાન, નૂપુરનાદ, વિધિકોલ, ભાગ્યબોલ.

મધ્યરાત્ર–મધરાત, મધ્યાહ્ન, આ શબ્દો એકદેશી સમાસ કહેવાય છે અને એ ષ. ત. નો એક પ્રકાર છે.

સપ્તમી તત્પુરુષ—કર્મશૂર, ધર્મશૂર, દીનદયાળ (દીનને વિષે દયાળ), શાસ્ત્રનિપુણ, ધર્મચુસ્ત.

અલુક્ સમાસ—જે સમાસમાં પૂર્વપદનો વિભક્તિપ્રત્યય કાયમ રહે છે; તેનો લુક્–લોપ થતો નથી, એને અલુક્ સમાસ કહેવામાં આવે છે. યુધિષ્ઠિર (યુધિ–યુધ્નું સાતમીનું એકવચન: યુદ્ધમાં સ્થિર. ‘સ્થિર’ શબ્દના ‘સ’નો ‘ષ’ થઈ ‘થ’ નો ‘ઠ’ થયો છે.) સરસિજ, વગેરે.

ઉપપદ સમાસ—આ તત્પુરુષ સમાસનો એક પ્રકાર છે. અને એમાં ધાતુ ઉપરથી સાધિત થએલા ભાગ સાથે મોટે ભાગે દ્વિતીયાન્ત પદ સમાસ પામે છે.

હુતાશન (હુત–હોમેલું અશન કરનાર–ખાનાર), પ્રેમદા (પ્રેમને આપનાર), અંબુજ, ગિરિધર (ગિરિને ધારણ કરનાર), અમર, પૂર્વજ, વસુધા (વસુને ધરનાર), વિષધર, અનુસર.

<u>કર્મધારય</u>: આ એક પ્રકારનો તત્પુરુષ સમાસ છે. તત્પુરુષ સમાસમાં ને કર્મધારયમાં ફેર એટલો જ કે તત્પુરુષમાં પહેલું ને બીજું બંને પદ મુખ્ય હોઈને તે બેનો સંબંધ વિભક્તિ વડે થએલો હોય છે; પણ કર્મધારયમાં વિશેષણવિશેષ્યભાવ પહેલા ને બીજા પદમાં રહેલો છે. એનું પહેલું પદ વિશેષણ હોય કે વિશેષણના ભાવમાં વપરાતું નામ હોય. પહેલું પદ નામ હોય ત્યાં વિગ્રહ કરતી વખતે, પહેલા શબ્દ પછી જેવું, જે, વગેરે શબ્દ વાપરીએ છીએ અને બીજા શબ્દને વિશેષ્ય જેવો કરીએ છીએ.

દાખલા: મહાદેવ, મહાનલ, મહાસિદ્ધિ, પીતાંબર (પીળું વસ્ત્ર), નરસિંહ (સિંહ જેવો નર), ઇંદ્રજાલરચના, વદનકમળ (વદન રૂપી કમલ), જીવનવન (જીવનરૂપી વન), હસ્તકમળ, કવિતનૂપુર, ભ્રુકુટીધનુષ.

દ્વિગુસમાસ: આ કર્મધારય સમાસનો પેટાભાગ છે. જ્યારે કર્મધારયનું પૂર્વપદ–પહેલું પદ–સંખ્યાવાચક વિશેષણ હોય છે, ત્યારે તેને દ્વિગુસમાસ કહે છે. ત્રિભુવન (ત્રણ ભુવનનો સમૂહ: સ્વર્ગ, મૃત્યુ ને પાતાલ), (સપ્તર્ષિ) સપ્તઋષિ, ચોહોદશ (ચોદશ) ચતુર્યુગ, ત્રિલોક, સપ્તદ્વીપ, ચોમાસું, સપ્તસિંધુ.

નઞ્ તત્પુરુષ—જે સમાસમાં પૂર્વપદ નકારવાચક 'અ' કે 'અન્' હોય છે તે નઞ્ ત૦ કહેવાય છે. અણુઘટતું, અણચિંતવ્યું અયોગ્ય, અગાધ, અગોચર, વગેરે.

બહુવ્રીહિ—જે સમાસમાં પૂર્વપદ વિશેષણ અને ઉત્તરપદ નામ હોય ને તે આખો સમાસ વિશેષણ તરીકે વપરાયો હોય તે બહુવ્રીહિ સમાસ કહેવાય છે. 'બહુવ્રીહિ' એ શબ્દ બહુવ્રીહિ સમાસ છે. બહુ છે વ્રીહિ જેની પાસે એવો (પુરુષ) એમ એ સમાસનો અર્થ થાય છે. પ્રમદા (પ્રકૃષ્ટ છે મદ જેને) પુણ્યશ્લોક (પુણ્ય, પવિત્ર છે શ્લોક—નામ જેનું, નળ), નળાખ્યાન (નળનું આખ્યાન જેમાં કર્યું છે તે પુસ્તક), સ્વયંવર (સ્વયં—જાતે વરે છે કન્યા જેમાં તે), કોકિલસ્વરી, સારંગપાણિ, પીતાંબર (પીળું છે અંબર—વસ્ત્ર જેનું—શ્રીકૃષ્ણ) વગેરે. 'સ' કે 'હ' જેનું પૂર્વપદ હોય એવા સમાસ બહુવ્રીહિ હોય છે; જેમકે સહૃદય (હૃદય સહ), સરસ (રસ સહ), સાવધાન, સત્વર, વગેરે.

પ્રાદિબહુવ્રીહિ અને નઞ્બહુવ્રીહિ—પ્રાદિતત્પુરુષ અને નઞ્ તત્પુરુષની પેઠે જે સમાસોની પૂર્વે 'પ્ર' 'પરા' વગેરે અને 'અ' 'અન્' વગેરે પ્રત્યયો હોઈ બહુવ્રીહિ સમાસ હોય છે તેઓ અનુક્રમે પ્રા. બા. અને ન. બ. કહેવાય છે. જેમકે કુમતિ, નિઃશંક (નિર્ગત છે શંકા જેમાંથી એવું); નિર્જન (નિર્ગત છે જન જેમાંથી એવું; માણસ વિનાનું); અનાથ, અનુપમ (નથી ઉપમા જેની એવું).

કર્મધારય અને બહુવ્રીહિ—કર્મધારયની પેઠે બહુવ્રીહિ સમાસમાં પણ પૂર્વપદ વિશેષણુ અને ઉત્તરપદ વિશેષ્ય હોય છે. પરંતુ કર્મધારય સમાસવાળું આખું પદ અન્ય કોઈ પદનું વિશેષણુ હોતું નથી ત્યારે બહુવ્રીહિ સમાસમાં તો આખું પદ અન્ય પદનું વિશેષણુ હોય છે. જેમકેઃ

મહાબાહુ (મોટો હાથ) આ કર્મધારય છે કારણુ કે પૂર્વપદ 'મહા' એ ઉત્તરપદ 'બાહુ'નું વિશેષણુ છે અને આખું પદ નામ છે.

'મહાબાહુ રાજા' (મોટો છે બાહુ જેનો એવો), રાજા કેવો તો કે 'મહાબાહુ'. અહીંઆ 'મહાબાહુ' આખું પદ વિશેષણુ તરીકે વપરાયું છે. અને રાજા પદનો એ વધારો બતાવે છે. એવી જ રીતે મહામતિ, મહાભાગ્ય, શબ્દોનો પણુ વિગ્રહ કરી શકાશે.

<u>અવ્યયીભાવ</u>: જે સમાસમાં પૂર્વપદ અવ્યય હોય અને આખો સમાસ અવ્યય તરીકે વપરાયો હોય તે સમાસ અવ્યયીભાવ કહેવાય છે.

યથાવિધિ (વિધિ પ્રમાણે) યથાશક્તિ (શક્તિ પ્રમાણે), પ્રતિદિન, પ્રતિવર્ષ ઈ.

શ • બ્દ • કો • શ

અટણ પ્રવાસ; ભ્રમણ.

અણુવટ સ્ત્રીઓના પગના અંગુઠાનું ઘરેણું.

અભ્ર વાદળું.

અરગજા એક જાતની સુગંધીદાર પીળી ભૂકી.

અરાંપરાં [અરુંપરું] આમતેમ; આગળ પાછળ.

અર્ક સૂર્ય.

અરિષ્યા ઈર્ષ્યા; અદેખાઈ.

અલક કેશ; ચોટલો.

અલેખે લેખાં વગરનાં; ગણતરી વગરનાં; અગણિત.

અવળ [અવલ] ઉત્તમ, સારું.

અહરોપહરો [અરોપરો] જુઓ અરુપરું.

અંડ બ્રહ્માંડ.

અંતરિયાળ અધવચ.

અંબાર ઢગલો; ભંડાર.

આપ શરીર.

આમાન [આમાન્ન] બ્રાહ્મણને અપાતું કાચું અનાજ.

ઉચાટ ચિંતા; ફીકર; અધીરાઈ.

ઉદ્યોત પ્રકાશ; તેજ;

ઉધડકવું હૃદયનું થડકવું; મૂંજવું.

ઉફરાટી [ઉપરાટી] પાસાભેર; અવળી; ઊંધી.

ઉલ્કા આકાશનો અગ્નિ; ખરતો તારો.

ઉવાટે ખોટે રસ્તે; આડે રસ્તે.

ઉવેખવું ઉપેક્ષા કરવી; તુચ્છકારવું.

ઓજસ બળ; પરાક્રમ; ચૈતન્ય.

ઓરુ નજીક; પાસે.

ઓસરવું (અપ + સૃ) પાછું ખસવું.

ઓહોલાસી ઉલ્લાસવું—હરખાવું; પ્રફુલ્લિત થવું.

કદરજ કંજુસ

કરતુ કૃત્ય; કર્મ.

કરાડ ખડક; ઊંડા ખાડાની ઊભી કોર; ભેખડ.

કલત્ર પત્ની; સ્ત્રી.

કળિયુગ [કલિયુગ] ચાર યુગો (સત્ય ત્રેતા, દ્વાપર ને કલિ)માંનો છેલ્લો યુગ; અધર્મનો સમય.

કંથા ચીંથરાનું બનાવેલું વસ્ત્ર; ગોદડી; કામળો.

કાચકી ગળાની બારી આગળ થતો એક રોગ; સંકડામણ; મુશ્કેલી.

કાતું બૂઠી છરી; પાળી.
કામણગારું કામણ કરે એવું; મોહ પમાડે એવું.
કારમું અદ્દ્ભુત; કોમળ.
કીર પોપટ.
કુત્સિત ધિક્કારવાયોગ્ય; નિંદીત; નીચ; અધમ.
કુંભીપાક એક નરક, જેમાં પાપી-દુષ્ટ લોકોને કુંભારનાં માટીનાં વાસણની માફક પકવવામાં આવે છે — તપાવવામાં આવે છે.
કોતર જમીન કે પર્વતનો ઊંડો, પહોળો ખાડો; ખીણ.
કોશીસું [કોસીસું] કોટ ઉપરનું શોભાનું નાનું શિખર.
કૃત્યા મેલી દેવી; ડાકણ; જાદુ કરનારી સ્ત્રી; કર્કશા.
કૃષ્ણાગાર [કૃષ્ણગારુ] કાળું અગરુ—એક જાતનું સુગંધીદાર લાકડું.

ખંજન એક જાતનું પક્ષી; એને ઘણી લાંબી પૂછડી હોય છે, ને તે વારંવાર હાલ્યા કરે છે.
ખાંત લાલસા; તૃષ્ણા.
ખેહ ધૂળ; રજ.
ખોહ ખો, કોતર; ખીણ.

ગજમુક્તા હાથીના કુંભસ્થળમાંનાં મોતી.
ગળસ્થળ ગાલનો ભાગ.
ગળુબંધ ગળાનું ઘરેણું.
ગલોઠાં ગાલ.
ગાથા કથા; છંદબદ્ધ—ગાઈ શકાય એવી વાર્તા.

ઘોહ [ઘો] ગરોળીના આકારનું એક ઝેરી પ્રાણી.

ચિબુક હડપચીની વચમાંનો છાછરો ખાડો.
ચેહ ચિતા.

છવાવું ફેલાવું.
છાંડવું તજવું.
છોગાળો છેલછબીલો; ફાંકડો; ફક્કડ; શોખીન.

જંત્ર એક જાતનું તંતુવાદ્ય; તારનું વાજીંત્ર.
જાનું ઘૂંટણ.
જીવાંતક પક્ષીઓને પકડનાર; પારધી;
જોગણી ઈશ્વરશક્તિનાં કલ્પેલાં ૬૪ સ્ત્રીરૂપોમાંનું એક.
જ્યેષ્ટિકાદાર જેષ્ટિકા – લાકડી-વાળો; છડીદાર; પ્રતિહાર.

ઝાલ કાનનું એક આભૂષણ.

ડૂંપવું મૂળમાંથી ઉખેડવું જેથી કાઢવું.

ઢીમર માછી.

ઢૂંકવું નજીક જવું.

તસ્કર ચોર.

તોરી તોરવાળું; મીજાજી. અહીં: તોફાની.

તુઠવું રીઝવું; પ્રસન્ન થવું.

દવાડ દવ દાવાનળ.

દંતાળી પંજેટી; ખેતીનું ઓજાર.

દાદુર દેડકો.

દામણી [દામિની] વીજળી.

દામણું દયામણું; ગરીબડું; ઓશિયાળું; પરવશ.

દારુણ ભયાનક.

દિવ્યકાય દિવ્ય—અદ્ભુત પ્રકાશમાન-કાયાવાળું.

દુંદુભિ એક જાતનું નગારું; ભેરી.

દોહ્યલું અઘરું; મુશ્કેલ.

ધણ ગાયોનું ટોળું.

ધરિત્રી પૃથ્વી.

નાણવું તપાસવું; અજમાવી જોવું.

નિઘોષ એક સમર્થ રાજા.

નિરવાટ વાટ વિનાનું; રસ્તા વિનાનું.

નિરંજન દોષ વિનાના.

નિવર્તવું ટળવું; મરવું.

નેટ નક્કી.

પરજળવું ચેતવું; બળવું.

પરઠવું કિંમત ઠેરવવી; નક્કી કરવું.

પરિતાપ સંતાપ.

પરિધાન પહેરવું તે.

પર્વ પવિત્ર દિવસ; આનંદનો દિવસ.

પળી [પળિયું] પાકીને ધોળો થએલો વાળ.

પાવક અગ્નિ.

પીત પીળું.

પિયર માતાનું ઘર.

પુણ્યશ્લોક રૂડી છે કીર્તિ જેની એવા; આ શબ્દ નળ, રામ, તથા યુધિષ્ઠિરને માટે વપરાય છે.

પોઠી બળદ; વૃષભ.

પોણ પણ; પ્રતિજ્ઞા; રમવાની શરત.

પોયણપાન કમળનું પાંદડું.

પ્રક્ષાલન (પ્ર+ક્ષલ ધોવું; સાફ કરવું) ધોવું તે.

પ્રતિબોધ જ્ઞાન, ઉપદેશ; (પા.૪૭) ધીરજ; આશ્વાસન

પ્રણિપત લાંબા છટ પડીને પ્રણામ કરવા તે; કાલાવાલા; આજીજી.

પ્રીછ ઓળખ; સમજણ.

પ્રેમપાશ પ્રેમરૂપી પાશ—બંધન-જાળ ફાંસો.

પૂર્ણાહુતિ યજ્ઞ અથવા કોઈ કાર્યની સમાપ્તિની ક્રિયા.

ફદૂં જળ.

ફાલુ એક જાતનું શિયાળ.

ફૂલેલ સુગંધીદાર તેલ.

ફોફળ સોપારી.

બંદણી [બંદીજન] વખાણ કરનાર, ભાટ ચારણ.

બાજુબંધ કોણી ઉપર પહેરવાનું ઘરેણું

બાહુઆં [બાહુલું] બાપડું; રાંકડું; માબાપથી વિખૂટાં પડીને ગરીબડાં બનનાર બાળકોને સારુ હેતથી વપરાએલું સંબોધન.

ભાવન વખાણ; કીર્તિ.

ભૂર મૂર્ખ; લુચ્ચા.

ભેરીનાદ ભેરીનો નાદ; નગારાનો-નોબતનો અવાજ.

ભ્રાંત ભ્રાંતિ-ભ્રમ, ખોટો ખ્યાલ; શક, વહેમ.

મધુસૂદન મધુદૈત્યને મારનાર; વિષ્ણુનું એક નામ.

મહિયર પિયર.

મામ માયા, મમતા, (પા. ૪૭) ધૈર્ય; દૃઢતા.

મુક્તાપરજંન [મુક્તાપર્જન્ય] મોતીનો વરસાદ.

મૂર્તિમંત મૂર્તિમાન; આકાર; સાક્ષાત.

મેગલ હાથી.

મેવાસ ચોર લૂંટારાના વસવાટવાળો જંગલી પ્રદેશ.

મોઝાર માં; મધ્યે.

રગિયો હઠીલો; પોતે રાખેલી આશાને વળગી રહેનાર.

રસના જીભ

રસાતાળ [રસાતળ] સાત પાતાળોમાં પાંચમું પાતાળ.

રીર રાડ; બૂમ.

રૂદ્ર મહાદેવ (૨) ભયાનક.

રોધિ [રોધ] અટકાવ, અંતરાય.

લક્ષ્ય ધ્યેય.

લગની રઢ; લહે; લત.

લહેવું સરજવું; પીછાનવું.

લીહ હદ

લોહવું લૂછવું.

વરવું કદરૂપું; બેડોળ.

વરાંસવું ભરોસે ભૂલવું.

વટેમારુ વટેમાર્ગુ; મુસાફર.

વર્તવું ચાલવું; ગુજરાન ચલાવવું.

વસન વસ્ત્ર.

વહરાડવું વરાડ પડાવવો; ભાગ પડાવવો; તકરાર કરાવવી.

વહવાવું છેતરવું; ઠગવું.

વહાવું સમજાવવું; પટાવવું; છેતરાવું.

વળૂંધવું વળગવું; પેધવું; પળકવું.

વાછળ [વાછલ] વહાલ; વાત્સલ્ય,

વાડવ બ્રાહ્મણ.

વાધાવેધ ભાંજગડ; હોંસાતોંસી; સરસાઈ.

વાસવ ઈન્દ્ર

વાચક વેણ; વાક્ય.

વિમાસણ વિમાસવું તે; પાછળથી શોક કરવો તે; પસ્તાવો

વિષાદ ખેદ; નિરાશા.

વિશદ નિર્મળ.

વિલાવું કરમાવું; પીગળવું; નાશ પામવું;

વિલીન થવું લીન થઈ જવું; લય પામવું; નાશ પામવું; બીજામા ભળી જવું

વિહંગમ પક્ષી.

વૃષભ પોઠિયો.

વેહ્ય [વ્હેલ] વાહન; રથ.

વેણુ રેતી; ધૂળ.

વ્યાકુળ ગાભરું; બાવરું; ગભરાએલું.

વ્યાધી [વ્યાધ] પારધી.

વ્યાળ [વ્યાલ] સાપ; ચિત્તો; વાઘ; અજગર.

શકટ ગાડું.

શાકિણી [શાકિની] દુર્ગાના ગણમાંની એક પિશાચી કે દેવી.

શીશફૂલ માથે પહેરવાનું એક આભૂષણ.

શીંગી શિંગડું; શિંગડાના આકારનું એક વાદ્ય; રણશિંગડું.

શેરડી સાંકડો રસ્તો; પગથી; પગવાટ

શોણિત લોહી.

શ્રીકાર સરસ; સુંદર; મજેનું; શોભાયમાન (શ્રી=શોભા + કાર=કરનાર.)

સહિયારું ભેગું,

સલિલા સરિતા; નદી.

સંચ યુક્તિ; તજવીજ.

સંધું સઘળું; તમામ.

સંપન્ન શ્રીમાન; વૈભવશાળી.

સંવાય [સમવાય] સમૂહ; સમુદાય.

સાવજ વાઘ, વનનું બિહામણું પ્રાણી

સાસોટ શ્વાસભેર; હાંફતાંહાંફતાં.

સીઝવું પાર પડવું; સિદ્ધ થવું.

હવિષ્યાન્ન યજ્ઞ કે ઉપવાસના દિવસોમાં ખાઈ શકાય એવો ખોરાક.

હળફળવું ઉસ્કેરાવું; ખળભળવું; ગાભરા બનવું.

હુતદ્રવ્ય હોમવાની વસ્તુ; બલિ.

હુતાશન અગ્નિ.

હેલ પાણીનું બેડું;(૨) ભાર; બોજો.

શુદ્ધિપત્રક

[નોંધ : છાપતી વેળા કેટલાક શબ્દોનાં અનુસ્વર, રેફાઈ, ઊડી ગયાં છે. કેટલાક સામાસિક શબ્દોનાં પદો છૂટાં છપાયાં છે. આવી સામાન્ય ભૂલો સુધારીને વાંચવા વિનતિ છે.]

	પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
નિબંધ:	૫	૬	શ્રધ્ધા	શ્રદ્ધા
	૨૫	૬	બનેલા જના	બનેલા, જૂના
	૨૯	૧૩	ઓળખાતું	ઓળખતું
	૩૪	૭	લોકાપ્રય	લોકપ્રિય
	૩૫	૧૫	ધંધાથ	ધંધાર્થે
	૩૬	૭	જનાગઢમાં	જૂનાગઢમાં
	૪૧	૧૬	'ઝીરીન ગીત'	'ઝીરીનાં ગીત'
	૪૧	૧૮	પડયો	પાડયો
નળાખ્યાન:	૧૯	૮	કાળ	કાઢ
	૩૦	૬	વહૂનિ વદના	વહૂનિવેદના
	૩૫	૧૨	છટા	છૂટા
	૩૮	૨૦	દેખા	દેખો
	૪૦	૧૯	હાંડે	હીંડે
	૪૮	૩	નહા	નહીં
	૫૨	૬	એક અકપે	એકએકપે
	૫૮	૧	ધત	ધૂત
બીજાં કાવ્યો:	૮૯	૯	વીસારી	વિસારી
	૯૮	મથાળુ	મઢલી	મઢૂલી
	૯૮	૧૦	વ્હલાં	વ્હાલાં
	૧૦૯	૧	લાજે	લાજ
ટિપ્પણ:	૮	૮	પશ્ચાતાપ	પશ્ચાત્તાપ
	૧૨	૯	સાબીતી	સાબિતી
	૧૬	૮	રાજ્યમાં	રાજ્યના
	૨૮	૬	અનુસર	અનુચર

આ સંગ્રહ રૂપેરંગે શોભીતો અને વિષયોની ચૂંટણી તથા ગોઠવણીમાં નવીનતાવાળો છે.

ઇશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ
હેડમાસ્તર, સાર્વજનિક હાઇસ્કૂલ સૂરત.

...

The passages are nearly all good specimens of prose and verse, full of beauty and power, which young pupils mights study with considerable pleasure and profit.

B. V. Dalal
Head Master, R. C. High School,
Ahmedabad.

...

'જાણીતા કવિઓ તથા લેખકોનો સત્કાર કરવાની સાથે જાણીતા થવાની યોગ્યતાવાળા નવીન લેખકોને પણ આદર આપ્યો છે તે કેવળ દાક્ષિણ્યવૃત્તિથી નહિ પણ પસંદ કરેલાં કાવ્યો વગેરે જોતાં, ગુણદર્શનના માપથી જ થયું છે...'

નરસિંહરાવ ભોળાનાથ
ગૂજરાતીના અધ્યાપક, એલફીન્સ્ટન કોલેજ, મુંબાઈ.

...

શાળોપયોગી સાહિત્યમાળાના હોઈ શકે એવા ત્રણ હેતુઓ–શિષ્ટ ગુજરાતી શીખવવાનું સાધન થવું, સાહિત્યના ઘણાં રૂપોનો પરિચય કરાવવો, અને કુમળી ભાવનાઓ પોષવી સાહિત્યમુકુરદ્વારા સધાશે...વાત કરવાની ઢબે કરેલાં ટિપ્પણને પણ સાંકળવાની રીત સંગ્રહની યોજનાને નનેમૂદાર બનાવે છે.

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી
અધ્યાપક, સાર્વજનિક કોલેજ, સૂરત.

સા હિ ત્ય મુ કુ ર ના

બીજા બે વિભાગો ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે.